# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
કંગનાએ એક્ટ્રેસની સરખામણી હિમાચલની મહિલાઓ સાથે કરી



પેજ-09
IND vs AUS: મેલબોર્નમાં ભારતની શરમજનક હાર, રોહિત શર્મા લેશે સંન્યાસ...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 26.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |


પેજ 5




PF એકાઉન્ટ બેલેન્સ કેટલુ, ઘરે બેઠા ચેક કરો તમારા PFનું બેલેન્સ, જાણો...


31 DECEMBER-2024 TUESDAY


અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું નિધન: 100 વર્ષની ઉંમરે...




પેજ 10


**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 78248.13 | ▼ | 450.94 |
| નિફ્ટી | 23644.90 | ▼ | 168.50 |
| સોનું | 76153.00 | ▼ | 391.00 |
| ચાંદી | 87288.00 | ▼ | 1599.00 |


વર્ષ-14 I અંક-044 I વિક્રમ સંવત-2081 I પોષ સુદ-01 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક







### કોલેજિયમમાં નામ આગળ ન વધારવા અંગે સુપ્રિમની વિચારણા

# હવે જજનો દીકરો જજ નહીં બને શકે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકને લઈને ઘણી વખત એવી છાપ ઊભી થઈ છે કે પસંદગી પ્રક્રિયામાં પ્રથમ પેઢીના વકીલોને મહત્તવ આપવામાં આવતું નથી. તેના બદલે, જે લોકો બીજી પેઢીના વકીલો છે અને જેમના પરિવારના સભ્યો પહેલેથી જ જજ છે તેઓને જજ તરીકે બઢતી આપવામાં આવે છે. હવે આ ધારણાને ખતમ કરવાની પહેલ કોલેજિયમ તરફથી આવી શકે છે.

અહેવાલ અનુસાર, કોલેજિયમ એવા લોકોના નામ આગળ મૂકવાથી બચશે, જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ પહેલાથી જ હાઈકોર્ટ અથવા સુપ્રીમકોર્ટના જજ છે. જો આમ થશે તો કોલેજિયમ દ્વારા જજોની પસંદગી કરવાની પ્રક્રિયામાં મોટો ફેરફાર થશે. ન્યાયાધીશોમાં મોટી સંખ્યામાં એવા લોકો છે જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ ભૂતકાળમાં પણ કાયદાકીય વ્યવસાય સાથે જોડાયેલા છે.



**■ સુપ્રીમ કોર્ટ વિરામ મૂકશે...**

સુપ્રીમ કોર્ટ કોલેજિયમ હવે આ સિસ્ટમનો અંત લાવવાની તૈયારી કરી રહ્યું છે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમ એ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું છે કે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત અથવા વર્તમાન ન્યાયાધીશના પરિવારમાંથી કોઈપણ વકીલના નામની જજ પદ માટે ભલામણ કરવામાં આવશે નહીં. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, કોલેજિયમની બેઠક દરમિયાન કોલેજિયમના એક સભ્યએ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે લોકોમાં સામાન્ય માન્યતા છે કે ન્યાયાધીશોના સંબંધી વકીલોને પ્રથમ પેઢીના વકીલો (જેમના પરિવારમાં કોઈ ન્યાયાધીશ નથી) કરતાં વધુ પ્રાધાન્ય મળે છે.

**50 ટકા જજ સાથે સંબંધિત નીકળ્યા...** હાઈકોર્ટમાં નિમણૂક પામેલા જજો અને સુપ્રીમ કોર્ટમાં આવતા જજોની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો આ આરોપ પણ સાચો લાગે છે, કારણ કે મોટાભાગના જજોના પરિવારમાં પહેલાથી જ જજ હોય છે. કોઈના પિતા ન્યાયાધીશ છે, કોઈના કાકા ન્યાયાધીશ છે અથવા કોઈના નજીકના સંબંધીઓ ન્યાયાધીશ છે. NJAC કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં ખુલાસો થયો હતો કે હાઈકોર્ટના લગભગ 50 ટકા જજ સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના જજના સંબંધી છે.

**ભાજપનો આરોપ** | મનમોહન સિંહના મૃત્યુનો મલાજો ના રાખ્યો

## રાહુલ ગાંધી રાષ્ટ્રીય શોક વચ્ચે વિદેશ ફરવા જતા રહ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ડૉ. મનમોહન સિંહના નિધન પર દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક પાળવામાં આવી રહ્યો છે. દેશવિદેશના મહાનુભાવો તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. એવા સમયે કૉંગ્રેસ અને ભાજપ વચ્ચેનો વિવાદ અટકવાનું નામ નથી લઇ રહ્યો. કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે તેમના અંતિમ સંસ્કાર દરમિયાન અનાદર અને ગેરવહીવટ થયો હતો. ભાજપે તેમના આક્ષેપો પાયાવિહોણા ગણાવ્યા હતા. હવે પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહના અસ્થિ વિસર્જન સમયે કૉંગ્રેસના નેતાઓ ગેરહાજર હોવા અંગે ભાજપે પ્રહારો કર્યા છે. ભાજપના નેતા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું છે કે રાહુલ ગાંધી રાષ્ટ્રીય શોક વચ્ચે વિદેશ ગયા છે. તેમણે રાહુલ ગાંધીની 'વિદેશ યાત્રા' પર સવાલ ઉઠાવ્યા છે.



**ભાજપના IT સેલના વડા અમિત માલવિયાએ** જણાવ્યું હતું કે મનમોહન સિંહના નિધન પર દેશભરમાં શોક છે ત્યારે રાહુલ ગાંધી નવું વર્ષ માણવા વિયેતનામ ગયા છે. પોતાની રાજકીય સગવડતા માટે તેમણે ડૉ. મનમોહન સિંહના મૃત્યુ પર રાજનીતિ કરી છે, પરંતુ તેમની નફરત લોકોને જોવા મળી રહી છે. ગાંધી પરિવાર અને કોંગ્રેસ શીખોને નફરત કરે છે.

## દિલ્હી-કાશ્મીરને જોડતી 5 નવી આધુનિક ટ્રેનો શરૂ કરાશે, PM મોદી ભેટ આપશે

**■ આ ટ્રેનોમાં હીટિંગ સિસ્ટમ લગાવાશે, દરેક ટ્રેનમાં 22 કોચ હશે**

(એજન્સી) નવી દિલ્હી | તા.30

PM મોદી જાન્યુઆરીમાં પાંચ નવી આધુનિક ટ્રેનો ભેટ આપવા જઈ રહ્યા છે. દિલ્હી અને કાશ્મીરને જોડતી પાંચ ટ્રેનો શરૂ કરશે. આ ટ્રેનો કાશ્મીરના હવામાનને ધ્યાનમાં રાખીને ઓનબોર્ડ હીટિંગ સિસ્ટમથી સજ્જ હશે. આવી સ્થિતિમાં, આ ટ્રેનો માત્ર તકનીકી રીતે જ અદ્યતન નથી, પરંતુ કાશ્મીરના ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને તેને ખાસ રીતે ડિઝાઈન કરવામાં આવી છે. કાશ્મીરના ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને, આ ટ્રેનોમાં હીટિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે, જેથી મુસાફરો શિયાળામાં પણ આરામદાયક મુસાફરીનો અનુભવ કરી શકે. રેલ્વેની આ પહેલ માત્ર પરિવહનને સરળ બનાવશે નહીં પરંતુ કાશ્મીર ખીણમાં પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. ટ્રેનો બરફથી ઢંકાયેલા વિસ્તારોમાંથી પસાર થશે અને સુવિધા માટે ઓનબોર્ડ હીટિંગ સિસ્ટમથી સજ્જ હશે. હીટિંગ સિસ્ટમ સબ-ઝીરો તાપમાનમાં પણ કોચને ગરમ અને આરામદાયક બનાવશે.



### દિલ્હી ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીની મોટી જાહેરાત

# પૂજારીઓ - ગ્રંથીઓને દર મહિને રૂ. 18000 મળશે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલે દિલ્હીવાસીઓ માટે વધુ એક યોજનાની જાહેરાત કરી છે. વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે મોટી યોજનાઓ જાહેર કર્યા બાદ કેજરીવાલે મંદિરના પૂજારીઓ અને ગુરૂદ્વારાઓના ગ્રંથીઓ માટે પૂજારી અને ગ્રંથી સન્માન યોજના જાહેર કરી છે. આ અંગે અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, 'આજે હું વધુ એક મહત્ત્વની જાહેરાત કરવા જઈ રહ્યો છું. આ યોજનાનું નામ છે પૂજારી ગ્રંથી સન્માન યોજના. મંદિરોના પૂજારીઓ અને ગુરૂદ્વારાઓના ગ્રંથીઓને સન્માન આપવાની જોગવાઈ હેઠળ દર મહિને સહાય પેટે રૂ. 18000 અપાશે. દેશમાં પ્રથમ વખત પૂજારી વર્ગ માટે નાણાકીય સહાય આપતી યોજના જાહેર થઈ છે. પેઢી દર પેઢી કર્મકાંડ કરતાં પૂજારીઓ અને તેમના પરિવાર પ્રત્યે આપણે ક્યારેય ધ્યાન આપ્યું નથી.'



**31 ડિસેમ્બરથી જ નોંધણી શરૂ કરી દેવાશે**

કેજરીવાલે જણાવ્યું કે, આ યોજના માટે આવતીકાલે 31 ડિસેમ્બરથી નોંધણી શરૂ થશે. કનોટ પ્લેસના હનુમાન મંદિરના પૂજારીઓની નોંધણી કરાવીને આ યોજનાનો શુભારંભ કરાશે. ત્યારબાદ દિલ્હીના તમામ મંદિરો અને ગુરૂદ્વારાઓમાં નોંધણી પ્રક્રિયા શરૂ થશે.

**યોજના નહીં અટકાવવાની પણ ભાજપને ચીમકી**

યોજનાની જાહેરાત કરતાં કેજરીવાલે કહ્યું કે, 'અગાઉ મહિલા સન્માન યોજનાની જાહેરાત બાદ ભાજપ કાર્યકરોએ તેની નોંધણી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, હવે તમે પૂજારીઓ અને ગ્રંથીઓની આ યોજના અટકાવવાનો પ્રયાસ ના કરતા. નહીં તો પાપ લાગશે અને પૂજારીઓ અને ગ્રંથીઓની પણ બદદુઆ મળશે. દિલ્હીમાં ચૂંટણી પહેલાં કેજરીવાલે મહિલા સન્માન યોજના અને સંજીવની યોજના જાહેર કરી હતી.

## સ્ટેડિયમમાં VIP ગેલેરીમાંથી 15 ફૂટ નીચે પડ્યા કોંગ્રેસના મહિલા ધારાસભ્ય

(એજન્સી) તિરુવનંતપુરમ | તા.30



કેરળમાં કોંગ્રેસના ધારાસભ્ય ઉમા થોમસ એક સ્ટેડિયમની VIP ગેલેરીથી 15 ફૂટ નીચે પડી ગયા. તેનાથી તેમને ગંભીર ઈજા પહોંચી છે. દુર્ઘટનાના તાત્કાલિક બાદ તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. જ્યાં તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે તેમની હાલત ગંભીર છે. સીટી સ્કેન તપાસમાં જાણવા મળ્યું છે કે તેમના મગજમાં ઈજા પહોંચી છે અને ઘણી પાંસળીઓ તૂટી છે. તેમના ફેફસામાં અને માથા પર પણ ઈજા પહોંચી હતી. ઉમા થોમસ કેરળના થ્રીક્કાકારા વિધાનસભા વિસ્તારથી ધારાસભ્ય છે. તે 29 ડિસેમ્બરની સાંજે કોચ્ચિના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ પહોંચ્યા હતા. અહીં એક ડાન્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## 31stને લઇ દિલ્હીમાં કડક વ્યવસ્થા, 20,000 પોલીસકર્મીઓ તૈનાત રહેશે

(એજન્સી) તિરુવનંતપુરમ | તા.30



31stની પૂર્વ સંધ્યાએ ભારતની રાજધાનીની દિલ્હી પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે લગભગ 20,000 પોલીસ અને અર્ધલશ્કરી દળોને તૈનાત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ સોમવારે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાનીના સરહદી વિસ્તારોમાં પણ પોલીસે તૈનાતી વધારી દીધી છે. પોલીસે જણાવ્યું હતું કે ટ્રાફિક પોલીસ અને અર્ધલશ્કરી દળના કર્મચારીઓ સહિત લગભગ 20,000 પોલીસ કર્મચારીઓને બેકાબૂ વર્તન અને ટ્રાફિકના ઉલ્લંઘનને રોકવા માટે જમીન પર તૈનાત કરવામાં આવશે. દિલ્હી હરિયાણા અને ઉત્તર પ્રદેશની સરહદે છે અને રાજસ્થાનની નજીક છે.

## ભારતની તાકાતને સલામ કરશે સમુદ્ર! રક્ષા મંત્રાલયે બે કરારને આપી મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.30



સંરક્ષણ મંત્રાલયે 2,867 કરોડના બે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. 1,990 કરોડનો પ્રથમ કોન્ટ્રાક્ટ મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈને આપવામાં આવ્યો છે, જેમાં DRDO દ્વારા વિકસિત એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP) પ્લગનું ઉત્પાદન અને પરંપરાગત સબમરીનમાં એકીકરણનો સમાવેશ થાય છે. 877 કરોડના બીજા કરાર પર નેવલ ગ્રૂપ, ફ્રાન્સ સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયે સોમવારે નવી દિલ્હીમાં બે મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમની કુલ કિંમત 2,867 કરોડ છે. આ કરારો ભારતીય નૌકાદળની સબમરીનની ક્ષમતા વધારવા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યા છે.

**જમ્મુ-કાશ્મીર | આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટનો સૌથી મહત્વપૂર્ણ ભાગ**

# એફિલ ટાવર કરતાં પણ મોટો 'ચિનાબ બ્રિજ' તૈયાર

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.30

હવે જમ્મુ-કાશ્મીરમાં ખીણોની સાથે લોકો વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ એટલે કે ચેનાબ બ્રિજની પણ મજા લઈ શકશે. કમિશનર ઓફ રેલ્વે સેફ્ટી એ સોમવારે નિર્ણય લીધો હતો કે આ પુલનું 5 અને 6 જાન્યુઆરીએ નિરીક્ષણ કરવામાં આવશે. રેલ્વે મંત્રાલય અનુસાર, આ પુલ દેશના ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. આ જમ્મુ-કાશ્મીરને સમગ્ર ભારત સાથે રેલ માર્ગે જોડશે. રામબનથી રિયાસી સુધી ચેનાબ બ્રિજથી ટ્રેન સેવા શરૂ કરવામાં આવશે. રેલવે સેફ્ટી કમિશનર ડીસી દેશવાલ બે દિવસ સુધી આ બ્રિજનું સંપૂર્ણ નિરીક્ષણ કરશે. સુત્રોના જણાવ્યા અનુસાર સીઆરએસ રિપોર્ટ જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં પૂર્ણ થશે. ચિનાબ બ્રિજ માત્ર એક એન્જિનિયરિંગ અજાયબી નથી, પરંતુ તે જમ્મુ અને કાશ્મીરના આર્થિક અને સામાજિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.




**પુલ 359 મીટરની ઉંચાઈ પર બનાવાયો**

359 મીટરની ઊંચાઈ ધરાવતો ચિનાબ બ્રિજ એફિલ ટાવર કરતાં પણ ઊંચો છે. તેની લંબાઈ આશરે 1,315 મીટર છે, અને તે અર્ધ-ક્લાઈમ્બર્સ કમાન ડિઝાઈનમાં બનાવવામાં આવી છે. આ પુલ 30,000 મેટ્રિક ટન ઉચ્ચ ગુણવત્તાની સ્ટીલ અને કોંક્રીટથી બનાવવામાં આવ્યો છે. તેને 266 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનનો સામનો કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

**14,000 કરોડના ખર્ચે બનેલ પુલ**

આ પુલના નિર્માણમાં 14,000 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. ચિનાબ નદી પર બનેલો આ પુલ માત્ર તેની ભવ્યતા અને ઉંચાઈ માટે જ પ્રસિદ્ધ નથી, પરંતુ તેની ડિઝાઈન અને ટેકનિકલ વિશેષતાઓને કારણે પણ તે આખી દુનિયામાં પ્રખ્યાત છે. આ પુલ ભારતના રેલવે એન્જિનિયરિંગની કાર્યક્ષમતાનું પ્રતિક છે. ભારત અને વિદેશના લોકો પણ આને જોવા માટે આકર્ષિત થશે અને તેનાથી કાશ્મીરના પર્યટનની સુંદરતામાં વધારો થશે.

## રૂ.931 કરોડ સાથે નાયડુ સૌથી ધનિક CM, મમતા પાસે સૌથી ઓછી સંપત્તિ

**દેશના 31 CMની કુલ સંપત્તિ 1630 કરોડ રૂપિયા**

(એજન્સી) નવી દિલ્હી | તા.30

દેશમાં સૌથી અમીર અને ગરીબ મુખ્યમંત્રી કોણ, તે અંગે ઍસોસિયેશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સે સોમવારે એક રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટ મુજબ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સૌથી વધુ અમીર છે, જ્યારે પશ્ચિમ બંગાળના મુખ્મમંત્રી મમતા બેનર્જી સૌથી ઓછી સંપત્તિ ધરાવતાં મુખ્યમંત્રી છે. ચંદ્રબાબુ નાયડુ પાસે 931 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે અને તેઓ ભારતના સૌથી અમીર મુખ્યમંત્રી છે. જ્યારે મમતા બેનર્જી માત્ર 15 લાખ રૂપિયાની સંપત્તિ સાથે સૌથી ગરીબ મુખ્યમંત્રી છે. ADRના રિપોર્ટથી મુખ્યમંત્રીઓની સરેરાશ સંપત્તિ અને દેવાની પણ માહિતી સામે આવી છે. 2023-2024ના રિપોર્ટ મુજબ ભારતમાં વ્યક્તિ દીઠ આવક 1,85,854 રૂપિયા હતી, જ્યારે એક મુખ્યમંત્રીની સરેરાશ આવક 13,64,310 રૂપિયા છે. દેશના કુલ 31 મુખ્યમંત્રીઓની કુલ સંપત્તિ 1630 કરોડ રૂપિયા છે.



## વડોદરા ડિવિઝનના નવા ટાઈમ ટેબલ વિશે વિગતવાર માહિતી માટે આપેલ QR કોડ સ્કેન કરો

અમદાવાદ | પશ્ચિમ રેલવે રેલ યાત્રીઓ ના મુસાફરી અનુભવને બહેતર બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મુસાફરીનો સમય ઘટાડો અને વિસ્તૃત કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. પશ્ચિમ રેલ્વે મુસાફરોને અપીલ કરે છે કે મુસાફરી કરતી વખતે આ ફેરફારોને ધ્યાનમાં રાખો અને આ ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને રેલ ઈન્ક્વાયરી 139 અથવા www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે. પશ્ચિમ રેલવે રેલ યાત્રીઓ ના મુસાફરી અનુભવને બહેતર બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મુસાફરીનો સમય ઘટાડો અને વિસ્તૃત કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. પશ્ચિમ રેલ્વે મુસાફરોને અપીલ કરે છે કે મુસાફરી કરતી વખતે આ ફેરફારોને ધ્યાનમાં રાખો અને આ ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને રેલ ઈન્ક્વાયરી 139 અથવા www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને રાજભવનમાં રાજ્ય કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની પરિસ્થિતિની સમીક્ષા કરવા અને તેનો વ્યાપ વધારવા રાજ્ય કક્ષાની સમીક્ષા બેઠક આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને રાજભવન ખાતે યોજાઈ હતી. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સમીક્ષા બેઠકમાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની રચના કરીને પ્રાકૃતિક ખેતીને હવે 'ભારતનું મિશન' બનાવી દીધું છે. ભારતના પ્રત્યેક રાજ્યને પ્રાકૃતિક ખેતી મિશનમાં જોડ્યા છે. ગુજરાતે આ 'મિશન'નું નેતૃત્વ કરવાનું છે. તેમણે એમ પણ કહ્યું કે, સૌને સ્વાસ્થ્યપ્રદ અન્ન મળે એ આપણી નૈતિક જવાબદારી છે. પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી નથી, પણ સાચા અર્થમાં ભક્તિ છે. પર્યાવરણ, જન આરોગ્ય અને ભૂમિની ગુણવત્તા સુધારવાનો મહાયજ્ઞ છે. આ કામની જવાબદારી સંભાળતા સૌ કોઈએ પૂર્ણ પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વક આ કામમાં લાગવાનું છે. ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે,



જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તે પોતાનો ખેતી વિસ્તાર વધારે, પ્રાકૃતિક ખેત ઉત્પાદનો માટેની વેચાણ વ્યવસ્થા વધુ સુદૃઢ થાય, પ્રાકૃતિક ખેતી માટે અનિવાર્ય એવી દેશી ગાયની સંખ્યામાં વૃદ્ધિ થાય અને નસલમાં સુધારો થાય, પ્રાકૃતિક ખેતી કરવા ઉત્સુક ખેડૂતોને ગોબર-ગૌમુત્ર, જીવામૃત-ઘનજીવામૃત, બીજામૃત અને અન્ય પ્રાકૃતિક ઔષધો સરળતાથી ઉપલબ્ધ થાય, ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં નિયમિત સંશોધનો કરે અને તેના પરિણામો ખેડૂતો સમક્ષ રજૂ કરે એ માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અત્યંત મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું અને તંત્રને સૂચનાઓ પણ આપી હતી. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા પરિણામલક્ષી પ્રયત્નો પર વિશેષ ભાર મુકતાં કહ્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતી માટે ભારે મહેનત કરી રહ્યા છે. તેમની સાથે સૌએ સંયુક્ત રીતે 'મિશન મોડ' પર કામ કરવાનું છે. પ્રાકૃતિક ખેતી વાસ્તવિક અર્થમાં ખેડૂતો, સરકાર અને ભાવિપેઢી માટે ફાયદાકારક છે, તેમ જણાવીને મંત્રીએ કહ્યું કે, રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે કોઈ સૂચન હોય તો તેનો આવનારા બજેટમાં સમાવેશ કરી શકાય છે. મંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી દ્વારા વધુને વધુ ખેડૂતો લાભાન્વિત થાય અને રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો થાય તે અંગે આયોજનબદ્ધ કામ કરવા સૂચવ્યું હતું. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્મા, રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર મનીષકુમાર બંસલ પણ આ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત સચિવ પી.ડી.પલસાણા, આત્માના નિયામક એસ.કે.જોશી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. ના મેનેજીંગ ડિરેક્ટર પી.એસ.રબારી, પશુપાલન નિયામક ફાલ્ગુની ઠાકર, બાગાયત નિયામક સી.એમ. પટેલ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી.ચોવટિયા, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ આર. એમ.ચૌહાણ, આણંદ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો, કૃષિ-આત્મા વિભાગના અધિકારીઓ અને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પ્રતિનિધિઓએ તેમના દ્વારા પ્રાકૃતિક ખેતી માટે કરવામાં આવી રહેલી કામગીરીની પ્રગતિથી રાજ્યપાલને અવગત કર્યા હતા અને આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ કઈ રીતે વધી શકે તે બાબતે માર્ગદર્શન મેળવ્યું હતું.

# CM ભૂપેન્દ્ર પટેલે "ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા" અભિયાન અંતર્ગત પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો

### પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયા-રાજ્યના કુલ 1532 પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારતમાં પ્રેસ-મીડિયાને લોકશાહીની ચોથી જાગીર માનવામાં આવે છે. શિયાળો,, ઉનાળો હોય કે પછી ચોમાસું, પત્રકારો હરહંમેશ સમાચરો માટે દોડતા રહેતા હોય છે. દેશમાં લોકશાહીને જાળવી રાખવા માટે તટસ્થ -સચોટ માહિતી નાગરિકો સુધી પહોંચાડવાનું નેક કામ પત્રકારો કરે છે. એક સ્વસ્થ અને તંદુરસ્ત પત્રકાર સમાજને જાગૃત રાખવાનું કામ કરે છે ત્યારે તેમની સ્વાસ્થ્ય મહત્તા સમજીને રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા મીડિયા સંકલનની સાથે સાથે પત્રકારોને પૂરતું મહત્વ અને પત્રકારોને વીમા કવચ સહિતની વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

ગુજરાતના પત્રકારોનું સ્વાસ્થ્ય નિરંતર જળવાઈ રહે તે માટે માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં પત્રકારો/મીડિયા કર્મીઓ માટે "ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા" અભિયાન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અભિયાનનો ૧૫ ઓક્ટોબરે અમદવાદથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી તેમજ માહિતી-પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકાસિંહ તેમજ માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણીના માર્ગદર્શન હેઠળ ગત તા. ૧૫ ઓક્ટોબરથી તા. ૧૯ ડિસેમ્બર દરમિયાન ગુજરાતના તમામ જિલ્લા મથકો ખાતે જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા પત્રકાર/મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પમાં રાજ્યના કુલ ૧,૫૩૨ જેટલા પત્રકારો/મીડિયા કર્મીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ હેલ્થ ચેકઅપ દરમિયાન પત્રકાર/મીડિયા કર્મીઓનું મુખ્યત્વે બ્લડ ટેસ્ટ,




એક્સરે અને ઈસીજી સહિતના વિવિધ સામાન્ય ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિટામીન D, વિટામીન B12, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ અને ડાયાબીટીસ સહિતના વિવિધ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. સાથે જ, હેલ્થ ચેકઅપ ટીમ દ્વારા પત્રકાર મિત્રોને આરોગ્ય સંબંધિત અને સ્વસ્થ જીવન સંદર્ભે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

ગુજરાત રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ શ્રી અજય પટેલે જણાવ્યું હતું કે, સમાજના હિતાર્થે રાત-દિવસ દોડતા પત્રકારોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે રેડક્રોસ દ્વારા માહિતી વિભાગના સંકલનમાં આ કાર્યક્રમોનું સુદ્રઢ આયોજના કરવામાં આવ્યું હતું. આગાઉ પણ રેડક્રોસ સોસાયટી દ્વારા અમદાવાદના પત્રકારો માટે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૧૮ જેટલા પત્રકારોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણીના પગલે અનેક પત્રકારોને ભવિષ્યમાં થનારા ગંભીર રોગોથી બચાવાયા છે. સાથે સાથે આવા અનેકવિધ અભિયાનો થકી રાજ્યના તમામ નાગરિકોને રાજ્ય સરકાર સુશાસનની અનુભૂતિ કરાવે છે એમ તેમણે ઉમેર્યું હતું.

સમગ્ર રાજ્યના પત્રકારોએ રાજ્ય સરકારની આ સેવાને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્યનો મહિતી વિભાગ પત્રકારોના સ્વાસ્થ્ય જાળવણી માટે તત્પર છે તે અનુકરણીય છે.

# સિદસર ખાતે શ્રી સવા શતાબ્દી મહોત્સવમાં ઉપલેટા અને ભાયાવદર ટીમને બિરદાવાઈ





વિજય રાડીયા | જામનગર

જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકા ના સિદસર ગામે 21થી 29 ડિસેમ્બર 2024 કડવા પાટીદારોની કુળદેવી જગત જનની માં ઉમિયા ના ચરણોમાં વેણુ નદીના કાંઠે શ્રીસવા શતાબ્દી મહોત્સવ નિમિત્તે ઉપલેટાની ટીમ દ્વારા ભોજન સમિતિમાં બધી સમિતિના સ્વયંસેવકોને જમાડવામાં પાંચ દિવસ સતત ખડા પગે રહી અવિરત સેવા કરી રહ્યા હતા ત્યારે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા ઉપલેટા કડવા પટેલ ટીમ અને કડવા પટેલ સોશિયલ ગ્રુપની ટીમને બિરદાવવામાં આવી સાથે તેમને ઠેર ઠેર પ્રશંસા મળી રહી હતી સાથે સંજયભાઈ કોરડીયા દ્વારા પ્રસાદ ખુદ સ્વયંસેવકોને જમાડતા પ્રસાદ પીરસ્તા સતત રસોડામાં હાજરી આપી પોતે પણ ત્યાં સ્વયંસેવકોની સાથે પ્રસાદ લેતા જામજોધપુરના પૂર્વ ધારાસભ્ય ચીમનભાઈ સાપરિયા પણ ત્યાં ભોજનાલય ની મુલાકાત લીધી હતીસિદસર ખાતે શ્રી સવા શતાબ્દી મહોત્સવ માં ભાયાવદર ટીમને બિરદાવામાં આવી આવી જ રીતના

સીદસર મુકામે મહોત્સવ દરમિયાન રસોડા વિભાગ ની મુલાકાત લેતા સીદસર મંદિર ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી જેરામ બાપા વાસજાડીયા ઉપ પ્રમુખ શ્રી ચીમનભાઈ સાપરીયા પાટીદાર સમાજ ના સરેષટી શ્રી બાબુભાઈ ધોડાસરા પાંચ નંબર રસોડા ની મુલાકાત કરેલ હોય તેમા ભાયાવદર શહેર ની ટીમે મહોત્સવ દરમિયાન આખા વિભાગ મા સુંદર રીતે હજારો ભાવીક ભક્તો ને પ્રસાદ વિતરણ ની જવાબદારી નિભાવવા બદલ અને બે હજાર બાર ના મહોત્સવ મા પણ ભાયાવદર ની ટીમે નયનભાઈ જીવાણી ની આગેવાની નીચે તેર નંબર નુ આખુ રસોળુ રાત દિવસ ચોવીસ કલાક ચાલુ રાખેલ હોય તેને યાદ કરી ને ભાયાવદર ની ટીમ નો અને નયનભાઈ જીવાણી નો આભાર વ્યક્ત કર્યો મહોત્સવ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ .કૃષિ મેળો. બાલ વાટિકા વોટર લેસર શો. વ્યસન મુક્તિ. પુસ્તક મેળો લોક ડાયરો. યજ્ઞશાળા. વિશાળ ભોજનાલય. પાર્કિંગ સમિતિ જેવી અનેક સો સમિતિ રચવામાં આવી હતી પાંચ દિવસના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અંધ શ્રદ્ધાના કારણે ખૂની ખેલ રમાયો... વાંસલા ખાતે થયેલ હત્યાના ગુનામાં આરોપીની કબૂલાત

### દોઢ વર્ષ પહેલા બે મિત્રો વચ્ચે થયેલ મુલાકાતમાં મારી પર તેને મેલી વિદ્યા કરી છે એમ કહી મિત્રની હત્યા કરી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના વાંસલા ગામના યુવાનની ધોળા દિવસે ધારિયાના ઘા મારી કરપીણ હત્યા કરી ભાગી જતા આરોપીને ગણતરી ના કલાકો માં નર્મદા પોલીસે પકડી પાડયો હતો. જોકે આ હત્યા પાછળનું કારણ જોઈએ તો પણ નવાઈ લાગે કે અંધશ્રદ્ધા માં લોકો એટલા ગળાડૂબ છે. કે આવા ખૂની ખેલ ને પણ અંજામ આપતા અચકાતા નથી.

ગરુડેશ્વર ના વાંસલા ગામ પાસે મુખ્ય માર્ગ પર ધોળા દિવસે કેટેગરી સી માં રહેતા તુષાર ઉર્ફે ગુડુ અરવિંદ તડવી નામનો યુવાન બાઈક પર મોઢું બાંધી આવ્યો અને વાંસલા ગામના તેના મિત્ર ભિતેશ અમૃત તડવી ને ગળા અને છાતીના ભાગે ધારિયા ના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો, પોતાની સાથે બોટલમાં પેટ્રોલ પણ લઈને આવ્યો હતો અને લાઈટર પણ મારી ને સળગાવી દેવાની કોશિસ કરતા પહેલા સ્થાનિક લોકો આવી જતા તુષાર ઉર્ફે ગુડુ જે બાઈક લઈને આવ્યો હતો તે બાઈક લઈ ને ભાગી ગયો હતો. 100 નંબર પર કોલ આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી સ્થાનિકોના નિવેદનો લીધા અને હત્યારાને શોધવા પોલીસે ટીમો દોડાવી જેમ સ્થાનિક ગરુડેશ્વર પી. આઈ અરુણ ગામીત, LCB PI આર જે ચૌધરી, SOG PI વાય.એ. સીરશાઠ સહિત ટીમો દોડી આવી હત્યારા ને લઈને પકડવા સ્થાનિક પૂછપરછ કરી, સીસીટીવી કેમેરામાં બાઈક મોઢું ઢાંકી જતો હોય જે ચેકીંગ દરમ્યાન મોડી રાત્રે પોલીસે આરોપી ને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યા મુજબ તુષાર ઉર્ફે ગુડુ અને મરનાર ભિતેશ તડવી બંને મિત્રો હતા, દોઢ વર્ષ પહેલા ભેગા મળ્યા હતા ત્યારે ભિતેશ ધુણવા લાગ્યો હતો અને તુષારના માથા પર હાથ મૂક્યો હતો. માતાજીના મંદિરે સિક્કો ચોટાડવાની વાત ને લઈને પણ શંકા કુશંકા હોય ભિતેશ મેલી વિધ્યા વાળો હોય અને મને કઈ કરી દીધુ છે. જેનાથી મારા શરીરમાં દુખાવો રહે છે. આવી અનેક બાબતો તુષારના મનમાં શંકા કરતા અંતે તુષારે આ ખૂની ખેલ ને અંજામ આપ્યો.



# SOU ખાતે નવા વર્ષની ઉજવણી માટે પ્રવાસીઓનો ધસારો : બે દિવસમાં 2 લાખ પ્રવાસીઓ નોંધાયા

ભરત શાહ | નર્મદા

એકતા નગર કેવડીયા માં હાલ ચાલી રહેલી ફુલગુલાબી ઠંડીની સિઝનને કારણે અને નવા વર્ષના વધામણાં કરવા પ્રવાસીઓનું SOU ફરવા માટેનું સૌથી પસંદગીનું સ્થળ બની ગયું છે. SOU ખાતે શનિ રવિ ની રજા માં 2 લાખ થી વધુ પ્રવાસીઓ ઊમટી પડયાં હતા. હિલ સ્ટેશન જેવું વાતાવરણ થતાં પ્રવાસીઓને મજા પડી હતી, જેમાં પાંચ દિવસમાં પાંચ લાખ પ્રવાસીઓ નોંધાયા છે.

વર્ષ 2024 ને વિદાય કરી 2025ના વર્ષને આગમન માટે થનગનાટ દેશભરમાં જોવા મળી રહ્યો છે. ત્યારે આ વખતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ પસંદગીનું પ્રવાસન સ્થળ બન્યું છે. ત્યાં લોકો નવા વર્ષના વધામણા કરવા માટે ઉમટી રહ્યા છે. અને તેવામાં અત્યારે હિલ



સ્ટેશન જેવું વાતાવરણ થતાં પ્રવાસીઓને આ વિસ્તારમાં ખૂબ મજા આવી રહી છે.

એસઓયુ ખાતે જંગલ સફારી પાર્ક, આરોગ્ય વન એકતા નર્સરી, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, તેમજ એડવેન્ચર માટે રિવર રાફ્ટિંગ છે. જેના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ વિસ્તારમાં આવેલી હોટલો ટેન્ટ સિટીમાં રોકાયા છે.

અત્યારે પ્રવાસીઓનો ધસારો ખૂબ જ છે. શનિવારના દિવસે 80 હજાર અને રવિવારે 1.20 લાખ જેટલા પ્રવાસીઓ નોંધાયા હતા. છેલ્લા એક અઠવાડિયાથી રોજના અંદાજે 65 થી 70 હજાર પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ આવી રહ્યા છે. ત્યારે ગત વર્ષ કરતાં આ વખતે નવા વર્ષની ઉજવણી કરવા માટે બે લાખ પ્રવાસીઓ નોંધાયા છે.

Sou સત્તા મંડળ દ્વારા પ્રવાસીઓની ભીડ જોતા બસ સુવિધાઓ વધારી દીધી હતી. પાર્કિંગ માં પણ વધારો કરી દેવાયો છે, ટિકિટ બારીઓ અને સ્થાનિક રીક્ષા વાળા આવા તહેવારો નો લાભ લે અને રોજગારી મેળવે સામે પ્રવાસીઓને પણ તકલીફ ના પડે એવી તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. નાતાલ થી અત્યાર સુધીમાં 5 લાખ જેટલા પ્રવાસીઓ નોંધાઈ ચૂક્યા છે. આમ 2018 થી ગણીએ તો 2.10 કરોડ પ્રવાસીઓ નોંધાઈ ચૂક્યા છે.

### ઈકો ઝોનના વાંધા-સૂચનોનો નિકાલ શરૂ

# 250થી વધુને પ્રત્યુત્તર પ્રક્રિયામાં જાણીજોઈને વિલંબ કરવાની પેરવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સર્કલ કક્ષાએ કમિટી સુધારા- વધારા કરી રાજ્ય સરકારને મોકલશે, ત્યાં સમીક્ષા થયા બાદ કેન્દ્ર દ્વારા લેવાશે આખરી નિર્ણય ગીરનાં ગામડાઓમાં ઈકો ઝોનનું જાહેરનામું પ્રસિધ્ધ થયાથી વિરોધનો સૂર શરૂ થયો છે. આ વિરોધ બંધ થવાનું નામ લેતો નથી. પ્રાથમિક જાહેરનામામાં વાંધા-સૂચનો રજૂ કરવાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં પણ આંદોલનો ચાલી રહ્યા છે. સરકાર પણ ઈકો ઝોન મુદ્દે ભીંસમાં મુકાઈ છે. એક તરફ કોર્ટનું દબાણ છે, બીજી તરફ ગીરનાં ગામડાઓનો ઉગ્ર વિરોધ છે. જો જાહેરનામું અમલમાં આવે તો સરકારને વિરોધનો ભોગ બનવું પડે તેમ છે. હાલ ઈકો ઝોનના વાંધા-સૂચનોની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સરકાર જાણીજોઈને આ પ્રક્રિયામાં લાંબો સમય પસાર કરે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. જેવી રીતે રજૂઆત કરી હશે તે રીતે મળશે પ્રત્યુત્તર જે વ્યક્તિઓએ ઈકો ઝોનના પ્રાથમિક જાહેરનામા અંગે વાંધા-સૂચનો જે રીતે રજૂ કર્યા હશે તે રીતે તેનો પ્રત્યુતર આપવામાં આવશે. કોઈ વ્યક્તિએ ઈમેઈલ મારફત, કોઈએ પત્ર મારફત, જૂનાગઢ કે તેમના જીલ્લાની વન વિભાગની કચેરીએ કે ગાંધીનગર કે કેન્દ્ર સરકારમાં રજુ કર્યા હશે તે તમામ વાંધા-સુચનો સૌપ્રથમ જૂનાગઢ વન્યપ્રાણી વિભાગમાં આવશે અને ત્યાંથી અરજદારને ઈમેઈલ કે પત્ર



મારફત પ્રત્યુતર પાઠવવામાં આવશે.હજુ હાઈકોર્ટને બતાવવું પડશે આખરી જાહેરનામું એક તરફ હાઈકોર્ટનો પણ આદેશ છે કે મોટાભાગના અભયારણ્ય ફરતે ઈકો ઝોન લાગુ થઈ ગયો છે તો ગીરમાં સત્તાવાર હજુ સુધી કેમ ઈકો ઝોન લાગુ થતો નથી? આ સવાલ બાદ સરકારે ગીર ફરતે ઈકો ઝોન લાગુ કરવા માટેનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરાવી દીધુ હતું. હવે વાંધા- સૂચનોનો નિકાલ કર્યા બાદ વન્યપ્રાણી વિભાગ જૂનાગઢ દ્વારા રાજ્ય સરકારમાં અને રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રમાં મોકલવામાં આવશે. બાદમાં કેન્દ્ર સરકાર આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરતા પહેલા હાઈકોર્ટના ધ્યાન પર મુકવાનું છે. હાઈકોર્ટ યોગ્ય કહેં તે બાદ તેને અમલમાં લાવવામાં આવશે.

# ઝાલોદમાં ફરતી માનસિક રીતે અસ્થિર મહિલાને નગરના સામાજિક કાર્યકરોએ પોલીસને સોંપી



દિપક રાવલ | દાહોદ

ઝાલોદમાં એક માનસિક મહિલા ફરતી હતી તેની જાણ ડિસટીક હોસ્પિટલના સ્ટાફ દ્વારા સામાજિક કાર્યકર મનીષભાઈ પંચાલને કરાઈ મનીષભાઈ દ્વારા નગરના મહિલા કાર્યકર્તાઓને જાણ કરી મહિલા સેવીકા પિનલબેન પંચાલ દ્વારા ઈન્સ્પેક્ટર હસમુખ રાઠવા ને જાણ કરી પોલીસની મદદથી બેનની શોધખોળ કરી અને તેને શરીર ઉપર ઈજાના થોડા નિશાન હોવાથી મહિલા કાર્યકર્તાઓ અને જમાદાર રેખાબેન દ્વારા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે તેનું મેડિકલ ચેકઅપ કરાવવા લઈ ગયા હતા આ માનસિક અસ્થિર બહેનને અમુક માનસિક વિસ્તૃત લોકો હેરાન કરતા હોવાનું પણ જાણવા મળ્યું હતું જેથી નગરના મહિલા સમાજસેવી બહેનોએ માનસિક અસ્વસ્થ બહેનને સ્નાન કરાવી અને નવા કપડા પહેરાવીને પછી પોલીસ મહિલા જમાદાર રેખાબેન ને પોલીસ સ્ટેશન જઈ પોલીસને સોંપવામાં આવી.

# ગાંધીનગરના સામાજિક ઓડિટ યુનિટ દ્વારા માણસાના દેલવાડા ગામે ગ્રામસભા યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત સરકારના સામાજિક ઓડિટ યુનિટ, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં ગ્રામ વિકાસ યોજનાઓ જેવી કે મહાત્મા ગાંધી નરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ),સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, 15મુ નાણાપંચ ,રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, મધ્યાહન ભોજન યોજના, આઈસીડીએસ- આંગણવાડી અને પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર (પીડીએસ) યોજનાઓના લાભો જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તે હેતુથી રાજ્યભરમાં સામાજિક ઓડિટ ની કામગીરી કરવામા આવી રહી છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના દેલવાડા ગામે સામાજિક ઓડિટની કામગીરી માટે ગ્રામસભા યોજવામાં આવી હતી. જેમાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ સભામાં વિવિધ યોજનાઓમાં થયેલી કામગીરી અને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ ગ્રામસભામાં ગ્રામજનોમાં સૂચનો અને પ્રશ્નો મેળવવામાં આવ્યા હતા. જેનું ગ્રામ પંચાયતના હોદ્દેદારો, ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ,ગાંધીનગર ના સામાજિક ઓડિટરશ્રી પ્રિયંકાબેન, લોકપાલશ્રી અલ્પેશભાઈ, ગ્રામ રોજગાર સેવક કુલદીપ સિંહ, ગ્રામ સેવક રઘુવીર સિંહ, ટી.એ સંજયભાઈ, સ્વચ્છ ભારત મિશનના ટી-એ કૌશિકભાઈ, સ્વચ્છ ભારત મિશનમાં સી.સી રાજેશભાઈ, પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારના વિતરણ કર્તા શંકરજી, ઉપસરપંચ સુરેશજી, માજી સંરપચ અશ્વિનકુમાર, તલાટી શૈલેષસિંહ, ટીઆરપી જીગ્નેશાબેન,આરોગ્ય ખાતાના જલકબેન તેમજ કિર્તિરાજ ઉપસ્થિત રહ્યા હતા.

## યાદગાર પળો : એક વર્ષની સફર



ક્રિમા સોની
કોટડા (જ) કચ્છ

જૂનું વર્ષ વિદાય લે છે, નવું આવે છે નજીક,
નવા સપના, નવી આશાઓ, નવો એક અનુભવ.
વરસ થયું, વહી ગયું, સમય નદી જેવો,
એક યાત્રા જેવું હતું આ વર્ષ,
નવા નવા અનુભવો લઈને આવ્યું.
ક્યારેક વાદળો હતા, ક્યારેક તડકો હતો,
પણ આગળ વધવાનો હતો નિર્ણય.
એક પુસ્તક જેવું હતું આ વર્ષ,
દરેક પાના ઉપર નવી વાર્તા.
ક્યારેક ખુશીઓના, તો ક્યારેક દુઃખના અક્ષરો,
પણ દરેક પળ જીવવનું પાઠ શીખવતા.
એક કલા જેવું હતું આ વર્ષ,
રંગો અને છટાઓથી ભરપૂર રહ્યું.
ક્યારેક અજવાળું તો ક્યારેક અંધારું,
પણ એક સુંદર ચિત્ર બનાવ્યું.
ખુશીઓનાં પળો, દુઃખનાં આંસુ,
સંઘર્યા બધું જ, તારા અંતરમાં.
નવા વર્ષે નવી આશાઓ જગાવી,
પાછળ વળીને જોઈએ નહીં.
તારા દરેક પળને હું યાદ કરીશ,
દિલમાં સંભાળીને રાખીશ.
નવા વર્ષમાં નવી શરૂઆત કરીશ,
તારી યાદો સાથે જીવીશ.
યાદોના મોતી વણી લીધા હૃદયમાં,
આ વર્ષે મળેલી દરેક ક્ષણ માટે આભાર,
નવા વર્ષમાં નવી ઉંચાઈઓ સર કરીશું સાથે.
પાંદડા ખર્યા, નવા ફૂટ્યા, વર્ષોનું આ ચક્ર,
પ્રકૃતિની સાથે ચાલે, આપણું જીવન ચક્ર,
નવા વર્ષે નવી કળીઓ ફૂટશે,
આશા રાખીએ, સુખ શાંતિ મળશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ચાર પતિએ પત્નીઓના જીવ લીધા, બે પુત્રએ જન્મદાતા માતા-પિતાને મોતને ઘાટ ઉતાર્યાં; પિતાએ કૂકર ફટકારી દીકરીની હત્યા કરી...

# સુરતમાં 40 દિવસમાં સંબંધોની હત્યાના 8 બનાવ બન્યાં...

**સુરત | જિલ્લા બે મહિનાથી એક બાદ એક હત્યાઓનો સિલસિલો યથાવત્ છે. એમાં પણ છેલ્લા 40 દિવસમાં 8 બનાવ તો એવા બન્યા છે, જેમાં હત્યા કરનાર અન્ય કોઈ નહીં, પણ પરિવારજનો જ છે. ઘરકંકાશ, આર્થિક સંકડામણ સહિતના અલગ અલગ કારણોસર સંબંધોની હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. જે આઠ હત્યાના બનાવ બન્યા છે એમાં ચાર પતિએ પોતાની પત્નીઓની, એક મંગેતરે ભાવિ પત્નીની, બે પુત્રએ માતા-પિતાની અને એક પિતાએ દીકરીની હત્યા નિપજાવ્યાના બનાવ સામે આવ્યા છે. કયા છે આ આઠ બનાવ અને કઈ રીતે બન્યા એની વિગતવાર આગળ વાત કરીએ...**

**29 ડિસેમ્બર: ગોડાદરા પતિએ પુત્રીઓની નજર સામે પત્નીની હત્યા કરી** : ગોડાદરાના દેવધ ગામ ખાતે આવેલા સન્ડેલગુન એપાર્ટમેન્ટના ફ્લેટમાં રહેતો 38 વર્ષીય જયસુખ લાખાભાઈ વાણિયા પોર્ટલ કંપનીમાં ડિલિવરી બોય તરીકે કામ કરે છે, જ્યારે તેની 36 વર્ષીય પત્ની નમ્રતાબેન ગોડાદરા સ્થિત ધ વર્લ્ડ હોટલની સામે આવેલી રાજ ટેક્સટાઈલ વર્લ્ડ માર્કેટમાં સિલાઈકામ કરી પરિવારને આર્થિક રીતે મદદ કરતી હતી. બંનેનાં લગ્નજીવન થકી તેમને સંતાનમાં બે પુત્રી છે. જયસુખ વાણિયા ઓર્ડર મળે ત્યારે જ કામ કરતો હોવાથી આર્થિક રીતે પરિવારમાં તંગી રહેતી હતી, જેથી પત્ની નમ્રતા દ્વારા અન્ય કોઈ કામ શોધી આવક વધારવા માટે અવારનવાર ટકોર કરતી હતી

**27 ડિસેમ્બર: સરથાણામાં પતિ દ્વારા પત્ની-પુત્રની હત્યા**
સરથાણા ખાતે સૂર્યા એપાર્ટમેન્ટમાં તા.27મી ડિસેમ્બર શુક્રવારે સવારે જિયાણી પરિવાર નિદ્રાધીન હતો ત્યારે સ્મિત જિયાણીએ રસોડામાં મૂકેલા ચપ્પુથી પહેલા પત્ની અને ત્યાર બાદ પુત્રને ઉપરાછાપરી ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરી હતી. પત્ની અને પુત્રની હત્યા બાદ સ્મિત અન્ય રૂમમાં સૂઈ ગયેલાં માતા અને પિતા પર પણ ચપ્પુ લઈને તૂટી પડ્યો હતો. ગળાના ભાગે માતા-પિતાને ચપ્પુના ઘા મારતાં માતા ડઘાઈ ગયાં હતાં અને દોડીને ઘરની બહાર નીકળીને બૂમબરાડા પાડતાં આડોશપાડોશના લોકો પણ એકઠા થઈ ગયા હતા.

**25 ડિસેમ્બર: સચિનમાં પતિ દ્વારા પત્નીની હત્યા**
સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ રોડ નં. 20ના ક્રિષ્ના પ્લાસ્ટિકના વિભાગમાં રહેતો 33 વર્ષીય દયારામ ચેતુ યાદવ (મૂળ વતન. ગામ- કૌઅઝીર મોલ, થાના. શાહીપુરા, પોસ્ટ. બદૈગઢ, જી. ઢીડોરી, એમપી) મશીન ઓપરેટર તરીકે કામ કરે છે. તેની 29 વર્ષીય પત્ની અનસૂયા સાથે તા. 25મી ડિસેમ્બરની રાત્રે દારૂ પીવા બાબતે ઝઘડો થયો હતો.

**25 ડિસેમ્બર: વરાછામાં યુવક દ્વારા ભાવિ પત્નીની હત્યા**
વરાછામાં અર્ચના સ્કૂલ પાસે હરિધામ સોસાયટીમાં રહેતો ક્રિષ્ણા વશીયાભાઈ ગુદા (ઉ.વ. 19, મૂળ ડુંગરપુર, રાજસ્થાન) સાડી પર સ્ટોન લગાડવાનું કામ કરે છે. મોટી બહેન વર્ષા મજૂરી કામ કરે છે. વર્ષાની ચારેક માસ પહેલાં જ સંજય પગી (રહે. જેતપુર વડાગામ, ખાનપુર, મહિસાગર) સાથે સગાઈ થઈ હતી. સંજય હીરા ઘસવાનું કામ કરે છે. વર્ષાના સંજય સાથે આ ત્રીજી વખતના લગ્ન થશે. અગાઉના પતિ થકી તેણીને 2 વર્ષનું સંતાન છે. ગત 9મીએ વર્ષા કામાર્થે સુરત આવી હતી. દરમિયાન ગત તા. 23ના રોજ સંજય પગી સાંજના સુમારે તેમના ઘરે ગયો હતો. બે દિવસ રજા હોવાનું કહી તે વતનથી અહીં રહેવા આવ્યો હતો. ગત તા.

**22 નવેમ્બર: સિંગણપોરમાં પતિએ પત્નીની હત્યા કરી**
સિંગણપોર ખાતે આવેલી ન્યુ ત્રિવેણી સોસાયટીમાં રહેતા નરેશભાઈ દેવજીભાઈ કુંઢડીયા (ઉ.વ.50) બાંધકામ કોન્ટ્રાક્ટર તરીકેનો વ્યવસાય કરી પત્ની જમનાબેન (ઉ.વ.45), બે પુત્ર તેમજ એક પુત્રીનું ભરણપોષણ કરતા હતા. નરેશભાઈને પત્ની સાથે અવારનવાર નાની-નાની બાબતોને લઈ ઘરમાં ઝઘડાઓ થતા હતા. તા.22મી નવેમ્બરના બપોરે પણ બંને વચ્ચે કોઈક બાબતને લઈ બોલાચાલી થતા આવેશમાં આવી.

**25 નવેમ્બર: ખટોદરામાં પુત્રએ માતાની હત્યા કરી**
મૂળ ઓરિસ્સાના વતની અને હાલ ખટોદરા પંચશીલ નગરમાં રહેતો પર વર્ષીય ગંધારવા ઉર્ફે ગંધિયા ઉર્ફે ગાંધી વૃંદાવન બિસ્વાલ વયોવૃદ્ધ માતા બેંગાલી તથા પત્ની તેમજ સંતાનો સાથે રહી સંચા ખાતામાં કામ કરે છે.
તા. 25મી નવેમ્બરના સાંજના સમયે ગંધારવા ઉર્ફે ગંધિયા પત્ની મજૂરી પર ગઈ હતી. તે સમયે માતા બંગાલી સાથે ગંધારવા એકલો હતો. દરમિયાન જમવા બાબતે માં-દિકરા વચ્ચે તકરાર થતા ઝઘડો થયો હતો.

**26 નવેમ્બર: ઉધનામાં દત્તક પુત્ર દ્વારા પિતાની હત્યા**
મૂળ ઝારખંડના વતની અને હાલ ઉધના કાશીનગર આવેલી ઓમ સાઈ જલારામ સોસાયટીમાં પરમેશ્વર દીપન દાસ (ઉ.વ.53) પત્ની તેમજ દતક લીધેલા પુત્ર સાગર (ઉ.વ.19) સાથે રહેતા હતા. સાગર ઘરમાં રાખેલી પેટીમાં રોકડ રૂપિયા કાઢવા જતો હતો. તે વેળાએ પિતા પરમેશ્વર દાસ જાગી જતા હતા. જેથી તે પેટીમાંથી પૈસા લઈ શકતો નહતો. જેની અદાવતમાં તા.26મી નવેમ્બરના સાંજના સમયે સાગરની માતા અન્યોના ઘરે ઘરકામ કરવા ગઈ હતી.

**28 નવેમ્બર: ચોક બજારમાં પિતા દ્વારા પુત્રીની હત્યા**
તે વેળા પુત્રી હેતાલી દ્વારા કામ કરવાની ના પાડવામાં આવી હતી. જેથી આવેશમાં આવી પિતા મુકેશભાઈએ હેતાલીને કપાળ અને મોઢાના ભાગે કુકર મારી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી પુત્રીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં હેતાલીનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

---

### પોલીસને જોતા જ નશો ઉતરી ગયો!

## વાસણાની સીમમાં કર્મચારીની વિદાયની દારૂની પાર્ટીમાં રેડ; 9 દારૂડિયા ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા.30

જિલ્લાના વડુ પોલીસ મથકની હદમાં વાસણા ગામના ખેતરમાં કંપનીના નિવૃત્ત થયેલા સાથી કર્મચારીની વિદાય નિમિત્તે દારૂની પાર્ટી ચાલી રહી હતી. વડુ પોલીસે બાતમીના આધારે રેડ પાડી દારૂની મહેફિલ માણી રહેલા 9 કર્મચારીઓને દારૂ-બિયરની બોટલો સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે રેડ પાડતા જ નશામાં ધૂત કર્મચારીઓનો નશો ઉતરી ગયો હતો.
મળેલી માહિતી પ્રમાણે, પાદરા પાસે આવેલી એક કંપનીમાં નોકરી કરતા કર્મચારીઓએ નિવૃત્ત થયેલા એક સાથી કર્મચારીની વિદાય પાર્ટીનું આયોજન વાસણા ગામની સીમમાં એક ખેતરમાં કર્યું હતું. આ પાર્ટીમાં વિદાય લેતા કર્મચારી સહિત 9 કર્મચારીઓ હતા. રાત્રે પેટ્રોલિંગમાં નીકળેલી વડું પોલીસને માહિતી મળી હતી કે, વાસણા ગામની સીમમાં એક ખેતરમાં દારૂની પાર્ટી ચાલી રહી છે. જે માહિતીના આધારે પોલીસે રેડ કરી હતી.
સ્થળ પર પહોંચેલી પોલીસને જોઇ કુંડાળું વળીને દારૂની પાર્ટી માણી રહેલા કર્મચારીઓનો નશો ઉતરી ગયો હતો. કર્મચારીઓએ પોલીસને સેટલમેન્ટ કરવા માટે કાકલૂદી કરી હતી. પરંતુ, પોલીસે દારૂની મહેફીલ માણી રહેલા 9 કર્મચારીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્થળ પરથી બે દારૂની બોટલો, બે બિયરની બોટલો, ઠંડા પીણાની બોટલો સહિત રૂપિયા 9 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### વાલીઓ માટે લાલબત્તી સમાન

## કિસ્સો: વડોદરામાં 10 વર્ષીય કિશોર હીંચકો ખાતા કાપડની ટાઈ કડામાં ફસાઈ જતાં મોત

વડોદરા | વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા લક્ષ્મી ફ્લેટમાં રહેતા દસ વર્ષીય કિશોર ગતરોજ હિંચકા પર બેસીને હિંચકો ખાઈ રહ્યો હતો. તે દરમિયાન તેના ગળામાં રહેલ કાપડની ટાઈ હિંચકાના કડામાં ફસાઈ જતા બેભાન થયો હતો. ત્યારબાદ તેને માંજલપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. અન્ય એક બનાવમાં તાલુકાના આજોડ ગામના 17 વર્ષે કિશોરે ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે.
વડોદરા શહેરના નવાપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી લક્ષ્મી ફ્લેટમાં રહેતા ધરમભાઇ પટેલનો દસ વર્ષીય દીકરો રચિત રાત્રિના 8:00 વાગ્યા દરમિયાન ઘરમાં હિંચકો ખાતો હતો. તે દરમિયાન ગળામાં કાપડની ટાઈ પહેરેલી હતી. જે હીંચકાના કડામાં ફસાઈ જતા બેભાન થયો હતો. ત્યારબાદ તેને તાત્કાલિક સારવાર અર્થે તેને માંજલપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવને લઈ હાલમાં સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ વિભાગમાં પોસ્ટમોર્ટમ અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### ક્રિકેટના ઝઘડામાં યુવકનું ફાયરિંગ, 4ને ઈજા

## તુંડી ગામે EX.આર્મીમેનના પુત્રએ બાર બોર બંદૂકથી સોસાયટીમાં એક રાઉન્ડ ફાયરિંગ કર્યું

(એજન્સી) બારડોલી | તા. 30

સુરત જિલ્લાના પલસાણાના તુંડી ગામે દ્વારકેશ સોસાયટીમાં ક્રિકેટ રમવા બાબતે ઝઘડો થયો હતો, જે બાબતે 15-20 લોકોએ એકસાથે EX આર્મીમેનના ઘર પર હુમલો કર્યો હતો. જેથી EX આર્મીમેનના પુત્ર વિકાસે ઘરમાંથી બાર બોરની બંદૂક લાવી એકાએક એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી સુરત જિલ્લા પોલીસ દોડતી થઇ હતી.
સુરત જિલ્લાના પલસાણા તાલુકાના તુંડી ગામે ગતરાત્રિ(29 ડિસેમ્બર)ના રોજ ફાયરિંગની ઘટના બની હતી. તુંડી ગામે આવેલી દ્વારકેશ સોસાયટીમાં ક્રિકેટ રમતી વેળાએ બબાલ થતા કેટલાક લોકોનું ટોળું EX આર્મીમેન અને સિક્યોરિટી ગાર્ડની એજન્સી ચલાવતા રામનરેશસિંગ તોમરના ઘરે આવી ગયું હતું. બબાલ ઉગ્ર બનતા EX આર્મીમેનનો પુત્ર વિકાસ ઘરમાંથી બાર બોર બંદૂક લઈને આવી ગયો હતો અને અચાનક જ એક રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું.
એક રાઉન્ડ ફાયરિંગને લઈને ચાર જેટલા લોકોને ઈજાઓ થતાં નાસભાગ મચી જવા પામી હતી. ઈજાગ્રસ્તોને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ પલસાણા પોલીસને કરવામાં આવતા પલસાણા પોલીસ મથકના પીઆઈ વી. એલ. ગાંગિયા સહિતનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. પલસાણા પોલીસે બન્ને પક્ષોનાં નિવેદનો લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.
આ અંગે ફાયરિંગ કરનારના પિતા રામનરેશસિંહ તોમરે જણાવ્યું કે મારા ઘર પર 15-20 લોકોએ એકસાથે હુમલો કર્યો હતો. જે ઘટના CCTVમાં પણ કેદ થઈ છે. આ ઘટનામાં મારા પુત્રને માર માર્યો હતો. જે હાલમાં ઈજાગ્રસ્ત છે, તેણે ફક્ત પોતાના બચાવ માટે હથિયાર બતાવ્યું હતું, જે તે લોકોએ છીનવી લીધું હતું અને તેમણે જ ફાયરિંગ કર્યું હતું, જેથી મારા પુત્રને પણ ગોળી વાગી છે, મારું હથિયાર છીનવી લીધું છે, જે બાબતે હું હવે ફરિયાદ નોંધાવીશ, હું અત્યારે બહાર હતો ને ઘટનાની જાણ થતાં જ હું અહીં પહોંચ્યો છું, આ ઘટનામાં મારી પુત્રીને પણ ઈજાઓ પહોંચી હતી. હુમલો કરનાર લોકો નશાની હાલતમાં હતા, જેઓએ મારા ઘરને સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હતો.

### ઉનાના કોબમાં બે યુવકે પહેલા મહિલાને રસ્તામાં આંતરી બીભત્સ શબ્દો કહ્યા, પીછો કરી દીકરીની સામે જ લોહીલુહાણ કરી...

## મહિલાના ઘરમાં ઘૂસી છરીના 8 ઘા માર્યા

(એજન્સી) ઉના | તા. 30



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ ગામે મહિલાના ઘરમાં ઘૂસીને બે શખસે દારૂના નશામાં છરીના આઠ ઘા માર્યાની ચકચારી ઘટના સામે આવી છે. મહિલા અને તેમની પુત્રી દીવથી ઘરે પરત ફરી રહ્યાં હતાં, તે દરમિયાન રસ્તામાં આ બન્ને આરોપી બીભત્સ શબ્દો કહેતા મહિલા સાથે બોલાચાલી થઈ હતી. આ ઝઘડાથી ઉશ્કેરાઈને બન્ને આરોપીઓ મહિલાના ઘરે પહોંચી ગયા હતા અને મહિલાની દીકરીની નજર સામે જ ઝપાઝપી કરી હતી. જેમાં એક શખસે નેફામાંથી છરી કાઢી મહિલાને આડેધડ ઘા ઝીંકી દીધા હતી. આ હુમલાથી મહિલા લોહીલુહાણ થઈ જતાં 108 મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. માતા પર થયેલો જીવલેણ હુમલો જોઇ દીકરીએ બૂમાબૂમ કરી મૂકી હતી.
ઉનાના નવાબંદર મરીન પોલીસ મથક વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાની કથળી હોય તેવી ઘટના સામે આવી છે. કોબ ગામે રહેતા લછુબેન રમેશભાઇ બાંભણિયા તેની દીકરી દીવના ડગાચીથી પરત ફરી રહ્યા હતા. ત્યારે કોબ ગામમાં જ રહેતા હાર્દિક બારૈયા અને અક્ષય બાંભણિયા નામના બે શખસ પોતાનું બાઇક લઇ નીકળ્યા હતા. ત્યારે લછુબેન સાથે બોલાચાલી થતા બંને શખસો ઉશ્કેરાઈ જઈ લછુબેનને બીભત્સ શબ્દો કહ્યા હતા અને ત્યાંથી બાઇક પર દિવ તરફ નિકળી ગયા હતા.

### દીકરીએ બૂમાબૂમ કરતા લોકો દોડી આવ્યા

હાજર લોકોએ 108ને જાણ કરતાં લોહીલુહાણ હાલતમાં પડેલી મહિલાને તાત્કાલિક ઉનાની ખાનગી સંસ્થાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ નવાબંદર મરીન પોલીસને થતાં પોલીસ સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્ત મહિલાની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી હતી.

### અગાઉ ફરિયાદ બાદ પણ પોલીસે કાર્યવાહી ન કરી

વધુમાં મહિલાની દીકરીએ ઉમેર્યું કે, બન્ને યુવક સાથે ઘણા સમયથી મનદુઃખ ચાલતું હોવાથી આ પહેલાં પણ તેની માતા પર હુમલો કરી લોખંડનાં સળિયા મારી ઈજા કરી હતી. તે બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસ દ્વારા નક્કર કાર્યવાહી નહીં થતી હોવાના કારણે આ બન્ને યુવાનો હેરાનગતિ કરીને જીવલેણ હુમલા વારંવાર કરતાં હતા.

### વલસાડની સગીરા પર દાંડીમાં દુષ્કર્મ આચરી વીડિયો બનાવ્યો, સંબંધ રાખવા દબાણ, એક વર્ષ બાદ વાઈરલ કર્યો...

## ટ્યૂશનની દોસ્તી, દરિયાકાંઠે દુષ્કર્મ-બ્લેકમેઈલિંગ

વલસાડ | વલસાડના દાંડી દરિયા કિનારે દુષ્કર્મની ચોંકાવનારી ઘટના બની હતી. એક સગીરા સાથે તેના ટ્યૂશનના મિત્રે દરિયા કિનારે ઝાડીઓમાં દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાનો વીડિયો બનાવી સગીરાને બ્લેકમેલ કરવામાં આવી હતી. મિત્રતામાં આગળ વધીને બંને મિત્રો જુલાઈ 2023માં દાંડી દરિયા કિનારે ફરવા ગયાં હતાં. જ્યાં સગીરે સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું અને તેનો વીડિયો પણ બનાવ્યો હતો.
બાદમાં સગીરાને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને તેની સાથે સંબંધ રાખવા દબાણ કરવામાં આવતું હતું. જો કે, સગીરાએ આ સંબંધ રાખવાની ના પાડતા આરોપીએ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી દીધો હતો. આ ઘટનાની જાણ સગીરાની બહેનને થતાં તેણે તરત જ ડુંગરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સગીરાનું નિવેદન નોંધી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.
વલસાડ તાલુકાના મધ્યમ વર્ગીય પરિવારની સગીર વિદ્યાર્થીની સાક્ષી (ઓળખ છુપાવવા નામ બદલ્યું છે) નજીકમાં આવેલા ટ્યૂશન ક્લાસમાં અભ્યાસ કરવા જતી હતી. અભ્યાસ દરમિયાન તેની મિત્રતા સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી વિકી (ઓળખ છુપાવવા નામ બદલ્યું છે) સાથે થઈ હતી. સાક્ષી અને વિકી વચ્ચે બુકની આપ-લે થતી રહેતી હતી. બંનેએ એકબીજાને મોબાઈલ નંબર શેર કર્યા હતા. સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્રતા ગાઢ બની હતી.



### દીકરીઓએ સાવચેતી રાખવા શું કરવું જોઈએ...

- મિત્રો પસંદ કરતી વખતે સાવચેતી રાખો: તમારા મિત્રો વિશે સારી રીતે જાણો અને વિશ્વાસપાત્ર લોકો જ સાથે મિત્રતા રાખો.
- એકલા જવાનું ટાળો: જો શક્ય હોય તો, એકલા ક્યાંય જવાનું ટાળો. હંમેશાં કોઈ મિત્ર અથવા પરિવારના સભ્ય સાથે જાઓ.
- મોબાઈલ ફોનનો ઉપયોગ સાવધાનીથી કરો: તમારા મોબાઈલ ફોનમાં અજાણ્યા લોકો સાથે વાતચીત કરવાનું ટાળો અને તમારા ફોટા કે વીડિયો કોઈને પણ મોકલવાનું ટાળો.
- કોઈપણ પ્રકારના અનુચિત વર્તનની ફરિયાદ કરો: જો કોઈ તમારી સાથે અનુચિત વર્તન કરે તો તરત જ તમારાં માતા-પિતા, શિક્ષક અથવા પોલીસને જાણ કરો.
- સોશિયલ મીડિયા પર કાળજી રાખો: સોશિયલ મીડિયા પર તમારી પ્રોફાઈલને પ્રાઈવેટ રાખો અને અજાણ્યા લોકોને તમારા મિત્ર બનાવવાનું ટાળો.

### ટ્યૂશનનું ગ્રુપ દાંડીના દરિયાકાંઠે ફરવા ગયું, ત્યારે દુષ્કર્મ

ટ્યૂશન ક્લાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી કેટલાક વિદ્યાર્થીઓ 1 જુલાઈથી 7 જુલાઈ 2023 દરમિયાન વલસાડ દાંડી દરિયાકિનારે ફરવા ગયા હતા. જે દરમિયાન સાક્ષી અને વિકી દરિયા કિનારે નજીકમાં આવેલા ઝાડીઓમાં સાક્ષીને લઈ ગયો હતો. ત્યાં સાક્ષીની મરજી વિરુદ્ધ વિકીએ સાક્ષી સાથે દુષ્કર્મ આચર્યું હતું. વિકીએ સાક્ષી સાથે દુષ્કર્મ આચરતા હોવાનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. જે બાદ સાક્ષી વિકી સાથે અંતર રાખતી હતી. જેને લઈને વિકી સાક્ષીને તેની સાથે વાત કરવા અને સંબંધ રાખવા દબાણ કરતો રહેતો હતો.

### સગીરાની બહેને ડુંગરી પોલીસમાં ફરિયાદ નોંધાવી

સાક્ષીએ વિકી સાથે વાત કરવાની ના પાડતા ટ્યૂશનના વિદ્યાર્થીઓના ગ્રુપમાં અને સોશિયલ મીડિયામાં દુષ્કર્મવાળો વીડિયો વાઈરલ કરવાની ધમકી આપતો હતો. ઘટનાની જાણ સાક્ષીની બહેનને થતાં તેણે વિકીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તાજેતરમાં વિકીએ સાક્ષી સાથેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરીને સાક્ષીની બદનામી કરી હતી. જેને લઈને સાક્ષીની બહેને ડુંગરી પોલીસ મથકે વિકી વિરુદ્ધ દરિયાદ નોંધાવી હતી. ડુંગરી પોલીસે સાક્ષીની બહેનની ફરિયાદ નોંધી સાક્ષીનું મેડિકલ કરાવી સાક્ષીનું નિવેદન નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### માંડવીમાં બસની રાહ જોતી યુવતીને બાઈક સવારે ફિલ્મી સ્ટાઈલમાં રહેંસી નાખી

## જાહેરમાં તલવારના અનેક ઘા મારી નર્સની હત્યા

(એજન્સી) કચ્છ | તા. 30

માંડવી તાલુકાના ગોધરામાં આજે હત્યાની એક ઘટના બની હતી. નર્સ તરીકે ફરજ બજાવતી યુવતી નોકરી માટે ઘરેથી નીકળી હતી. જે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે જ બાઈક સવારે યુવકે આવીને ફિલ્મી સ્ટાઈલમાં તલવારના અનેક ઘા મારી યુવતીને રહેંસી નાખી હતી. જાહેરમાં હત્યાની ઘટના બનતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર પ્રસરી છે. સવારના 6 વાગ્યાની આસપાસ યુવતીની હત્યાની ઘટના બનતા પોલીસ તંત્ર પણ દોડતું થયું છે.
બનાવ અંગે માંડવી પોલીસનો સંપર્ક કરતા તેમણે બનાવની પ્રાથમિક તપાસ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ ગોધરા ગામે પોતાના ઘરેથી નોકરી માટે જવા નીકળેલી યુવતી વહેલી સવારે 6 વાગ્યાના અરસામાં દુર્ગાપુર માર્ગે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે બાઈક ઉપર આવેલા અજાણ્યા શખ્સે યુવતી ઉપર તલવાર વડે હુમલો કર્યો હતો. જાહેરમાં જ તલવારના અસંખ્ય ઘા ઝીકીને યુવતીને રહેંસી નાખી હતી. જે બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ફિલ્મી સ્ટાઈલમાં આવેલા ઈસમે નિર્દયતાપૂર્વક યુવતીને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર ફેલાઈ ગઈ હતી. બીજી બાજુ જાહેરમાં હત્યાના બનાવથી કાયદો અને વ્યવસ્થા ઉપર પણ સવાલો ઊભા થયા છે.
નોકરી માટે નીકળેલી અંદાજિત 22 વર્ષીય ગોરીબેન તુલસીભાઈ ગરવા નામની યુવતીની બાઈક ઉપર આવેલા કોઈ ઈસમે તલવારના ઘા ઝીકીને સરાજાહેર હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં ડર સાથે ચકચાર મચી ગઈ છે. બનાવના પગલે ગ્રામજનો અને પરિવારના સભ્યો ઘટનાસ્થળે દોડી ગયા હતા. યુવતીના મોતના પગલે સ્વજનોએ બનાવ સ્થળે જ પોક મૂકી રડતાં આક્રંદભર્યો માહોલ સર્જાયો હતો. હત્યા મામલે માંડવી પોલીસે હતભાગી યુવતીના મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી દવાખાને ખસેડી છે. તેમજ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, હત્યા નિપજાવી હત્યારો તલવાર સ્થળ ઉપર ફેંકતો ગયો હતો.
યાત્રાધામ ગોધરા અંબેધામ તરીકે ઓળખાતા ગામમાં જાહેરમાં હત્યાના હિચકારા બનાવથી ગરવા સમાજ અને ગ્રામજનોમાં દુઃખની લાગણી ફેલાઈ છે. આ અંગે સ્થાનિકે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, વિધવા માતાની દીકરી નોકરી કરતી હતી. મુન્દ્રા તાલુકાના તુંબડી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નર્સ તરીકે ફરજ નિભાવતી હતી. આ યુવતી તેમની માતા અને બે ભાઈઓ સાથે રહેતી હતી.

## પાલનપુરમાં ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક દુકાનમાં ઘૂસી જતાં અફરાતફરી મચી, સદનસીબે જાન હાનિ ટળી

(એજન્સી) બનાસકાંઠા | તા. 30

પાલનપુરના બિહારી બાગ પાસે વહેલી સવારે એક ટ્રક દુકાનમાં ઘૂસી ગઈ હતી. પાલનપુર-આબુ હાઈવે પર ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક દુકાનમાં ઘૂસી જતાં નાશભાગ મચી હતી. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. બનાવના પગલે પાલનપુર પોલીસે ઘટના સ્થળ પર પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.
બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત્ જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારે એક ટ્રક દુકાનમાં ઘૂસી ગઈ હતી. જેના કારણે નાસભાગ મચી હતી. રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી ટ્રક પાલનપુર જુના ચેકપોસ્ટથી એરોમાં સર્કલ તરફ જતા અધ વચ્ચે ટ્રક ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે ટ્રક રોડ નજીક આવેલી દુકાનમાં ઘૂસી ગઈ હતી. અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થયા હતા. પાલનપુર પોલીસ તત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવી હતી અને અકસ્માતને લઈ આગળની તપાસ હાથ ધરી છે.

## રૂ.1.28 કરોડના વિદેશી દારૂનો નાશ કરાયો

(એજન્સી) પંચમહાલ | તા. 30

પંચમહાલ જિલ્લામાં સમાવેશ થતા ચાર પોલીસ મથક દ્વારા કાર્યવાહી દરમિયાન પકડેલા વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો, ગોધરા તાલુકા નજીક આવેલા ભેખડીયા ગામે ગોધરા પ્રાંત અધિકારી, મામલતદાર, નાયબ મામલતદાર, ડીવાયએસપી, પીઆઈ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાંથી પકડવામાં આવેલો અંદાજે 1,28,78,652 રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.
ગોધરા એ અને બી ડિવિઝન, ગોધરા તાલુકા અને કાકણપુર પોલીસ મથકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. તે વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવાની કામગીરી આજ રોજ ગોધરા નજીક આવેલા ભેખડીયા ગામે હાથ ધરવામાં આવી હતી. આ ચાર પોલીસ મથકોએ અત્યાર સુધીમાં રૂ.1, 28,78,652 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેનો નાશ કરાયો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં ગોધરા પ્રાંત અધિકારી અને મામલતદાર નાયબ મામલતદાર તેમજ ગોધરા DYSPની ટીમ ખડેપગે હાજર રહી હતી. ત્યારે જિલ્લામાં પ્રોહીબિશનના અલગ અલગ ગુનામાં ઝડપાયેલા વિદેશી દારૂની અંદાજિત 102,300 જેટલી નાની મોટી પેટીઓનો પોલીસ દ્વારા નાશ કરવામાં આવ્યો હતો. જે માટે ગોધરા તાલુકાના ભેખડીયા ગામે પંચમહાલ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## ભાવનગરમાં ઠંડીનો પારો ફરી 16 ડિગ્રીથી નીચે

# માવઠાંની ચિંતા હટતા ફરી ઠંડીનું સામ્રાજ્ય, રાત્રે ઠંડો પવન ફૂંકાયો



(એજન્સી) ભાવનગર I તા. 30

ભાવનગર ઉપરથી માવઠાંની ચિંતાના વાદળો હટતાની સાથે જ ઠંડીએ ફરી સામ્રાજ્ય જમાવ્યું છે. રાત્રે ટાઢોબોળ પવન ફૂંકાવવાના કારણે ધ્રુજાવતી ઠંડીનો અનુભવ થયો હતો. દિવસ દરમિયાન પણ ઠંડીનો જોર રહેતા સપ્તાહના અંતમાં તાપમાન પોણા બેથી પોણા ત્રણ ડિગ્રી નીચું નોંધાયું હતું. ભાવનગર શહેર-જિલ્લામાં ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી થઈ હતી. જેની અસરના પગલે ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો પણ જોવા મળ્યો હતો. હવામાન વિભાગની આગાહી પૂરી થતાં જ શિયાળાની ઋતુએ ફરી જોર પકડયું હતું. ખાસ કરીને ગત રાત્રિના સમયે ઠંડો પવન ફૂંકાવાથી ભાવેણાંવાસીઓએ શીતલહેરનો અનુભવ કર્યો હતો. રાતથી વહેલી સવાર સુધી કડકડતી ઠંડી રહેતા લઘુતમ તાપમાન ૧.૭ ડિગ્રી ઘટીને ૧૫.૭ ડિગ્રીએ પહોંચી ગયું હતું. ઠંડી વધતા ભાવનગરમાં ઠંડીનો પારો બે દિવસ બાદ ફરી ૧૬ ડિગ્રીથી નીચે પહોંચ્યો હતો. તો બીજી તરફ આજે દિવસ દરમિયાન આઠ કિ.મી. પ્રતિકલાકની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે ઠંડીનું વર્ચસ્વ રહ્યું હતું. આ કારણે શહેરનું મહત્તમ તાપમાન પણ છેલ્લા ૨૪ કલાકમાં ૨.૬ ડિગ્રી ઘટીને ૨૫.૮ ડિગ્રીએ પહોંચી ગયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા નોંધાયું હતું.

## આદિપુરમાં જાહેરમાં ખૂની ખેલ ખેલાયો

# એક બુટલેગરે બીજા ઉપર હુમલો કર્યો તો પોલીસે 'શાખ બચાવવા સરઘસ' કાઢ્યું



### કાયદાની ઐસીતૈસી કરી બંને બુટલેગર જાહેરમાં જ સામસામે આવી ગયા

અંગત સૂત્રોએ જણાવ્યુ હતું કે, બુટલેગરો વચ્ચે ચાલતી દુશ્મનીનો અંત લાવવા અમુક પોલીસ કર્મીઓ દ્વારા 2-3 વખત પ્રયાસ પણ કરાયો છે પરંતુ તેમાં સફળતા નથી મળી, જેના કારણે કાયદાની ઐસીતૈસી કરી બંને બુટલેગર જાહેરમાં જ સામસામે આવી ગયા છે. ત્યારે પૂર્વ કચ્છ પોલીસ ગમે તેટલા દાવાઓ કરે પણ બુટલેગરો બેફામ બન્યા છે અને જો ટૂંક સમયમાં તેમના પર કાર્યવાહી નહીં કરવામાં આવે તો કાયદા વ્યવસ્થાની સ્થિતિ ક્યાં પહોચશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

(એજન્સી) આદિપુર I તા. 30

એક તરફ થર્ટી ફસ્ટ આવી રહી છે જેની ઉજવણી કરવા માટે નશાખોરો દારૂની મજા માણતા હોય છે. જેથી પોલીસે થર્ટી ફસ્ટ પહેલા જ પોતાની કામગીરી કડક કરી દે છે અને નશાખોરોને પકડવા લાગે છે ત્યારે હજુ પૂર્વ કચ્છના અંજારમાં પોલીસે અડધા કરોડનાં દારૂનો નાશ કરી પ્યાસીઓના અરમાનો પર બુલડોઝર ફેરવ્યું હતું ત્યાં આદિપુરમાં કુખ્યાત બુટલેગરોએ પોતાની દારૂ વેચવાની હરીફાઈમાં અને વિસ્તાર પર કાબો મેળવવા રેસમાં બોલાચાલી કર્યા બાદ સમાધાન કરવા બોલાવી ઘાતકી હથિયાર ધારણ કરી હત્યા કરી નાખવાના ઈરાદે બીજા બુટલેગર અને તેના સગીરતો પર હુમલો કરી નાખતા સમગ્ર ગાંધીના ધામ એવા આદિપુર વિસ્તારમાં ચકચાર જગાવી નાખી છે. આદિપુરનાં વોર્ડ 6-A માં રહેતા સચિન વિકાસ આનંદાણીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, ફરિયાદીની અગાઉ આદિપુરનાં વોર્ડ 6-A માં રહેતા આરોપી મનીષ ઉર્ફે મનીયો વિનોદભાઈ મૂલચંદાણી સાથે બોલાચાલી થઇ હતી. જેનું મનદુઃખ રાખી આરોપી મનીષે ફરિયાદીને ફોન કરી ગાળાગાળી કરી અને ફોન પર ફરિયાદીને 'તારે વોર્ડ 6-A બાજુ નહિ આવવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.' જે બાદ આરોપીએ ફરિયાદીને ફોન કરી સમાધાન માટે આદિપુરનાં સંતોષી માતાના મંદિર પાસે બોલાવ્યો હતો.

ફરિયાદી પોતાની સ્કૂટી લઈ મંદિર પાસે પહોંચ્યો હતો. જ્યાં આરોપી મનીષ ઉર્ફે મનીયો આવી ફરિયાદીને ગાળો આપી હતી અને કીધું હતુ કે, 'તને ના પાડી છતાં તું કેમ અવાર નવાર મારા વિસ્તારમાં આવે છે કહી જેકેટ માંથી છરી અને કોયતો કાઢી ફરિયાદીને મારી નાખવાના ઈરાદે હુમલો કર્યો હતો.' જેમાં આરોપીએ ફરિયાદીના ખંભાના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઝગડામાં ફરિયાદીને બચાવવા વચ્ચે પડતા તેના સાથી લાલો ઉર્ફે પૃથ્વી પર આરોપીએ છરીના છ થી સાત ઘા ઝીંકી દીધા હતા અને લક્ષ્મણ ઉર્ફે લચ્છુને પણ હાથમાં છરીના ઘા મારી ગંભીર રીતે ઘાયલ કરી દીધા હતા. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં છરી વડે હુમલો કરનાર મનીષની અટકાયત કરી લીધી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતું કે, આદિપુરના વોર્ડ 6-A વિસ્તારમાં લાલો ઉર્ફે પૃથ્વી ભરતભાઈ ઠક્કર આદિપુરના વોર્ડ 6-A વિસ્તારમાં છેલ્લા આઠેક વર્ષથી વિદેશી દારૂનો વેચાણ કરી રહ્યો છે. જ્યારે આ જ વિસ્તારમાં મનીષ ઉર્ફે મનિયાએ છેલ્લા બે વર્ષથી વિદેશી દારૂ વેચવાનું ચાલુ કર્યું છે. જેમાં આ લાલો ઉર્ફે પૃથ્વીને ધંધોમાં ખોટ જઈ રહી છે. જે બાબતે બે વચ્ચે અવાર-નવાર બોલાચાલી અને ગાળાગાળી થઇ ચુકી છે. જેમાં દારૂ વેચવા મુદ્દે સંતોષી માતાજીનાં મંદિર પાસે બેઠક કરવા જતા બેઠકમાં બોલાચાલી થતા આ માથાભારે બુટલેગર મનીષે લાલો ઉર્ફે પૃથ્વી અને તેના બે સાગરીતો પર મારી નાખવાના ઈરાદે છરી અને કોયતા જેવા ઘાતક હથિયાર વડે હુમલો કરી દીધો હતો.

## મોટી રાત્રે બધી દુકાનોમાં ચોરીને અંજામ આપતા હતા

# 14થી વધુ દુકાનોમાં ચોરી કરનાર ચીકલીગર ગેંગના આરોપીઓ ઝડપાયા

(એજન્સી) ગાંધીનગર I તા. 30

ગાંધીનગર જિલ્લાના માણસા, છત્રાલ, નારદીપુર અને મહેસાણા જિલ્લાના નંદાસણ વિસ્તારમાં આવેલ કોમર્શીયલ ૧૪થી વધુ દુકાનોને ટાર્ગેટ કરી ચોરીને અંજામ આપતી કલોલની ચીકલીગર ગેંગના બે આરોપીઓને ઝડપી ઘરફોડ અને બાઈક ચોરીના પાંચ ગુનાઓનો ભેદ ગાંધીનગર જિલ્લા એલસીબીએ કર્યો છે.પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટીએ ગાંધીનગનરના હદ વિસ્તારમાં થતી ઘરફોડ ચોરીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ આપેલ સૂચના અને એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી.વાળાના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સ એમ.જે.મકવાણા તથા સ્ટાફના એ.એસ. આઇ. ભવાનસિંહ પુથ્વીસિંહ તેમજ એ.એસ.આઇ. ધર્મેન્દ્રસિંહ રજુસીંહ તથા હેડ કોન્સ. વિજયભાઇ ભીખાભાઇ તેમજ વુ.હેડ કોંન્સ. શીતલબેન મગનભાઈતથા પો.કોન્સ. રાજવીસિંહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હતા ત્યારે બાતમીના આધારે પરબતપુરા ગામના પાટીયા પાસેથી આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે.ગાંધીનગર રેન્જના ગાંધીનગર જિલ્લાના માણસા, કલોલ તાલુકાના છત્રાલ અને નારદીપુર તેમજ મહેસાણા જિલ્લાના નંદાસણ વિસ્તારમાં આવેલ કોમર્શીયલ દુકાનોને ટાર્ગેટ કરી કુલ- ૧૪ દુકાનોમાં ચોરીને અંજામ આપી કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/- થી વધારેની રોકડ રકમની ચોરી કરેલ અને આ ચોરી કરવા છત્રાલ ખાતેથી ચાલુ સાલના સપ્ટેમ્બર માસમાં એક બજાજ કંપનીનું પ્લસર બાઈકની ચોરી કરી ઘરફોડ ચોરીઓને અંજામ આપવા સારૂ ચોરી કરેલ બાઈક લઈ જતા જે ચોરીનું બાઇક ચોરી કર્યા બાદ બીનવારસી મુકી દીધેલ.કોમર્શીયલ દુકાનોની રેકી કરી બાદ મોટી રાત્રે એક સાથે ઘણી બધી દુકાનોમાં ચોરીને અંજામ આપતા હતા.

## આબુરોડ તરફથી આવી રહેલું ટ્રેલર હાઈવે પર આવેલા ટી સ્ટોલમાં ઘૂસી ગયું

બનાસકાંઠાઃ પાલનપુર હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. મોડી રાત્રે આબુરોડ તરફથી આવી રહેલા ટ્રેલરે અકસ્માત સર્જ્યો હતો. બેકાબૂ ટ્રેલર હાઈવે પર આવેલા ટી સ્ટોલમાં ઘૂસી ગયું હતું. જ્યારે ટ્રેલર ચાલક અકસ્માત સર્જ્યા બાદ ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ટી સ્ટોલના માલિકને મોટું નુકસાન પહોંચ્યું છે. વહેલી સવારે 3 વાગ્યા આસપાસ ટી સ્ટોલ બંધ હોવાથી મોટી જાનહાની ટળી છે. થ્રિ લેગ એલિવેટેડ બ્રિજના સર્વિસ રોડ પરથી આવી રહેલા ટ્રેલરે અકસ્માત સર્જ્યો હતો. ઘટનાને પગલે ટી સ્ટોલ ધારકને મોટુ નુકશાન પહોંચ્યું છે. જ્યારે સદ્દનસીબે મોટી જાનહાની ટળી છે. ટ્રેલર આબુરોડ તરફથી આવી રહ્યું હતું, ત્યારે ટ્રેલર ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા ઘટના બની હતી.

## આણંદના જોળ ગામનો બનાવ

# મજૂરી કરવા આવેલા પરિવારે જમીન પર કબજો જમાવી લીધો

(એજન્સી) આણંદ I તા. 30


આણંદના જોળ ગામે ૨૨ વર્ષ પહેલા મજૂરી માટે આવેલા પરિવારે એક જમીનમાં ગેરકાયદે બે ઓરડી બનાવી, જમીન માલિકને કબ્જો પરત ન સોંપતા લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે ૧૦ શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વડોદરામાં રહેતા જગદીશભાઈ પટેલના મિત્ર કમલેશભાઈ ચંદુભાઈ પટેલ ગત જાન્યુઆરીમાં અમેરિકાથી ભારતમાં આવ્યા હતા. ત્યારે જોળ ગામની સીમમાં નહેર પાસે આવેલી તેમની વડિલોપાર્જીત જમીન છે. ૨૨ વર્ષ પહેલા રેસીયાભાઈ ભીલિયાભાઈ રાઠવા અને તેમનો પરિવાર મજૂરી માટે જોળ આવ્યા હતા. ત્યારે તેમની જમીનમાં કાચી ઓરડી કામચલાઉ રહેવા માટે આપી હતી. જોકે, રેસીયાભાઈ અને તેના પરિવારે અન્ય બે ઓરડીઓ બનાવી લઈ, તમે અમને રૂ.૬૦ લાખ રોકડા અને વિદ્યાનગરમાં એક બંગલો આપશો તો જ જમીન ખાલી કરીશું તેમ જણાવ્યું હતું.

**જમીન પરત આપવા 60 લાખ રોકડ અને બંગલાની માંગ : 10 સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો**

તેમજ ધમકી આપી હતી. આ અંગે જિલ્લા કલેક્ટર કચેરીએ લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે રેસીયાભાઈ ભીલિયાભાઈ રાઠવા, કૈલાશબેન રેસીયાભાઈ રાઠવા, દિપુબેન રેસીયાભાઈ રાઠવા, વિકેસ ઉર્ફે વિકો વેસલાભાઈ રાઠવા, મુકેશ ઉર્ફે કાળિયો વેસલાભાઈ રાઠવા, સેલીબેન વેસલાભાઈ રાઠવા, ફુદાભાઈ મંજીભાઈ રાઠવા, રમીલાબેન ફુદાભાઈ રાઠવા, લાલાભાઈ ઉર્ફે લાલિયો ફુદાભાઈ રાઠવા અને ભાવિનભાઈ ફુદાભાઈ રાઠવા સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધ્યો હતો.

## અચાનક ઉછળ્યો 20 ફૂટ ઊંચો પાણીનો ફુવારો અને...

મહીસાગરઃ ખાનપુર પાસે પાણી પૂરવઠાની મુખ્ય પાઈપ લાઈનમાં લીકેજની ઘટના બની છે. અચાનક લાઈનમાં ભંગાણ થતાં 20 ફૂટ ઊંચે પાણીના ફૂવારા ઉડ્યા હતા. 66 ગામ સાથે જોડાયેલ આ પાણી પૂરવઠા યોજનામાં ભંગાણ થતાં પાણીનો વેડફાટ થયો હતો. આ વેડફાટના



દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે મુખ્ય પાઈલ લાઈનમાં લીકેજ થવાને કારણે 20 ફૂટ ઊંચો પાણીનો ફૂવારો ઉડી રહ્યો છે અને આસપાસના વિસ્તારમાં જાણે નદીઓ વહી રહી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સ્થાનિકનો આક્ષેપ છે કે, છેલ્લા 3 મહિનાથી વહીવટી તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્રએ ધ્યાન ન લેતા મોટું લીકેજ થયું હતું અને પાણીનો વેડફાટ થયો હતો.

# માંડવીના ગોધરામાં ધોળા દિવસે તલવારના ઘા મારી ક્રૂરતાપૂર્વક હત્યા

## પોલીસની કામગીરી સામે અનેક સવાલો : પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

(એજન્સી) માંડવી તા. 30

રાજ્યમાં સતત ગુનાખોરી અને હત્યાના કેસમાં વધારો થઇ રહ્યો છે. ત્યારે આજે વહેલી સવારે કચ્છના માંડવીના ગોધરામાં એક 25 વર્ષીય યુવતીની તલવારના ઘા મારી ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો છે. પશ્ચિમ કચ્છમાં કાયદો વ્યવસ્થા કથળતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ પોલીસની કામગીરીને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. હાલમાં મળતી માહિતી મુજબ કચ્છના માંડવી તાલુકાના ગોધરામાં



આજે વહેલી સવારે એક યુવતી નોકરી જવા માટે બસની રાહ જોઇ રહી હતી. આ દરમિયાન અજાણ્યા શખ્સોએ બાઈક પર આવીને 25 વર્ષીય યુવતીની નિર્દયતાપૂર્વક તલવારના ઘા મારી હત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે. આ હત્યાના બનાવના પગલે સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. હત્યાના બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે યુવતીની ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી દીધી છે. પોલીસ તપાસ કરી રહી છે કે યુવતીની હત્યા કયા કારણોસર કરવામાં આવી છે. યુવતીનું કોઇ યુવક સાથે પ્રેમસંબંધ હતો કે પછી એકતરફી પ્રેમમાં આ કરૂણ અંજામ આપવામાં આવ્યો છે. હત્યાનું કારણ હજુ જાણી શકાય નથી. પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ પોલીસ કામગીરી સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ કચ્છમાં કાયદો વ્યવસ્થા કથળતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ગઢડાના ખોપાળા ગામે બે ભાઈને મારી નાંખવા ધમકી

ભાવનગર : ગઢડા તાલુકાના ખોપાળા ગામે રહેતા વિભાભાઈ નાથાભાઈ સાટિયા ઘરે હાજર હતા.તે દરમ્યાન દિકરા કાનજીભાઈ તથા દિનેશભાઈ ઘરે આવ્યા હતા. અને વાત કરેલ કે સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે બકરા લઈને ખોપાળા ગામથી તપરડીના જુના માર્ગે ચાલ્યા જતા હતા. ત્યારે ગામના ઘનયામ તળશીભાઈ ગાભાણી સામા મળતા બંને ભાઈઓને ઉભા રાખી ગાળો આપી કહેવા લાગેલ કે પરમ દિવસે મારી વાડીના શેઠા ઉપર આવેલ તારની વાડ તોડી તમારા બકરા વાડીમાં કેમ આવવા દીધા હતા. તમારા બકરાએ મારી વાડીમાં વાવેલ કપાસમા કેટલુ બધુ નુકશાન કરેલ છે. તેમ કહી ગાળો આપી હતી બંને ભાઈઓએ કહેલ કે અમે કોઇ બેંકરા તમારી વાડીમા ચરાવેલ નથી કે તાર તોડેલ નથી તેવામાં ઘનશ્યામે એકદમ ઉશ્કેરાઇ લાકડી બતાવી કહેવા લાગેલ કે હવે બીજીવાર મારી વાડીની આસપાસ પણ દેખાણ તો એકેય ને જીવતા નહી રહેવા દઈએ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અંબાજીના ભક્તો માટે ગૂડ ન્યૂઝ, અમદાવાદથી 2027માં ટ્રેન દોડતી થશે, 20% કામગીરી પૂર્ણ

**104 ગામને મળશે લાભ**

## શક્તિપીઠ અંબાજી મંદિરની થીમ પર જ અંબાજી સ્ટેશન બનાવાશે

(એજન્સી) અંબાજી તા. 30

શક્તિપીઠ અંબાજી જવા માંગતા શ્રદ્ધાળુઓ માટે આનંદના સમાચાર છે. હવે અમદાવાદથી 173 કિલોમીટર દૂરના અંતરે આવેલા અંબાજી સુધી ટ્રેન દ્વારા પહોંચી શકાશે. અમદાવાદ-અંબાજીને રેલ નેટવર્ક સાથે જોડવાની તેમજ શક્તિપીઠ અંબાજીમાં રેલવે સ્ટેશન બનાવવાની કામગીરી હાલ કાર્યરત છે. ગુજરાતમાં હવે 2027માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી અગાઉ અમદાવાદથી અંબાજી વચ્ચે ટ્રેન દોડતી થઈ જાય તેવી સંભાવના છે. અમદાવાદથી અંબાજી માટે હાલ માત્ર બાય રોડનો વિકલ્પ છે. અમદાવાદ-અંબાજી વચ્ચે ટ્રેન દોડતી કરવા મહેસાણા નજીક તારંગાથી અંબાજી થઈ આબુ રોડ સુધીની લગભગ 116 કિલોમીટર લાંબી નવી રેલવે લાઈન નાખવાની કામગીરી હાલમાં જારી છે. આ રેલવે લાઇન શરુ થતાં લોકો અમદાવાદ અને દિલ્હીથી સીધા અંબાજી



સુધી ટ્રેન દ્વારા અવર-જવર કરી શકશે. આ રેલવે લાઈન 6 નદી, 60 ગામ વચ્ચેથી પસાર થશે. ચાર તબક્કામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટથી ગુજરાતના 3 જિલ્લાના 104 ગામને લાભ થશે.

આ રેલવે લાઇન મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજસ્થાનમાં સિરોહીથી પસાર થશે. ન્યુ તારંગા હિલ, સતલાસણા, મુમનાવાસ, મહુડી, દાલપુરા, રૂપપુરા, હડાડ અંદાજે 15 જેટલા સ્ટેશન બનાવાશે. અંબાજી રેલવે સ્ટેશન બનાવવાની કામગીરી પણ શરુ કરી દેવાઈ છે. અંબાજી સ્ટેશનનું પ્લેટફોર્મ અને સ્ટેશન બિલ્ડિંગ મંદિર નજીક ચિકલા ગામ વિસ્તારમાં આવેલ પર્વતમાળા તેમજ 400 જેટલા વૃક્ષોને કાપી તૈયાર કરવામાં આવશે.

### સ્ટેશનની અંદર જ હોટેલ સહિતની સુવિધા

રેલવે દ્વારા એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા અને અંબાજી શક્તિપીઠની થીમ પર જ મંદિરથી અંદાજે 3.5 કિલોમીટરના અંતરે લગભગ 175 કરોડના ખર્ચે બે માળના અંબાજી રેલવે સ્ટેશનની બિલ્ડિંગ તેમજ 7 માળના અને 100 રૂમની સુવિધા ધરાવતાં બજેટ હોટલની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. સ્ટેશન બિલ્ડિંગમાં 51 શક્તિપીઠના પ્રતિક સમાન 51 શિખર તૈયાર કરવામાં આવશે. અંબાજી સ્ટેશને તૈયાર થનારા ત્રણ પ્લેટફોર્મ પર અવર જવર કરવા માટે સબવે પણ તૈયાર કરાશે.

## જેતપુરના પ્રોજેક્ટ સામે વિરોધ : માછી સમાજની ચીમકી


# પાણી દરિયામાં છોડવાના પ્રોજેક્ટને પડતો નહીં મુકે સરકાર તો 3 લાખથી વધુ માછીમારો રસ્તા પર ઉતરશે

(એજન્સી) જેતપુર I તા. 30

જેતપુરના પ્રોજેક્ટ સામે વિરોધ. જુનાગઢમાં પણ માછીમારી ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોને દહેશત છે કે જો આ પ્રોજેક્ટ અમલી બની જશે. પછી તેઓને પણ ફટકો પડશે. માત્ર જૂનાગઢ કે પોરબંદર જ નહીં પરંતુ ગુજરાતના 1600 કિલોમીટર દરિયાને નુકસાનની શકયતાઓ છે. આગામી દિવસોમાં 3 લાખ માછીમારો રસ્તાઓ પર ઉતરશે અને પ્રોજેક્ટનો વિરોધ કરશે.જેતપુરના ડાઈંગ ઉદ્યોગનું પાણી જેતપુરથી પોરબંદરના દરિયામાં પાઈપલાઈન મારફતે છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે સરકારની આ યોજના સામે આસપાસના તમામ દરિયાકાંઠા વિસ્તારના માછી સમાજનો રોષ ભભુક્યો છે. જુનાગઢ જિલ્લાના માછીમાર સમાજમાં વિરોધનો અગ્નિ ભભુકી ઉઠ્યો છે. આ વિરોધની આગ હવે મોટુ સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહીં. માછીમારોની રજૂઆત છે કે પ્રોસેસ કરીને પણ જો ડાઈંગ ઉદ્યોગનું પાણી દરિયામાં ઠલવાશે તો પણ દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાન થશે અને આ પ્રદૂષિત પાણીમાં વિહાર કરતી માછલીઓ કોઈ ખરીદવા પણ તૈયાર નહીં થાય. સરકારના નિર્ણયથી માછીમારોની રોજી-રોટી જોખમાવાનો પ્રશ્ન સર્જાયો છે.

દરિયામાં પ્રદૂષિત પાણી છોડવાના પ્રોજેક્ટ સામે હવે દિવસે દિવસે વિરોધ ઉગ્ર થઇ રહ્યો છે. એક બાદ એક જિલ્લાઓમાં હવે માછીમાર સમાજ આ પ્રોજેક્ટ સામે લડી લેવાના મુડમાં આવી ગયો છે. માછીમારો માની રહ્યા છે કે જો આ પ્રોજેક્ટ અમલી બનશે. તો લાખો માછીમારોને મોટો ફટકો પડશે અને દરિયામાં જીવસૃષ્ટિ પણ નાશ પામશે. માંગરોળના ધારાસભ્ય ભગવાનજી કરગટિયાએ ખાતરી આપી કે તેઓ સરકારમાં રજૂઆત કરશે અને માછીમારોને કોઈ નુકસાન ન થયા તે માટે ધ્યાન રાખશે.માત્ર ધારાસભ્ય જ નહીં હાલ તો જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાએ પણ ખાતરી આપી છે કે તેઓ પણ સરકારમાં રજૂઆત કરશે અને માછીમારોની ચિંતાને વાચા આપશે. હાલ તો લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ રજૂઆતની ખાતરી આપી રહ્યા છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે.




**વૃષભ (બ,વ,ઉ)**
રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્લ તમે નસીબદાર છો.




**મિથુન (ક,છ,ઘ)**
તમારૂ અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો.



**કર્ક (ડ,હ)**
ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ દેખાવનો નીખારશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકોને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે.




**સિંહ (મ,ટ)**
સ્વાસ્થ્ય બરાબર રહેશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.




**કન્યા (પ,ઠ,ણ)**
કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.




**તુલા (ર,ત)**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને ધન લાભ પણ થઇ શકે.




**વૃશ્ચિક (ન,ય)**
ઘરની જરૂરિયાતને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.



**ધન (ભ,ધ,ફ)**
અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે.



**મકર (ખ,જ)**
જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કાર્યો અટકી પડશે. તમે જે કાર્યક્રમમાં સહભાગી થશો તેમાંથી નવી મિત્રતા વિકસશે.



**કુંભ (ગ,શ,સ)**
સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

## ઈક્વિટીમાં સીધા રોકાણ કરતાં ઈન્ડેક્સ, મલ્ટી કેપ ફંડ સારા; ગોલ્ડથી પોર્ટફોલિયોને સ્માર્ટ બનાવો

# નવા વર્ષની શરૂઆત નાણાકીય વૃદ્ધિ સાથે કરો

(એજન્સી) નવી દિલ્હી તા 30

આપણે 2025ના ઉંબરે છીએ અને નવા વર્ષને આવકારવા માટે તૈયાર છીએ. જેમ જેમ વર્ષો બદલાય છે તેમ, નાણાકીય બજારમાં નવા વલણો આકાર લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં નવા વર્ષમાં ઉપલબ્ધ તકોને સમજવાનો આ યોગ્ય સમય છે. ભલે તમે અનુભવી રોકાણકાર હોવ અથવા હમણાં જ શરૂઆત કરી રહ્યા હોવ, 2024માં કામ કરતી રોકાણ પદ્ધતિઓ 2025માં પણ કામ કરે તે જરૂરી નથી. જો કે, આ વર્ષના કેટલાક વલણો 2025 માટે મૂલ્યવાન માહિતી પ્રદાન કરી શકે છે. 2025ના કેટલાક મેગાટ્રેન્ડ્સને સમજીને, તમે વર્ષની શરૂઆતમાં નાણાકીય ધાર મેળવી શકો છો. નવા વર્ષમાં ઈન્ડેક્સ ફંડમાં રોકાણથી લઈને પરંપરાગત વીમાને ધ્યાનમાં લેવા અને યોગ્ય લિક્વિડ ફંડ્સ શોધવા સુધીની ઘણી તકો હશે. તમારા પોર્ટફોલિયોમાં સ્થિરતા માટે સોનામાં કેટલાક પૈસા પણ રોકાણ કરો. ચાલો નવા વર્ષના પાંચ મેગાટ્રેન્ડને ધ્યાનમાં લઈએ.. ફ્લેક્સી-કેપ ફંડ્સમાં 42% વૃદ્ધિએ ફંડ મેનેજરોને અસ્થિર બજારોમાં લવચીકતા આપી. પરંતુ વાસ્તવિક સ્ટાર ઈન્ડેક્સ ફંડ હતો. તેમની AUM 82% વધીને રૂ. 1 લાખ કરોડથી ઉપર પહોંચી ગઈ છે. લાંબા ગાળે નફો મેળવવા માટે રોકાણકારો ઓછી ફી, શિસ્તબદ્ધ અને નિષ્ક્રિય વ્યૂહરચના તરફ વળી



રહ્યા છે. તેનો અર્થ એ કે તેઓ પરિપક્વ થઈ રહ્યા છે. નિષ્ક્રિય રોકાણ હવે માત્ર એક વિકલ્પ નથી; આ ધોરણ બની રહ્યું છે.ભારતીયોમાં રોકાણ માટે વીમો ખરીદવામાં રસ ઘટી રહ્યો છે. હવે લોકો રોકાણ અને સુરક્ષાને અલગથી જોઈ રહ્યા છે. તેઓ સમજવા લાગ્યા છે કે વીમો એ સંપત્તિ સર્જનનું સાધન નથી પણ રક્ષણનું સાધન છે. પરંપરાગત એન્ડોવમેન્ટ પોલિસી અને યુનિટ લિન્ક્ડ પ્લાન્સ (યુલિપ), જે એક સમયે ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયો અને ટેક્સ પ્લાનિંગનો અભિન્ન ભાગ ગણાતા હતા, હવે તેમની અપીલ ગુમાવી રહી છે.સ્ટોક પોર્ટફોલિયોનું સંચાલન કરવું થોડું વધારે મુશ્કેલ છે. શેરબજારની ગતિશીલતાને જોતાં, ક્યારે ખરીદવું, પકડવું કે વેચવું તે નક્કી કરવું મુશ્કેલ બની શકે છે. ડાયરેક્ટ ઈક્વિટી (શેર માર્કેટ) રોકાણોમાંથી ટેક્સ પછીના વળતરને જોતાં, ઘણા લોકોને પેસિવ ઈન્ડેક્સ ફંડ્સમાં રોકાણ કરવું સારો વિચાર લાગે છે.આમાં નવી કર વ્યવસ્થાની પણ મોટી ભૂમિકા છે. જીવન વીમા પ્રીમિયમ પરની કપાત નાબૂદ કરવામાં આવી છે. એક સર્વે અનુસાર, 2024માં માત્ર 37% પગારદાર લોકોએ વીમા સાથે જોડાયેલ ઉત્પાદનોમાં રોકાણ કર્યું હતું. 2022માં આ આંકડો 46% હતો.ઘણા રોકાણકારો એ સમજવા લાગ્યા છે કે ઈક્વિટીમાં સીધા રોકાણમાં સામેલ સમય અને તણાવને અનુરૂપ વળતર ન પણ હોઈ શકે.

### PDEUના પ્રોફેસરો દ્વારા વિકસાવવામાં આવેલી

## નવીન પાણી ડિસેલિનેશન ટેક્નો. CGPDTMના SDG નવીનતા કમ્પેન્ડિયમમાં સ્થાન મળ્યું

(એજન્સી) નવી દિલ્હી તા 30

ભારતના ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસે સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) સાથે સંલગ્ન 80 નવીન ઉકેલોનો કમ્પેન્ડિયમ જાહેર કર્યો છે. આ ઉકેલો, જે ભારતીય શોધકોએ વિકસાવ્યા છે, આરોગ્ય, કૃષિ, ઊર્જા અને પાણીની ટકાઉતા સંબંધિત વૈશ્વિક પડકારોને ઉકેલવામાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીની (IP) પરિવર્તનાત્મક ભૂમિકા દર્શાવે છે. આ પહેલમાં આઈપી અધિકારોની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો છે, જે નવીનીકરણને પ્રોત્સાહન આપવા, જ્ઞાનની રક્ષાનું અને ટેક્નોલોજી ટ્રાન્સફર દ્વારા આર્થિક વિકાસ અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહિત કરવાનો કાર્ય કરે છે. પેટન્ટ, ડિઝાઈન્સ અને ટ્રેડમાર્કના કંટ્રોલર જનરલ (CGPDTM) દ્વારા પ્રારંભ કરાયેલા આ કમ્પેન્ડિયમમાં નવીનીકરણ અને ટકાઉતા વચ્ચેના સંકલનને ઉજાગર કરવામાં આવ્યું છે અને આઈપી સાથે વિકાસની રણનીતિઓના સમન્વય માટે માર્ગદર્શિકા





પ્રદાન કરી છે. આ તાજેતરના કમ્પેન્ડિયમમાં સૌર-જિયોથર્મલ હાઈબ્રિડ ડિસેલિનેશન સિસ્ટમ, જે પંડિત દીંડયલ એનર્જી યુનિવર્સિટીના પ્રોફેસરો મનન શાહ અને અનિર્બીડ સિરકાર અને એસ.એસ. આગ્રવાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, નવસારીના સહાયક પ્રોફેસર મિતુલ એચ. પ્રજાપતિ દ્વારા વિકસાવવામાં આવી છે, તે પાણીની અછત સામે તેની પરિવર્તનકારી સંભાવના માટે આકર્ષક છે. આ સિસ્ટમ, જે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસ દ્વારા તાજેતરમાં પ્રકાશિત કમ્પેન્ડિયમમાં વિગતવાર ચર્ચાવાઈ છે, સોલર થર્મલ કોલેક્ટર્સ અને જિઓથર્મલ ગરમીનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમ સ્કેલેબિલિટી અને અર્થીકતા દૃષ્ટિએ ડિઝાઈન કરવામાં આવી છે અને ખાસ સુખા વિસ્તારોમાં અનુકૂળ છે જ્યાં સ્વચ્છ પાણી મેળવવામાં મુશ્કેલી આવે છે. સૌર-જિયોથર્મલ હાઈબ્રિડ ડિસેલિનેશન સિસ્ટમ સીધો યોગદાન આપે છે અનેક SDGs (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ) માટે, ખાસ કરીને: SDG 6: સ્વચ્છ પાણી અને સેનિટેશન- પાણીની અછતવાળા વિસ્તારોમાં પોટેબલ પાણીનો સ્કેલેબલ પહોંચ પ્રદાન કરીને. SDG 7: સસ્તું અને સ્વચ્છ ઊર્જા - નવીનીકરણશીલ ઊર્જા સ્રોતો પર આધાર રાખીને. SDG 13: વાતાવરણીય ક્રિયા - પાણી ઉત્પત્તિનો પર્યાવરણીય પાદચિહ્ન ઘટાડીને. સૌર-જિયોથર્મલ હાઈબ્રિડ ડિસેલિનેશન સિસ્ટમ એવા સમુદાયો માટે આશાસ્પદ ઉકેલ તરીકે ઉભરી આવી છે જેઓ પીવાનું પાણી મેળવવાની મુશ્કેલીથી નોંધપાત્ર રીતે પીડાય છે. આ પહેલને અપનાવવાથી માત્ર મૂળભૂત જરૂરિયાતને પહોંચી વળવામાં જ નહીં, પરંતુ જાહેર આરોગ્યની સુરક્ષા, ગરીબી ઘટાડવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવામાં પણ મહત્ત્વપૂર્ણ અને પ્રભાવશાળી પરિવર્તન આવે છે. આ ક્રાંતિકારી સિસ્ટમ પાણીની અછતને સંબોધવા અને વૈશ્વિક સ્તરે સમુદાયો માટે વિશ્વસનીય તાજા પાણીની બાંયધરી આપવા માટે સૌર અને ભૂ-ઉષ્મીય ઊર્જા જેવા નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરે છે.

## સેન્સેક્સ 450 પોઈન્ટ ઘટીને 78,248 પર બંધ: નિફ્ટી પણ 168 પોઈન્ટ તુટ્યો

(એજન્સી) મુંબઇ તા 30

આજે 30 ડિસેમ્બરે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ 450 પોઈન્ટના ઘટાડા સાથે 78,248 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 168 પોઈન્ટ ઘટીને 23,640ની સપાટીએ બંધ થયો હતો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 22 ઘટ્યા અને 8માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 38 ઘટ્યા અને 11માં તેજી રહી. તેમજ, એક શેર કોઈપણ ફેરફાર વિના બંધ થયો હતો. મીડિયા, ઓટો, મેટલ અને PSU બેન્ક સહિતના NSE સેક્ટોરલ ઈન્ડેક્સ 1% કરતા વધુના નુકસાન સાથે બંધ થયા.

### એશિયન બજારો માટે મિશ્ર કારોબાર

એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 0.75% અને કોરિયાનો કોસ્પી 0.42% વધ્યો હતો. તે જ સમયે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.089% ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

NSE ડેટા અનુસાર, 27 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 1,323.29 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ 2,544.64 કરોડના શેર ખરીદ્યા હતા.

27 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.77%ના ઘટાડા સાથે 42,992 પર બંધ થયો હતો. S&P 500 ઈન્ડેક્સ 1.11% ઘટીને 5,970 પર અને Nasdaq 1.49% ઘટીને 19,722 પર આવી ગયો.

### ઈન્ડો ફાર્મ ઈક્વિપમેન્ટનો આઈપીઓ આજે ખુલશે

પ્રારંભિક જાહેર ઓફર એટલે કે ઈન્ડો ફાર્મ ઈક્વિપમેન્ટ લિમિટેડનો IPO આવતીકાલે એટલે કે 31મી ડિસેમ્બરે ખુલશે. રોકાણકારો આ ઈસ્યુ માટે 2 જાન્યુઆરી સુધી બિડ કરી શકશે. 7 જાન્યુઆરીએ કંપનીના શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

### શુક્રવારે બજારમાં તેજી જોવા મળી હતી

આ પહેલા શુક્રવાર એટલે કે 27 ડિસેમ્બરે સેન્સેક્સ 226 પોઈન્ટના વધારા સાથે 78,699 ના સ્તર પર બંધ થયો હતો. નિફ્ટી પણ 63 પોઈન્ટ વધીને 23,813 ના સ્તર પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 20 ઉપર અને 10 ડાઉન હતા. નિફ્ટીના 50 શેરોમાંથી 30 ઉપર અને 20 ડાઉન હતા. NSE સેક્ટોરલ ઈન્ડેક્સમાં ફાર્મા સેક્ટર સૌથી વધુ 1.30% ના વધારા સાથે બંધ થયું.

## એસીસી ટિકરિયા ખાતે અદાણી ફાઉન્ડેશને કૌશલ્ય વિકાસ દ્વારા આત્મ-નિર્ભરતાને પ્રોત્સાહન આપ્યું

(એજન્સી) લખનૌ તા 30

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની એસીસી અને અદાણી ફાઉન્ડેશન ભેગા મળીને ટિકરિયામાં કૌશલ્ય વિકાસ પહેલ દ્વારા ગ્રામીણ યુવાને સશક્ત કરી રહ્યાં છે. અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર (એએસડીસી)માં તાલીમ દ્વારા અમેઠીમાં કાકવા ગામના માલતી દેવી તેમના જીવનમાં પરિવર્તન લાવ્યાં છે તથા તેમના પરિવારને સપોર્ટ કરવા અને આત્મ-નિર્ભરતા માટે નાણાકીય અવરોધોને પાર કર્યાં છે.



માલતી દેવીએ તેમના પિતાના અવસાન બાદ પરિવારની જવાબદારી ઉઠાવીને નોંધપાત્ર પડકારો પાર કર્યાં છે. તેમણે એએસડીસી ટિકરિયા ખાતે ત્રણ-મહિનાનો ડોમેસ્ટિક ડેટા એન્ટ્રી ઓપરેટર કોર્સમાં પ્રવેશ મેળવીને આવશ્યક કૌશલ્યોથી સજ્જતા કેળવી હતી. તેમની સખત મહેનત અને સમર્પણથી તેમને ઈન્ડિવિલેજ ટેક સોલ્યુશન્સ ખાતે માસિક રૂ. 11,800ની આવક સાથે નોકરી મળી છે. માલતી દેવીની સફળતાથી તેમને નાણાકીય સ્થિરતા પ્રાપ્ત થવાની સાથે-સાથે તેમના પરિવારને સપોર્ટ મળ્યો છે તથા તેમની બહેનના શિક્ષણનો ખર્ચ ઉઠાવવા પણ સક્ષમ બન્યાં છે, જેથી તેમના ઉજ્જવળ ભવિષ્યનું સપનું પૂર્ણ થયું છે.

એસીસી અને અદાણી ફાઉન્ડેશનની પહેલ ગ્રામીણ સમુદાયો પર પરિવર્તનશીલ અસર કરે છે, જે બધા માટે આશા અને તક પ્રદાન કરે છે.

## સોનાટાએ નવું સ્લીક કલેક્શન બજારમાં મુક્યું

(એજન્સી) મુંબઇ તા 30

કાંડા-ઘડિયાળની અગ્રણી કંપની સોનાટાએ પોતાની ભવ્ય સ્લીક સિરીઝની છઠ્ઠી આવૃત્તિ - ધ સ્લીક કલેક્શન બજારમાં મુકી છે. આ લોન્ચ ભવ્યતા અને ઈનોવેશન પ્રત્યેની સોનાટાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેની નવી પ્રભાવી ઓળખ અને કાળજીપૂર્વકની કારીગરીથી ઘડિયાળના ફીચર મિનિમલ પરંતુ મનોહર છે અને અત્યારના યુવાન વ્યાવસાયિકો માટે તે આદર્શ છે. વ્યાવસાયિક અપેક્ષાઓના સોપાન સર કરી રહેલા શહેરી અને પરાંઓમાં રહેનારા ટ્રેન્ડસેટર યુવાનો માટે સ્લીક કલેક્શન કાલાતીત ડિઝાઈન અને આધુનિક પસંદગીઓનો સમન્વય છે.



ઉદ્યોગના અહેવાલ પ્રમાણે ભારતીયો અત્યારે સ્ટાઈલ અને મૂલ્યના સમન્વયવાળી મિડ-રેન્જ કીંમતવાળી ઘડિયાળ પસંદ કરે છે. સોનાટાનું નવું સ્લીક કલેક્શન આ માંગ પૂરી કરવા તૈયાર કરવામાં આવી છે. તે છટાદાર દેખાવવાળી અને પોસાય એવી છે. ડિશવાળા બોટમવાળી અને 6.05 મીમીની અલ્ટ્રાસ્લિમ પ્રોફાઈલવાળી આ ઘડિયાળ કાંડા પર બંધબેસતી છે. તે મેટલ, ચામડાં અને મેશ પટ્ટા સાથે આવે છે અને યુવા મિલેનિયલની ગતિશીલ જીવનશૈલી તેમજ વ્યાવસાયિક અને સામાજીક જિંદગીનું સંતુલન જાળવતા જેન ઝેડ સાથે બરાબર મેળ ખાય છે.

## સીસીએવન્યુ બેસેઇન કેથોલિક બેન્ક કો-ઓપ બેન્કની નેટ બેન્કિંગ સુવિધા પર ઉપલબ્ધ

(એજન્સી) ગાંધીનગર તા 30

ફિનટેક ક્ષેત્રની અગ્રણી લિસ્ટેડ કંપની ઈન્ફિબીમ એવન્યુઝ લિ (બીએસઈ: 539807, એનએસઈ: INFIBEAM), ગર્વભેર જણાવે છે કે, પેમેન્ટ માટેની તેની પ્રમુખ બ્રાન્ડ સીસીએવન્યુ (CCAvenue)નો વપરાશ બેસેઇન કેથોલિક કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ (બીસીસીબી) પર શરૂ થઈ ગયો છે. આ કામગીરીમાં સીસીએવન્યુના પેમેન્ટ નેટવર્ક પર બીસીસીબીની ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધાનો સમાવેશ થાય છે, જેના થકી વેપારમાં નોંધપાત્ર વૃદ્ધિ માટે લાખો વેપારીઓ આ પેમેન્ટના આ લાભદાયી વિકલ્પનો ઉપયોગ કરી શકે છે.

બીસીસીબી સાથેની ભાગીદારી પેમેન્ટ એગ્રીગેટર કંપનીની સલામત અને સરળ ઉકેલો પૂરા પાડવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બીસીસીબીના જંગી ગ્રાહક વર્ગ સીસીએવન્યુની પીઠબળથી ચાલી સેંકડો વેબસાઈટ પરથી ખરીદી વખતે તેમના ખાતામાં સીધાં ડેબિટ મારફતે નેટબેન્કિંગથી ચુકવણી સરળતાથી કરી શકશે. સૌથી મોટા ડાયરેક્ટ ડેબિટ એન્જીન સાથે સીસીએવન્યુ અત્યારે સમગ્ર દેશમાં અંદાજે 60 લીડ બેન્કોની નેટ બેન્કિંગ સુવિધા પ્રોસેસ કરી રહી છે.

બેન્ક પર સુવિધા ચાલુ થઈ એ પહેલા બંને પક્ષો વચ્ચે સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. ઈન્ફિબીમ એવન્યુઝ લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ - એલાયન્સિસ એન્ડ ઓપરેશન્સ શ્રી ટી નંદકુમાર મેનને આ સંલગ્નતા પર પોતાનો મત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમારા પ્લેટફોર્મ પર બીસીસીબીની નેટબેન્કિંગ સુવિધાનો ઉમેરો થતા સીસીએવન્યુ પર નોંધાયેલા લાખો વેપારીઓ માટે વેપારની નવી તકો ખુલશે. તેઓ પોતાની કમાણી વધારવા માટે બેન્કના ઝડપથી વધતા ગ્રાહક વર્ગ સુધી પહોંચી શકશે."

## JSW MG મોટર ઈન્ડિયા ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં 'ડ્રાઇવ ફ્યુચર'નું પ્રદર્શન કરશે

(એજન્સી) ગુરૂગ્રામ તા 30

જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં સહભાગિતાની જાહેરાત કરી છે, જેની થીમ 'ડ્રાઈવ. ફ્યુચર'માં પ્રવેગક છે. ઈલેક્ટ્રિક વ્હીકલ માર્કેટમાં પ્રગતિ કર્યા પછી, બ્રાન્ડ નવા-યુગના ઉત્પાદનો સાથે તેની પકડને મજબૂત કરવા માટે તૈયાર છે, જે નવા-યુગના મોબિલિટી સોલ્યુશન પૂરા પાડે છે. તેના ડીએનએમાં નવીનતા સાથે, એમજી પ્રોડક્ટ એક્સપીરિયંસ, ડિઝાઈન લેંગ્વેજ, ટેક્નોલોજી અને નવીનતાની એક વિસ્તૃત શ્રેણીના માધ્યમથી મોબિલિટીના ભાવિને પ્રદર્શિત કરવા માટે તૈયાર છે, સાથેસાથે આગલા સ્તરના ગ્રાહક અનુભવનું પણ અનાવરણ કરશે.

આ વર્ષની શરૂઆતમાં અનાવરણ કરાયેલ, ડ્રાઈવ. ફ્યુચર તેની સાહજિક તકનીક દ્વારા સંચાલિત, નવીન, ટકાઉપણું-આધારિત ભાવિનું બ્રાન્ડનું વિઝન છે. ઉત્પાદનના મોરચે, જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા ત્રણ તદ્દન-નવી કેટેગરીમાં ત્રણ નવા મોડલ પ્રદર્શિત કરશે, જેમાંથી પ્રત્યેક મોડલને સંપૂર્ણપણે અલગ-અલગ ગ્રાહકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. વિશ્વની સૌથી ઝડપી એમજી રોડસ્ટર એવી એમજી સાઈબસસ્ટર, ભારતની નવી લૉન્ચ થયેલી લક્ઝરી બ્રાન્ડ ચેનલ, એમજી સિલેક્ટનું શીર્ષક બનશે.

ડ્રાઈવ. ફ્યુચર બ્રાન્ડનું વિઝન દ્રષ્ટિ છે, જે મોબિલિટી માટે એક નવી ઈકોસિસ્ટમ બનાવવા અને નવા યુગના ગ્રાહકોની સાથે જોડાવા માટે પ્રોડક્ટ એક્સપીરિયંસ, ટેક્નોલોજીની ઉપયોગી બાબતો અને નવા ગ્રાહક-કેન્દ્રિત અભિગમ/'એક્સેસિબલ લક્ઝરી'ની રજૂઆત પર કેન્દ્રિત છે.

પેવેલિયનની થીમ અને સજાવટ એક્સ્પોની થીમ 'બિયોન્ડ બાઉન્ડ્રીઝ: કો-ક્રિએટિંગ ફ્યુચર ઓટોમોટિવ વેલ્યુ ચેઈન'નો પડઘો પાડે છે. મુલાકાતીઓ એમજીના ગ્લોબલ પોર્ટફોલિયોમાંથી



શોસ્ટોપર્સની સાથેસાથે અગ્રણી ભારતીય મોડલ્સને પણ શોધી શકશે, જેઓ તેમના સેગમેન્ટમાં શ્રેષ્ઠ વિશેષતાઓ સાથે ઉદ્યોગને પુનઃવ્યાખ્યાયિત કરી રહ્યાં છે.

પેવેલિયનમાં અનોખા એક્સપીરિયંસ ઝોન પણ હશે, જે તેની સર્વગ્રાહી ઈવી ઈકોસિસ્ટમ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બેટરી ટેક્નોલોજી તેમજ સેકન્ડ લાઈફના બહુવિધ ઉપયોગી બાબતોનું નિદર્શન કરશે.

17-22 જાન્યુઆરી, 2024 દરમિયાન જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા પેવેલિયનની મુલાકાત લો: હોલ 10, ભારત મંડપમ, નવી દિલ્હી.

## PF એકાઉન્ટ બેલેન્સ કેટલુ ઘરે બેઠા ચેક કરો તમારા PFનું બેલેન્સ, જાણો સરળ ટ્રિક




(એજન્સી) નવી દિલ્હી તા 30

તમે જેટલા સમયથી જોબ કરી રહ્યા હોવ પણ તમારા PF એકાઉન્ટ બેલેન્સ કેટલુ છે તે જરુરથી જાણવું જોઈએ ત્યારે અમે તમને ઘરે બેઠા ઓનલાઈન સરળતાથી PFનું બેલેન્સ જાણવાની 2 રીત જણાવી રહ્યા છે.

જો તમે સરકારી અથવા ખાનગી કર્મચારી છો તો તમારો પગારમાં PF જરુર કપાતો હશે. આ EPF અથવા એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ એ ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતી એક સામાજિક સુરક્ષા યોજના છે, જે સંગઠિત કંપનીઓના કર્મચારીઓને નિવૃત્તિ સમયે લાભ પ્રદાન કરે છે. સારી વાત એ છે કે EPF ખાતામાં જમા રકમ પર વ્યાજ પણ મળે છે. પણ જો તમારે તમારા PF એકાઉન્ટનું બેલેન્સ ચેક કરવું હોય તો શું કરવું? તમે જેટલા સમયથી જોબ કરી રહ્યા હોવ પણ તમારા PF એકાઉન્ટ બેલેન્સ કેટલુ છે તે જરુરથી જાણવું જોઈએ ત્યારે અમે તમને ઘરે બેઠા ઓનલાઈન સરળતાથી PFનું બેલેન્સ જાણવાની 2 રીત જણાવી રહ્યા છે.

તમે જેટલા સમયથી જોબ કરી રહ્યા હોવ પણ તમારા PF એકાઉન્ટ બેલેન્સ કેટલુ છે તે જરુરથી જાણવું જોઈએ ત્યારે અમે તમને ઘરે બેઠા ઓનલાઈન સરળતાથી PFનું બેલેન્સ જાણવાની 2 રીત જણાવી રહ્યા છે. UANનો ઉપયોગ કરીને : સૌથી પહેલા EPFO વેબસાઈટ https://www.epfindia.gov.in/ પર જાવ. અહીં તમને 'For Employees' પર ક્લિક કરો જે બાદ 'Services'નું ઓપ્શાન પર ક્લિક કરો અને બાદ ફરી એક ઓપ્શાન મળશે 'Know your EPF Account Balance' હવે તેના પર ક્લિક કરોઅહી તમારે તમારો UAN નંબર અને પાસવર્ડ લખવો પડશે. જે બાદ 'સાઈન ઈન' પર ક્લિક કરો. હવે 'પાસબુક' ટેબ પર ક્લિક કરો. અને તમારું PF એકાઉન્ટ પસંદ કરો. બસ આટલુ કરતા તમારું EPF બેલેન્સ સ્ક્રીન પર દેખાશે. UAN વગર : જો UAN નંબર વગર તમે જાણવા માંગો છો તો સૌથી પહેલા UMANG એપ ડાઉનલોડ કરો. એપ્લિકેશનમાં 'EPFO' સેવા પસંદ કરો. હવે 'EPF બેલેન્સ' વિકલ્પ પર ક્લિક કરો. અહીં તમારે તમારો આધાર નંબર અથવા મોબાઈલ નંબર દાખલ કરવાનો રહેશે. જે બાદ OTP દાખલ કરો. બસ આટલુ કરતા તમારું EPF બેલેન્સ સ્ક્રીન પર દેખાવા લાગશે. આ સિવાય કેટલીક અન્ય રીતે પણ EPF એકાઉન્ટ બેલેન્સ ચેક કરી શકો છો. એક છે મિસ્ડ કોલ આપીને. હવે તમારુ PF બેલેન્સ જાણવા 9966044425 પર મિસ્ડ કોલ આપો. તે મિસ્ડ કોલ આપતા તમને એક મેસેજ આવશે જેમાં તમારા PFના બેલેન્સને લઈને માહિતી મળી જશે.આ સિવાય SMS પણ કરી શકો છો તેના માટે EPFOHO UAN <LAN»ને 7738299899 પર SMS કરો. તમને જણાવી દઈએ કે, UAN (યુનિવર્સલ એકાઉન્ટ નંબર) એ 12 અંકનો નંબર છે જે દરેક EPF ખાતાધારકને ફાળવવામાં આવે છે. જો તમે તમારું UAN ભૂલી ગયા છો, તો તમે તેને EPFO વેબસાઈટ પર મેળવી શકો છો. તમે તમારી EPF પાસબુક EPFO વેબસાઈટ અથવા UMANG એપ પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

આ સિવાય SMS પણ કરી શકો છો તેના માટે EPFOHO UAN ને 7738299899 પર SMS કરો. તમને જણાવી દઈએ કે, UAN (યુનિવર્સલ એકાઉન્ટ નંબર) એ 12 અંકનો નંબર છે જે દરેક EPF ખાતાધારકને ફાળવવામાં આવે છે. જો તમે તમારું UAN ભૂલી ગયા છો, તો તમે તેને EPFO વેબસાઈટ પર મેળવી શકો છો. તમે તમારી EPF પાસબુક EPFO વેબસાઈટ અથવા UMANG એપ પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-01

# અકસ્માતો પર પ્રશ્નો



વર્ષના અંતિમ દિવસોમાં બનેલી બે ભયાનક વિમાન દુર્ઘટનાના કારણે સમગ્ર વિશ્વમાં શોકની લહેર છે, ત્યારે તેના કારણે હવાઈ મુસાફરીની સુરક્ષાને લગતા પ્રશ્નો પણ ધ્યાને આવ્યા છે. બુધવારે કઝાકિસ્તાનમાં લેન્ડિંગ વખતે અઝરબૈજાન વિમાન ક્રેશ થતાં 38 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે દક્ષિણ કોરિયામાં રવિવારે થયેલા અકસ્માતમાં 179 લોકોનાં મોત થયાં હોવાનું જાણવા મળે છે.

**પ્લેન સાથે પક્ષી અથડાયાઃ** દક્ષિણ કોરિયાના મુઆનમાં થયેલા અકસ્માતમાં જે રીતે પ્લેન લેન્ડ કરવાનો પ્રયાસ કરતી વખતે થોડી જ સેકન્ડોમાં આગની લપેટમાં લપેટાયેલું જોવા મળ્યું હતું, તે જોઈને કોઈના પણ હૃદયને આંચકો લાગી શકે છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, લેન્ડિંગના થોડા સમય પહેલા એક પક્ષી પ્લેનના પાછળના ભાગમાં અથડાયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે કદાચ આ કારણે લેન્ડિંગ ગિયર ખરાબ થઈ ગયું. પરંતુ ઘણા નિષ્ણાતો આ સાથે સહમત નથી. અકસ્માતની તપાસમાં વધુ કેટલીક હકીકતો બહાર આવ્યા બાદ આ પાસા પર વધુ પ્રકાશ પડે તેવી શકયતા છે.

**પુતિનની માફીઃ** દરમિયાન, અઝરબૈજાન વિમાન દુર્ઘટના અંગેના જુદા જુદા દાવાઓ વચ્ચે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની માફીથી સસ્પેન્સનો સંપૂર્ણ અંત આવ્યા વિના શંકા વધુ ઘેરી બની છે. પુતિને પોતાની માફી પત્રમાં જણાવ્યું હતું કે જ્યારે પ્લેન કઝાકિસ્તાનમાં લેન્ડિંગ કરી રહ્યું હતું ત્યારે યુક્રેનિયન ડ્રોન હુમલાના જવાબમાં રશિયન ડિફેન્સ સિસ્ટમ સક્રિય હતી, પરંતુ તેણે સ્વીકાર્યું ન હતું કે પ્લેન આ સિસ્ટમનું નિશાન હતું. ભલે પ્લેન કોઈ ટેકનિકલ ખામીનો શિકાર બન્યું હોય કે ભૂલથી છોડવામાં આવેલી મિસાઈલ, સત્ય એ છે કે તેમાં સવાર મુસાફરોએ જીવ ગુમાવ્યો.

**દક્ષિણ કોરિયાનો બહેતર રેકોર્ડઃ** ઉડ્ડયન ઉદ્યોગ સ્વાભાવિક રીતે દક્ષિણ કોરિયાના પ્લેન ક્રેશને લઈને વધુ ચિંતિત છે કારણ કે તેને મુસાફરોની વધતી જતી આશંકાઓનો સામનો કરવો પડે છે. જો કે હવાઈ દુર્ઘટનાઓ મામલે દક્ષિણ કોરિયાનો રેકોર્ડ સારો માનવામાં આવે છે. છેલ્લા એક દાયકામાં દક્ષિણ કોરિયન એરલાઈનને સંડોવતો આ પ્રથમ મોટો અકસ્માત છે. અગાઉનો અકસ્માત 2013માં સાન ફ્રાન્સિસ્કોમાં એશિયાના એરલાઈન્સની ફ્લાઈટ ક્રેશ થઈ ત્યારે થયો હતો.

**હવાઈ મુસાફરી સૌથી સુરક્ષિતઃ** હકીકત એ છે કે આજે પણ હવાઈ મુસાફરી સૌથી સુરક્ષિત કહી શકાય. હાર્વર્ડ યુનિવર્સિટીના રિસર્ચ મુજબ પ્લેન ક્રેશ થવાનો રેશિયો 12 લાખમાંથી એક છે. જો આપણે અકસ્માતોમાં મૃત્યુના ગુણોત્તર પર નજર કરીએ, તો તે 1.1 કરોડ મુસાફરોમાંથી એક છે, જ્યારે કાર અકસ્માતમાં મૃત્યુનો ગુણોત્તર 5000માંથી એક છે.

## અખિલ વિશ્વભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા રાજપીપળામાં આવી હતી

ભરત શાહ | નર્મદા



અખિલ વિશ્વભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા રાજ્ય કક્ષાની પરીક્ષા ગાયત્રી પરિવાર રાજપીપળા કાર્યલય પર લેવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાંથી ધોરણવાર પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલા 18 વિધાથીઓએ પરીક્ષા આપી હતી.જિલ્લામા ધોરણવાર પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ વિધાથીઓને ગાયત્રી પરિવાર જિલ્લા સંયોજક ચંદુભાઈ મારવાડી એ પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

### ગરુડેશ્વરના ઉંડવા ગામની દૂધ મંડળીના મંત્રીની ફરિયાદ મામલે

# હાઈકોર્ટનો હુકમ છતાં કોઈજ કાર્યવાહી થઈ નથી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકા ના ઉંડવા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી ની નાણાકીય ગેરરીતિ મામલે જિલ્લા ના સહકારી અગ્રણી અને જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ વિરુદ્ધ ઊંડવા મંડળીના મંત્રી મનહરભાઈ તડવી એ ગરુડેશ્વર પોલીસ મથકે ફરિયાદ નોંધવા આપેલી અરજી પર પોલીસે કોઈ કાર્યવાહી નહી કરતા દૂધ મંડળી ના મંત્રી મનહર તડવી એ હાઈકોર્ટ માં અપીલ કરતા અને હાઈકોર્ટે આ મામલે સંબંધિત અધિકારીઓ ને દિશાનિર્દેશ આપતા જિલ્લા ના સહકારી ક્ષેત્ર માં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉંડવા દૂધ મંડળી ના સેક્રેટરી એ પોલીસ મથક માં તારીખ 13/10/24ના રોજ આપેલ અરજી મુજબ ઉંડવા દૂધ મંડળી સ્થગિત હતી જેથી વર્ષ 2018-19 માં દૂધધારા ડેરી ના ચેરમેન ઘનશ્યામભાઈ જીવાભાઈ પટેલે આવી જણાવેલ કે BMCU /જનરેટર માટે રૂ.એક લાખ ભરવા પડશે તેમ જણાવી મંડળી ના હિસાબ કિતાબ ચોપડા , ઠરાવબુક , પેમેન્ટ રજીસ્ટર , તમામ દફ્તર સાથે લઈ ગયા હતા ત્યારબાદ 45 દિવસ સુધી બાજુ ના બોરઊતાર ગામમાં દૂધ ભર્યું હતું. વધુ માં પોતાની અરજી માં મનહર તડવી એ ચોંકાવનારી રજુઆત કર્યા મુજબ દુધધારા ડેરી ના કર્મચારી પ્રદીપ પટેલ કોરા ચેકો પર સહીઓ કરાવી લઈ ગયા હતા જેથી શંકા જતા 13/8/24 ના રોજ ભરૂચ ડી . સે. કો. ઓ. બેન્ક માં જઈ સ્ટેટમેન્ટ કઢાવતા તા- 6/8/24 ના રોજ 10 લાખ 57 હજારથી વધુ ની રકમ જમા હતી આ રકમ મંડળી ના કોરા સહી કરેલા ચેક માં મહંમદ અઝીમ નું નામ લખી ઉપાડ થઈ ગયેલ આ ઉપરાંત દૂધ મંડળી ના સેક્રેટરી મનહર તડવી એ પોતાની અરજી માં જણાવ્યા મુજબ ઘનશ્યામ પટેલ ના કહેવા થી દૂધ મંડળી નું ખાતું IDBI બેન્ક માં પણ તા- 15/11/18 ના રોજ ખોલાવ્યું હતું જેનું તા 29/8/24 ના રોજ સ્ટેટમેન્ટ કઢાવતા મંડળી ની જાણ બહાર મંડળી ના નામે બહાર થી દૂધ લાવી કરોડો રૂપિયા નું દૂધ ઠાલવી ગંભીર નાણાકીય ગેરરીતિ કરી હોવાનું જણાયું હતું જેમાં વર્ષ 2018-19 માં 42 લાખ , 2019-20 માં 10 લાખ , 2021-22 માં પાંચ લાખ , તેમજ 2023-24 માં એક કરોડ 19 લાખ રૂ નું દૂધ મંડળી ના નામે બોગસ ખરીદી કરી લાખો રૂપિયા નું કૌભાંડ કરી નાણાકીય ઉચાપત કરી હોવાનું જણાવી અતી ગંભીર બાબત નો ઉલ્લેખ કર્યો કે 31/1/2012 થી 30/6/24 દરમ્યાન ઊડવા દૂધ મંડળી માં દૂધ ભર્યું નથી જેથી આ મામલે છેતરપીંડી , વિશ્વાતઘાત , અને ઉચાપત ની FIR કરવા આ અરજી કરી હોવાનું જણાવ્યું છે.

**CMની ભ્રસ્ટાચાર મામલે ઝીરો ટોલરન્સ ની જાહેરાત ના સહકાર વિભાગ ધજાગરા ઉડાવે છે :** CM ભુપેન્દ્ર પટેલ નો ભ્રષ્ટાચાર મામલે અભિગમ ઝીરો ટોલરન્સ છે પરંતુ નર્મદા જિલ્લા ની સહકારી સંસ્થાઓ માં વ્યાપક ભ્રસ્ટાચાર મામલે જિલ્લા રજિસ્ટ્રાર થી લઈ મુખ્ય રજિસ્ટ્રાર જે રીતે ભ્રસ્ટાચાર ને છાવરવા તપાસ માં વિલંબ કરે છે જે સાબિત કરે છે કે સહકારી અધિકારીઓ મુખ્યમંત્રી ની જાહેરાત ના ધજાગરા ઉડાવે છે બાકી કેન્દ્રીય આદિજાતિ આયોગ ના વર્ષ 2019 ના તપાસ રિપોર્ટ માંજ બોગસ દૂધમંડળીઓ નો ઉલ્લેખ હતો પરંતુ આ રિપોર્ટ અભરાઈ એ ચડાવી દેવામાં આવ્યો હતો.

### રાજપીપળા પંથકની ત્રણ દૂધ મંડળીઓના કૌભાંડની પાંચ વર્ષથી ચાલતી તપાસ હજુ પુરી નથી થઈ

રાજપીપળા પંથક ની ત્રણ દૂધ મંડળીઓ કાગળ પરની બોગસ દૂધ મંડળીઓ છે અને બહારથી દૂધ લાવી ડેરીમાં મોકલી કરોડ રૂપિયા થી વધુ નો ભ્રસ્ટાચાર થતો હોવાની લોક ફરિયાદ ને આધારે ચાલતી તપાસ પાંચ વર્ષે પણ પુરી નથી થઈ જેમાં ભચરવાડા , પલસી , અને નામલગઢ ગામની મંડળી નો સમાવેશ થાય છે તેમાં પણ ભચરવાડા ગામના મહિલા સરપંચે તો દૂધ મંડળી ના ભ્રસ્ટાચાર મામલે તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી ને લેખિત ફરિયાદ કરી હતી પણ આ મંડળીઓ ની તપાસ ચાલ્યા કરે છે છેલ્લે નાયબ રજિસ્ટ્રારે તપાસ કરી હતી જેનો અહેવાલ રાજ્ય ના ચીફ રજિસ્ટ્રાર પાસે પડ્યો છે પરંતુ કોઈ એક્શન લેવાયા નથી.

## દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં બે માદા દીપડીનું મોત



દિપક રાવલ | દાહોદ

ધાનપુર તાલુકામાં બે વન્ય પ્રાણી માદા દીપડી નું મોત નિપજ્યાં છે. એકનું બીમારીથી તો અન્ય એક નુ ગંભીર ઈજાના કારણે મોત થયું છે.

એક વન્ય પ્રાણી દીપડો 25 ડીસેમ્બર ના રોજ ધાનપુર તાલુકાના ઘડા ગામેથી બીમાર હાલત માં મળી આવેલ જેને આણંદ ખાતે વધુ સારવાર કરાવી પરત લાવવામાં આવ્યો હતો જેનું મોત નિપજ્યું હતું. અન્ય વન્ય પ્રાણી માદા દીપડો 28 ડીસેમ્બર રોજ વાકસીયા ગામના એક ખેતરમાંથી ગંભીર ઈજાગ્રસ્ત મળી આવેલ. ઈજાગ્રસ્ત ને સારવાર અર્થે ખસેડવામાં આવેલો તેનું પણ મોત નીપજ્યું.

એક જ દિવસે બંને વન્યપ્રાણી દીપડાના મોતને લઈ તંત્ર માં ખળભળાટ મચી ગયો છે. બંને મરણ ગયેલ વન્ય દિપડાઓ નુ નર્સરી ખાતે પેનલ પીએમ કરી કાર્યવાહી હાથ ધરાઈ છે. બંને વન્ય પ્રાણી દિપડાઓનું તરમકાચ ગામે વિધિવત અગ્નિદાહ આપ્યો હતો.

## NEWS BRIEF

### સાપુતારા ખાતે થર્ટી ફર્સ્ટને લઈને પોલીસ ટિમ સતર્ક ,સાપુતારા પોલીસ દ્વારા ચેકપોસ્ટ પર કડક ચેકીંગ



ડાંગ | તા.30

નવા વર્ષની ઉજવણીને લઈને ડાંગ જિલ્લાનાં પ્રખ્યાત હિલ સ્ટેશન સાપુતારામાં પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ છે.ખાસ કરીને સાપુતારા ચેકપોસ્ટ અને માળુંગા ચેકપોસ્ટ પર પોલીસની ટીમો દ્વારા વાહનો અને વ્યક્તિઓની કડક તપાસ કરવામાં આવી રહી છે.ડાંગ જિલ્લાનાં એસ.પી. યશપાલ જગાણીયા, નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલ અને નાયબ પોલીસ અધિક્ષક જયદીપ સરવૈયાના માર્ગદર્શન હેઠળ સાપુતારા પી.આઈ.આર.એસ.પટેલનાં માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.સાપુતારા પોલીસ મથકનાં કર્મચારીઓ દ્વારા ચેકપોસ્ટ પર બ્રીથ એનાલાઈઝર મશીનની મદદથી વાહન ચાલકોનું અલ્કોહોલ ટેસ્ટ કરી રહ્યા છે.દારૂ પીધેલી સ્થિતિમાં વાહન ચલાવતા પકડાયેલા વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.ત્યારે નવા વર્ષની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય ઘટના નહીં બને તે માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.સાપુતારા સહિત ડાંગ જિલ્લામાં લોકોને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે નવા વર્ષની ઉજવણી કરવાની પોલીસ વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.ગિરિમથક સાપુતારામાં થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈને હોટલો હાઉસફુલ થઈ ગઈ છે.સાથે થર્ટી ફર્સ્ટ અને નવા વર્ષને આવકારવા માટે પ્રવાસીઓ થનગની રહ્યા છે.અને હોટલીયરો પણ સજ્જ બન્યા છે.ત્યારે ગિરિમથક સાપુતારા ખાતે થર્ટી ફર્સ્ટ અને નવા વર્ષની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં થાય તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવી સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ.પટેલ દ્વારા પ્રવાસીઓને અપીલ કરી છે.

### નખત્રાણા નગરમાં સતત ટ્રાફિક થી ધમધમતા હાઈવે રોડ પર જોખમી ખાડો



મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણા નગરમાં સતત ટ્રાફિક થી ધમધમતા હાઈવે રોડ પર બસ સ્ટેશન સામે જ રસ્તા પર લાંબા સમયથી પડેલ એક મોટો જોખમી ખાડો જો વહેલી તકે પૂરવામાં નહિ આવે તો અકસ્માત સર્જશે.

### મધદરિયે સાગરખેડૂની તબિયત બગડતા મરીન પેટ્રોલિંગ બોટે દરિયાકિનારે ખસેડ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના મધદરિયે માછીમારી કરતાં બોટમાં રાધિકા પ્રસાદ ના ખલાસી ની તબિયત નાદુરસ્ત હોવાથી બારૈયા રોનક ભાઈ ભરતભાઈ (ઉ.વ.૧૯) ની તબિયત નાદુરસ્ત હોવાથી આ બાબતે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ડી.એસ. ઈશરાણી ને જાણ કરતા પેટ્રોલિંગ બોટ દરિયામાં બોટ દ્વારા ખલાસીને કિનારે લાવવામાં આવ્યો હતો ગુજરાત ના ૧૬ કિ.મી.ના દરિયામાં માછીમારી દરમિયાન બોટમાં હાર્ટએટેક તથા ગંભીર ઈજાગ્રસ્ત તથા તાવ તથા અન્ય બીમારીના કારણે તાત્કાલિક ધોરણે સારવાર ન મળતાં અમુક કિસ્સામાં ખલાસીઓ ના મૃત્યુ પણ નિપજયા છે.

જાફરાબાદ બંદરે કોઈ ઈમરજન્સી સ્પીડ બોટ ૧૦૮ એમ્બ્યુલન્સ જેવી સેવા ઉપલબ્ધ નથી સરકાર શ્રી દ્વારા જાફરાબાદ બંદર તથા તેના આજુબાજુના બંદરો માટે આવી સુવિધા ઉપલબ્ધ કરાવે.

### ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલાના છતડીયા ગામ નજીક ફોર વ્હીલ કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો ફોર વ્હીલર કાર ટ્રેક્ટર પાછળ ઘુસી ગઈ અકસ્માતમાં કાર સવાર ડ્રાઈવર ને ગંભીર ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને રાજુલા હોસ્પિટલ ખસેડાયો રાજુલા પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી નેશનલ હાઈવે પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ બની રહીં છે.

## રૂપેણ નદીમા નર્મદાનું પાણી નહીં છોડાતા ચાણસ્મા ધારાસભ્યોએ ખેડૂતોને સાથે રાખી એકદિવસીય ઉપવાસ સહિત ધરણા કર્યા

નીતિન ઠાકર | ચાણસ્મા



તારાનગર રાજપુરા કુવર મર્દાનગંજ બોલેરા જહુરપુરા શંખેશ્વર રતનપુરા ધનોરા મકોડીયા પાડલા જેવા અનેક ગામોને ખેતીના રવિ પાકોમાં પાણી માટે જે રૂપેણના ભરોસે જીરા જેવા પાકોનું વાવેતર કરી અને પાણી નહીં છોડતા ખેડૂતોને મોટા પાયે નુકસાન જવાની શક્યતાઓ હોવાથી ખેડૂતો એ કરેલા રવિ સીઝન ના પાકો મા પિયત નહીં કરી શકતા રવિ સીઝન ના પાકો મા મોટુ નુકસાન આવવાની સંભાવના ની દહેસત ના કારણે ખેડૂતો એ રૂપેણ નદી મા નર્મદા નું પાણી છોડવા માટે વારંવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતાં નર્મદા વિભાગ દ્વારા રૂપેણ નદી મા નર્મદા નું પાણી નહીં છોડતા ખેડૂતોએ ચાણસ્મા ધારાસભ્ય ને સાથે આ બાબતે રજુઆત કરતા ચાણસ્મા ધારાસભ્ય દિનેશજી ઠાકોર સહીત ચાણસ્મા સમી હારીજ તાલુકા ના રૂપેણ નદી તટ્ ના ખેડૂતો કોંગ્રેસ ના અગ્રણી રાજુલ પટેલ તાલુકા કોંગ્રેસ ના પ્રમુખ મનુભાઈ દેસાઈ યુવા અગ્રણી નરપતસિંહ પરમાર રમેશભાઈ વકીલ હસમુખભાઈ સક્સેના સહીત મોટી સંખ્યા મા કોંગ્રેસ ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરીયા ગામમાં સુરણના પાક બાબતે પાડોશીઓ વચ્ચે મારમારી

*પાચ વિરુદ્ધ સામસામી ફરિયાદ નોંધાવી*

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના મોરિયા ગામમાં નજીવી બાબતે બે મહિલાઓ વચ્ચે તકરાર બાદ મારામારી થતા પાચ સામે ગુનો દાખલ થયો છે.

પ્રથમ ફરિયાદ પ્રેમીલાબેન ભગાભાઈ તડવી, રહે મોરીયા એ આપેલ ફરિયાદ મુજબ તેમના ઘરના વાડાના ભાગે સુરણ રોપેલ હોય જે સુરણ આજુબાજુથી કાદવ કાઢી લીધેલ જેથી શકુબેન નરેશભાઈ તડવી (૨) નરેશભાઈ પુનાભાઈ તડવી તથા (૩) કનુભાઈ પુનાભાઈ તડવી. ત્રણેય રહે. મોરીયા તા. તિલકવાડા જી. નર્મદા નાઓ એ જણાવેલ કે અમારા ઘરના ભાગે આવેલ સુરણના પાક માથી કાદવ કેમ કાઢી લઈ તમારા ઘરની ભીંત સાથે નાખી દીધેલ છે તેમ કહી ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ માર મારવા લાગેલ તેમજ લાકડી વડી ઝાપટો મારી દીધેલ તે વખતે ફરીએ બુમાબુમ કરતા આ ત્રણેય જણાઓ તેમના ઘર તરફ જતા રહેલા અને આ ત્રણેય જણા કહેતા હતા કે આજે તો તમે બધી ગયેલ છે અને ફરીવાર લાગમાં આવશો તો તારા ટાંટીયા ભાગી નાખીશુ તેવી ધમકી આપી.

જ્યારે સામે ધર્મિષ્ઠાબેન નરેશભાઈ તડવી, રહે મોરીયા એ આપેલ ફરિયાદ મુજબ (૧) પ્રેમિલાબેન તે ભગાભાઈ હિરાભાઈ તડવી. (૨) ભગાભાઈ હિરાભાઈ તડવી બન્ને રહે. મોરીયા નાઓ કહેવા લાગેલ કે અમારા વાડામાં સુરણ રોપેલ તે સુરણના ભાગેથી માટી ખોદી તમારા ઘરના ભીંતના ભાગે કેમ નાખેલ છે તેમ કહી ગાળો બોલી અમારા ઘરની ભીંતના ભાગે ઉંદરોએ બાકોરા પાડેલ છે તે બાકોરા મે પુરી દીધેલ છે અને મેં તમારા વાડામાં આવેલ સુરણના ભાગેથી માટી ખોદેલ નહી તેમ કહી ગાળો બોલવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઈ જઈ શર્મિષ્ઠા બેન સાથે ઝપાઝપી કરી ગડદા પાટુનો માર મારતા તેનુ ઉપરાણુ લઈને બીજા આવી છોડાવેલા અને આ બન્ને જણા તેમના ઘર તરફ જતા જતા કહેતા હતા કે આજે તો તમે બચી ગયા છો ફરીવાર લાગમા આવશો તો તમારા ટાંટીતા ભાગી નાખીશું તેવી ધમકી આપતા તિલકવાડા પોલીસે બંને પક્ષે ફરિયાદ લઈ કુલ પાચ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### દાહોદ | સંરક્ષણ ભરતી પુર્વેની પરીક્ષાલક્ષી ફ્રી નિવાસી તાલીમનો પુર્ણાહુતી

દિપક રાવલ | દાહોદ



ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની ,નિયામક રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગર હસ્તકની દાહોદજીલ્લાની રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા ૬૦ યુવાનો માટેની ફ્રી નિવાસી તાલીમ તા.૦૩.૧૨.૨૪ થી શ્રી ઠકકર બાપા કુમાર છાત્રાલય અને પોલીસ હેડક્વાટર ગ્રાઉન્ડ ખાતે શરુ કરવામા આવી હતી. આજ રોજ તેનો પુર્ણાહુતી કાર્યક્રમ યોજવામા આવ્યો જેમા દાહોદ પોલીસ હેડકવાટર ના નાયબ પોલીસ અધિક્ષક એસ ડી રાઠોડ તેમજ દાહોદ જીલ્લા રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ, ભીલ સેવા મંડળના અધિકારીશ્રી તેમજ તાલીમના કો ઓર્ડીનેટર, તેમજ શારીરીક અને થીયરી ફેકલ્ટી દ્વારા તાલીમાર્થીઓને ઈનામ, સાહીત્ય અને પ્રમાણ પત્રો આપીને આવનારી તમામ લશ્કરી અને પોલીસની ભરતીઓમા ભાગ લઈને પરીવાર અને જીલ્લા તથા રાજ્યનુ નામ રોશન કરવા પ્રોત્સાહીત કર્યા હતા.

### મોટી મોણપરીનાં સંમેલનમાં વનતંત્ર અને સરકાર પર પસ્તાળ, ખેડૂતો વન્યપ્રાણીઓનો ત્રાસ સહે છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



વિપક્ષનાં આયોજનમાં ભાજપના આગેવાનો ઓંચિતા જોડાયા, ઈકો ઝોન મુદ્દે પક્ષ-રાજનીતિ પછી, પહેલાં ખેડૂતોઃ રિબડીયા વિસાવદર તાલુકાના મોટી મોણપરીમાં ઈકો ઝોનના મુદ્દે ખેડૂત મહા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિપક્ષના આયોજનમાં ભાજપના આગેવાનોએ પહોંચી ઈકો ઝોન મુદ્દે સમર્થન આપ્યું હતું. ખેડૂત મહાસભામાં વનતંત્રને આડેહાથ લેવામાં આવ્યું હતું. જો ઈકો ઝોનને કાઢી ન નખાય તો ભાજપને કાઢવાની 'આપ'ના આગેવાનોએ ખેડૂતોને અપીલ કરી હતી. હજુ પણ ઈકો ઝોન મુદ્દે એક બાદ એક કાર્યક્રમ ચાલુ રાખવાનો પણ નિર્ણય કરાયો છે. રિબડિયા પર 'આપ'ના પ્રહારઃ એ જ ચૂંટણી નથી થવા દેતા ભાજપના આગેવાન હર્ષદ રિબડીયાની મુલાકાત બાદ આપના નેતા ગોપાલ ઈટાલીયાએ હર્ષદ રિબડીયા પર આક્ષેપ કર્યો હતો કે, તેઓ જ વિસાવદરની ચૂંટણી થવા દેતા નથી. ચૂંટણી નહી થતી હોવાથી વિસાવદરમાં વિકાસ કામ ટલ્લે ચડી રહ્યા હોવાનો દાવો કર્યો હતો.

## નર્મદા પોલીસ 31 ડિસેમ્બર ના ચેકીંગ માં સજ્જ : બે દિવસમાં 60 ચાલકો ને નશાની હાલતમાં ડ્રાઈવિંગ કરતા ઝડપી પાડ્યા

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લા પોલીસ હાલ માં અનેક ઠેકાણે 31 ડિસેમ્બર ને લઈ ચેકીંગ કરી રહી છે જેમાં મહારાષ્ટ્ર માંથી ગુજરાત ના આવતા અંગ્રેજી દારૂ અને નશા ની હાલત માં વાહન હંકારતા લોકો પર ખાસ નજર રાખી રહી છે ત્યારે શનિવાર અને રવિવાર ની બે રજા ના દિવસો માં પોલીસે કુલ 60 ચાલકો ને નશા મા વાહન ચલાવતા ઝડપી ગુના દાખલ કર્યા હતા.

જાણવા મળ્યા મુજબ પોલીસે અલગ અલગ જગ્યા પર ચેકીંગ દરમિયાન વાહનો અટકાવી ચાલક ની પૂછપરછ અને વાહન ચેકીંગ કરી અંગ્રેજી દારૂ નો મુદામાલ પકડ્યો જેમાં દેડિયાપાડા તાલુકાના વાડવા ગામમાં રહેતા અશ્વિન સિંગાભાઈ વસાવા ના ઘર માંથી રૂપિયા ૧૬૦૦ નો દારૂ મળી આવ્યો હતો જ્યારે અશ્વિન વસાવા ઘરે નહી મળતા ગુનો દાખલ કર્યો છે, જ્યારે વાડવા ગામના એક મહિલા ના ઘરમાં તપાસ કરતા ત્યાંથી ૪૦૦૦ નો અંગ્રેજી દારૂ મળી આવ્યો હતો પરંતુ મહિલા નહી મળતા ગુનો દાખલ કર્યો છે.

જ્યારે સાગબારા પોલીસ ચેકીંગ માં હતી ત્યારે મહારાષ્ટ્ર તરફથી આવતી એક જીપ નં. MH.12.PZ. 7992 ને અટકાવી તપાસ કરતા અંદર થી અંગ્રેજી દારૂ કિંમત રૂપિયા 2, 055 તેમજ જીપ કિંમત રૂ. 5 લાખ મળી કુલ રૂપિયા 5.02.055 નો મુદામાલ પોલીસે કબ્જે કરી ગાડી માં બેઠેલા નિલેશ વસંતરાવ ગહાલ, રહે. કામગાંવ, શંકરનગર, જગદંબા રોડ, જલાલપુરા તા. ખામગાંવ જી. ભુલડાણા (મહારાષ્ટ્ર), નિલકંઠ બળવંત માલી, રહે. ટેભુણર્ણા, સીરજગાંવ તા. ખામગાંવ જી. બુલડાણા (મહારાષ્ટ્ર) અને નિલેશ શંકરરાવ ઉગલે ઉ.વ.૪૫ રહે. શિવાજી વેસ, ગૌરક્ષણ રોડ, ખામગાંવ તા. ખામગાંવ જી.

બુલડાણા(મહારાષ્ટ્ર) નાઓ ની પૂછપરછ કરતા તેઓના મોઢા માંથી દારૂની વાસ આવતી હતી જેથી પોલીસે દારુ કબ્જે કરી આ ત્રણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## નાળાનું બાંધકામ અંગત સ્વાર્થ ખાતર, કામ પૂર્ણ ને SOને કોઈ જ જાણકારી નહિ ક્યાં અટકશે વિકાસ



ડાંગ | જિલ્લાના સુબીર તાલુકાના ગારખડી માળગા જતા રોડની સાઈડમાં સરકારી ખર્ચો પરંતુ પોતાના અંગત ઉપયોગ માટે લાખો રૂપિયાના ખર્ચે ગરનાળાનું કામ કરેલ હોવાની ચર્ચા જોવા મળી રહી છે.તેમાંય આ કામ કરવામાં આવેલ છે તેની જાણ તો SO છે જ નથી. ત્યારે સરકારી ખર્ચે કામ તો કરવામાં આવેલ છે પરંતુ અધિકારીઓની જાણ બહાર જ અંગત ઉપયોગ માટે ગરનાળા નું કામ કરાવી લેતા અનેક પ્રશ્ન ઉદભવી રહ્યા છે.સરકાર જાણે યોજનાઓની ગ્રાન્ટ જ આપી રહી છે પણ કામ લોક ઉપયોગી કે અંગત સ્વાર્થ ખાતર થાય છે એવા દ્રશ્ય માળગા પંચાયતમાં દેખાઈ રહ્યા છે. માત્ર પોતાના સ્વાર્થ ખાતર લાખોના ખર્ચે ગરનાળુ બનાવેલ છે. ત્યારે અહીં ઘર માં જ ભાજપના નેતા હોય તો બધું જ શક્ય છે,નથી લોક તંત્ર ની બીક, નહીં વહીવટી તંત્રની ,કારણ નેતા પોતાના ઘરના તો ક્યાંથી થાય ગામ નો વિકાસ ? લોકો માં ચર્ચા એ જોર પકડ્યો છે કે તાલુકા સદસ્ય પરિવાર ના જ તો માત્ર પોતાનો જ વિકાસ નહિ પરંતુ જેટલું શક્ય બને એટલું પોતાના માટે કરી લેવું એનું જ નામ ભાજપ ,એવી ચર્ચાઓ જોવા મળી રહી છે. તાલુકા સદસ્ય મહિલા પરંતુ કામો તો જલસા તો સગાવાળા ના પોતાના અંગત ઉપયોગ માટે સરકારી ગ્રાન્ટ નો ઉપયોગ કરી લાખો રૂપિયાના ખર્ચે નાળા નું બાંધકામ કરાવી લીધેલ છે. એમાં પણ પથ્થરો અને ધૂળ,ઢેપા નો ઉપયોગ કરી, નિમ્ન કક્ષાના માલ મટીરિયલનો ઉપયોગ કરી નાળાનું બાંધકામ કરાયું છે. ત્યારે આ સમગ્ર ગેરરીતિમાં કોની સંડોવણી છે તે પણ તપાસનો વિષય છે. આ પ્રકારના કામ કરવામાં આવે તો તેની જાણ SO ને હોય છે.પરંતુ અહીં તો SO ને આ કામની કોઈ જાણ ન હોય તેવું એસ.ઓ. જણાવ્યું હતું.

# શું તમે દારૂ પીવો છો? મહિલાઓ અને પુરુષોએ કેટલી માત્રામાં લેવું જોઈએ આલ્કોહોલ



આલ્કોહોલનું જો ચોક્કસ માત્રામાં પીવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબીત થાય છે, પરંતુ કહેવત છે ને કે 'અતિની કોઇ ગતિ નથી' એ પ્રમાણે વધારે માત્રામાં આલ્કોહોલ શરીર માટે નુકસાન કારક છે.આલ્કોહોલ પીવા માટે કેટલું સલામત છે? દરેક વસ્તુનો વધુ પડતો ઉપયોગ ખરાબ છે. જો તમે તેનું વધુ પડતું સેવન કરો છો, તો તે તમારા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે, પરંતુ જો તમે ઝેરી વસ્તુઓનું ચોક્કસ માત્રામાં સેવન કરો છો, તો તે ફાયદાકારક સાબિત થાય છે. આલ્કોહોલનું વધુ પડતું સેવન કરવું ખૂબ જ નુકસાનકારક છે, આલ્કોહોલ વિશે વાત કરીએ તો, ઘણા લોકો એ જાણીવા માટે ઉત્સુક હશે કે આલ્કોહોલ (Alcohol)ના શું ફાયદા હોઈ શકે છે અને તેનું સેવન કરવું કેટલું યોગ્ય છે. આ અહેવાલ દ્વારા અમે તમને જણાવીશું કે, સ્ત્રીઓ અને પુરુષો માટે દારૂના સેવનની યોગ્ય માત્રા અલગ છે અને તે વય પર પણ આધાર રાખે છે.કેટલું આલ્કોહોલ પીવું સલામત છે- આમ તો શરાબ પીવા માટે સપ્તાહમાં 7 પેગ સ્ત્રીઓ માટે અને 14 પેગ પુરુષો માટે યોગ્ય ગણવામાં આવે છે. ઉપરાંત પુરુષો માટે 2 કલાકની અંદર 4 થી વધુ પેગ હાનિકારક છે, જ્યારે સ્ત્રીઓ માટે આ સંખ્યા 3 છે. જો આ માત્રાથી વધારે શરાબ પીવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ખુબ હાનીકારક છે.

દારૂ પીવાથી શરીરમાં કેવા-કેવા ફેરફાર થાય છે?- ડિપ્રેશનથી અસરગ્રસ્ત અથવા દુ:ખી છો, તો દારૂ પીવાથી આ લાગણીઓની તીવ્રતા વધી શકે છે. - ચામડીને શુષ્ક કરે છે અને સમય જતાં તેને બગાડે છે, જેથી દારૂ પીનાર વ્યક્તિ તેમની ઉંમર કરતાં વધુ વૃદ્ધ દેખાય છે. -ભારે માત્રામાં દારૂ પીવાથી ચેપનો પ્રતિકાર કરવાની તથા તેને નાબૂદ કરવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. સાઈટોકિન પ્રોટિન્સ ચેપ સામે લડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અમેરિકાના નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍલકોહૉલ અબ્યૂઝ ઍન્ડ ઍલકોહૉલિઝમનો એક અહેવાલ જણાવે છે કે દારૂ પીવાના 24 કલાક બાદ શરીરમાં સાઈટોકિનનું નિર્માણ ધીમું થઈ જાય છે. -સ્ત્રીઓમાં ગર્ભાધાનની ક્ષમતા ઘટે છે અને મીસકેરેજ થવાના જોખમ ખુબ વધી જાય છે



### દારૂ પીવાના ફાયદા
### (Benefits of drinking alcohol)

ઘણા સંશોધકો દાવો કરે છે કે ચોક્કસ માત્રામાં આલ્કોહોલનું સેવન કરવાથી હીટ સ્ટ્રોક અને હાર્ટ એટેકથી બચી શકાય છે. યોગ્ય માત્રામાં આલ્કોહોલનું સેવન કરવાથી લોહીમાં સારા HDL કોલેસ્ટ્રોલ વધે છે, ફાઈબ્રિનોજેન જેવા ઘટકોને ઘટાડે છે, જે નસોમાં લોહી ગંઠાઈ જવાને કારણે હાર્ટ એટેક અથવા સ્ટ્રોકનું કારણ બને છે, ઘણા સંશોધનોએ બતાવ્યું છે કે આલ્કોહોલનું સેવન ટાઈપ 2 ડાયાબિટીસ અને પિત્તાશયનું જોખમ ઘટાડે છે, શું શરાબની પણ એક્સપાયરી ડેટ હોય છે ? આજે તમને આ સવાલનો જવાબ મળશે, વાંચો આ સમગ્ર અહેવાલ

### દારૂ પીવાના ગેરફાયદા

આલ્કોહોલની સીધી અસર યકૃત અને કિડની પર થાય છે, હાઈ બ્લડ પ્રેશર અને હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાતા લોકોએ વધુ પડતા દારૂના સેવન ટાળવું જોઈએ, હૃદય રોગના દર્દીઓએ આલ્કોહોલનું સેવન ટાળવું જોઈએ.


## અહીંના લોકો ન્યૂ યરના દિવસે લાવે 12 દ્રાક્ષ...

# પરંતુ આવું શા માટે? અડધી રાતે ફટાફટ ખાય છે, વર્ષ દરમિયાન મળે છે ગુડ ન્યૂઝ

સ્પેનના લોકો ન્યૂયર આવતા પહેલા અડધી રાત્રે ખાસ 12 દ્રાક્ષ લઈને બેસે છે અને ન્યૂયર બેલ્સ સાથે તેને ખાય છે. આ પંરપરાને લઈને ઘણી અલગ અલગ માન્યતાઓ છે.ન્યૂયરને લઈને વિશ્વના વિવિધ દેશોની પોતાની અલગ અલગ પરંપરાઓ છે. લોકો સારા નસીબ અને સમૃદ્ધિ માટે અલગ અલગ વસ્તુઓ કરે છે. આમાંના કેટલાક એટલા વિચિત્ર છે કે આપણે તેની શરૂઆત વિશે વિચારી પણ શકતા નથી. સ્પેનમાં પણ આવી જ એક પરંપરા છે, જ્યાં લોકો ન્યૂયર પહેલા અડધી રાત્રે 12 દ્રાક્ષ ખાય છે.સ્પેનના લોકો ખાસ કરીને ન્યૂયરની અડધી રાતે 12 દ્રાક્ષ લઈને બેસી જાય છે અને ન્યૂયર બેલ્સ સાથે તેને ખાય છે. આ અંગે તેની પોતાની માન્યતાઓ છે. એવું માનવામાં આવે છે કે જો કોઈ ન્યૂયરની દરેક બેલ્સ રિંગ સાથે દ્રાક્ષ ખાય છે, તો તેનો આવનારો સમય બહુ સમૃદ્ધ થશે અને સારા નસીબ લાવશે. પેઢીઓથી ચાલી આવતી આ પરંપરાના મૂળ વિશે બહુ ઓછા લોકો જાણે છે.

### શું છે આ પરંપરા?

આ પરંપરા વર્ષ 1909માં શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે, તેને "વાસ દે લા સુર્ટ" અથવા "ભાગ્યની દ્રાક્ષ" કહેવામાં આવે છે. એવું કહેવાય છે કે એલીકેન્ટના દ્રાક્ષ ઉત્પાદકોએ આ પ્રકારની આદતને પ્રોત્સાહન આપ્યું હતું. દરેક મહિનાના પ્રતિક તરીકે સૌભાગ્યની 12 દ્રાક્ષ રાખવામાં આવી હતી. ન્યૂયર આવતાની સાથે જ તેઓએ ખાવાનું શરૂ કરવું પડશે. દરેક બેલ્સ સાથે દ્રાક્ષ ખાવાથી આખું વર્ષ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આ પરંપરા એટલી પ્રસિદ્ધ થઈ ગઈ છે કે લોકો આ કરવા માટે દૂર-દૂરથી અહીં આવે છે. લોકો તેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ કરે છે.



### મને આના કારણે પ્રેમ મળ્યો...

ઘણા સોશિયલ મીડિયા પ્રભાવકોએ પોતાને દ્રાક્ષ ખાતા બતાવ્યા અને દાવો કર્યો કે આ પછી તેઓ પ્રેમમાં શ્રેષ્ઠ નસીબદાર હતા. તે અવિવાહિત હતો પણ જીવનસાથી મળ્યો. જો કે, કેટલાક લોકો માને છે કે આ પરંપરાને પ્રેમ નસીબ સાથે કોઈ લેવાદેવા નથી. કેટલાક લોકો માને છે કે ખેડૂતો વધુ દ્રાક્ષ ઉગાડતા હતા અને તેને વેચવાનો માર્ગ શોધી રહ્યા હતા, તેથી તેઓએ આ પ્રથા શરૂ કરી. કેટલાક લોકો માને છે કે આ પરંપરા પહેલાથી જ હતી, જ્યારે સ્પેનના ઉચ્ચ વર્ગના લોકોએ ફ્રેન્ચ ચુનંદા વર્ગનું અનુકરણ કરવાનું શરૂ કર્યું. જો કે, હવે લોકો તેને હળવાશની ક્ષણ તરીકે ઉજવે છે, જેમાં તેઓ બેલ્સ વાગી રહ્યા હોય ત્યારે દ્રાક્ષ ગળી જવાનો પ્રયાસ કરે છે.

# સવારે કે સાંજે? શું તમને ખબર છે ક્યો સમય વોક માટે બેસ્ટ?

## હેલ્થ એક્સપર્ટ તમને દરરોજ 5,000 થી 10,000 ડગલાં ચાલવાની સલાહ આપે છે, પરંતુ શું તમે જાણો છો કે કયા સમયે ચાલવું સ્વાસ્થ્ય માટે વધુ ફાયદાકારક હોઈ શકે છે



વૉકિંગ એ એક સરળ પણ ખૂબ જ અસરકારક કસરત છે, જેમને પરવડે તેમ નથી તેમણે જેટલું ચાલી શકે એટલું ચાલવું જોઈએ. આનાથી હૃદયની તંદુરસ્તી સારી રહે છે, વજન પણ કંટ્રોલમાં રહે છે, હાડકાં અને સ્નાયુઓને મજબૂત બનાવે છે. એકંદરે આપણે કહી શકીએ કે ચાલવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. પરંતુ આ પ્રશ્ન વારંવાર ઊભો થાય છે કે સવારે ચાલવું વધુ સારું કે સાંજ ચાલવું. ચાલો બન્ને વિશે સમજવાનો પ્રયત્ન કરીએ.

### મોર્નિંગ વોકના ફાયદા

સવારના સમયે તમે ઘણીવાર ખાલી પેટ ચાલો છો અને આ કેલરી બર્ન કરવામાં મદદ કરે છે. મોર્નિંગ વોક એ કુદરતી સ્ટિમુલેન્ટ છે. તે શરીર અને મનને પ્રફૂલ્લિત રાખે છે, જ્યારે દિવસના શરૂઆતની કલાકોમાં તાજી હવા અને સૂર્યપ્રકાશ આખા દિવસ માટે તમારા મૂડને સુધારવામાં મદદ કરે છે. સવારનો સૂર્યપ્રકાશ વિટામિન ડીનો કુદરતી સ્ત્રોત છે. વિટામિન ડી હાડકાના સ્વાસ્થ્ય અને ઈમ્યૂન ફંક્શનમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ આવશ્યક પોષક તત્ત્વોનું સેવન એ જેઓ મોર્નિંગ વોક કરે છે તેમના માટે એક વધારાનો ફાયદો છે. આ તે લોકો માટે ખૂબ મદદરૂપ થઈ શકે છે જેઓ સવારે ઉર્જાનો અનુભવ કરતા નથી. આ જ કારણ છે કે વિદ્યાર્થીઓ અને નોકરી કરતા લોકો માટે મોર્નિંગ વોક શ્રેષ્ઠ છે.

### ક્યારે ચાલવું સૌથી બેસ્ટ?

સવાર અને સાંજે ચાલવાથી હૃદયની તંદુરસ્તી, વજન કંટ્રોલ અને સ્ટેમિના વધે છે. સમયની સાથે અસર બદલાઈ શકે છે. સવારે ખાલી પેટ ચાલવાથી કેલરી બર્ન થવાની થોડી સારી તક હોય છે, જ્યારે સાંજની ચાલવાથી પાચન અને ભોજન પછીના ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરવા માટે વધુ અસરકારક છે. મોર્નિંગ વોક સ્વચ્છ મન માટે શ્રેષ્ઠ છે જ્યારે સાંજે ચાલવાથી દિવસ દરમિયાન બનેલા તણાવને ઘટાડવા માટે શ્રેષ્ઠ છે. તમારા માટે શું સારું છે તે તમારી જરૂરિયાતો પર નિર્ભર છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે જ્યારે પણ તમને તક મળે ત્યારે તમારે વૉકિંગ અવશ્ય કરવું જોઈએ.

### સાંજે ચાલવાના ફાયદા

સાંજ તમને ટેન્શન ફ્રી રહેવામાં મદદ કરે છે. ચાલવાથી એન્ડોર્ફિન્સ મુક્ત થાય છે, જે તણાવને દૂર કરે છે અને મૂડમાં સુધારો કરે છે, જે લોકોને વર્ક પ્રેશર અથવા માનસિક થાકથી રાહતની જરૂર હોય તેવા લોકો માટે આ સારી કસરત છે. રાત્રે જમ્યા પછી ચાલવાથી પાચનક્રિયામાં મદદ મળે છે અને પેટ ફૂલવું અટકાવે છે. જેઓ અપચોથી અસ્વસ્થતા અનુભવે છે અથવા જમ્યા પછી ભારેપણું અનુભવે છે તેમના માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સાંજના સમયે ચાલવા જેવી હળવી કસરતમાં કરવાથી તમારા શરીરની સર્કેડિયન લયને નિયંત્રિત કરવામાં મદદ કરીને સારી ઊંઘને પ્રોત્સાહન આપી શકે છે. અનિદ્રા અને અનિયમિત ઊંઘની પેટર્ન ધરાવતા લોકો માટે સાંજે ચાલવું ખૂબ જ ફાયદાકારક છે.



# નવા વર્ષના પ્રથમ દિવસે તુલસીમાં આ વસ્તુ બાંધજો, તિજોરી પૈસાથી છલકાશે

નવું વર્ષ થોડા જ દિવસોમાં આવવાનું છે અને દરેક નવા વર્ષની શરુઆત નવી આશાઓ સાથે કરવા ઈચ્છે છે. નવા વર્ષે જો માતા તુલસીની ઉપાસના કરવામાં આવે તો તે ખૂબ જ શુભ માનવામાં આવે છે. સનાતન ધર્મમાં તુલસીનો છોડ ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે.તુલસી માતાને માતા લક્ષ્મીનું જ રૂપ માનવામાં આવે છે. કહેવાય છે કે જે ઘરમાં તુલસીની પૂજા કરવામાં આવે છે, તે ઘરમાં માતા લક્ષ્મીનો વાસ થાય છે. તુલસીનો છોડ ઘરમાં સુખ સમૃદ્ધિ અને ખુશહાલી લાવે છે અને નવા વર્ષે તુલસીનો છોડ લગાવવાથી ઘરમાં પ્રગતિ પણ આવે છે. નવા વર્ષના પહેલા દિવસે તુલસી સાથે એવી કઈ વસ્તુ બાંધવી જોઈએ જેનાથી સમગ્ર વર્ષ દરમ્યાન ઘરમાં ધન-સંપત્તિ વધશે.નવા વર્ષના પહેલા દિવસે તુસલીમાં લાલ રંગની નાડાછડી બાંધવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. કહેવાય છે કે લાલ નાડાછડી બાંધવાથી સુખ અને સંપત્તિમાં વધારો થાય છે.આ દિવસે તુલસી માતાની પૂજા કર્યા બાદ તેમાં લાલ નાડાછડી બાંધો. તે બાદ તુલસીના છોડનો દૂધથી અભિષેક કરો, જેનાથી માતા તુલસી પ્રસન્ન થઈ જશે. વાસ્તુ શાસ્ત્ર અનુસાર તુલસી પર લાલ રંગની નાડાછડી બાંધવાથી ઘરના તમામ આર્થિક સંકટ અને સમસ્યાઓ દૂર થઈ જાય છે.



# ૩૧ ડિસેમ્બરે ઉજવાતી પાર્ટીઓના બદલે પ્રાર્થના સભા ગોઠવવાની જરૂર છે

**હમ હૈ રાહી પ્યાર કા હમ સે કુછ ના બોલીએ,**
**જોભી પ્યાર સે મિલા હમ ઉસી કે હો લિએ.**

ખબર છ તમને ૩૧ ડિસેમ્બર આજ રાત્રે બાર વાગ્યે પુરો થઈ જશે ને જાન્યુઆરી મહિનો બેસી જશે.. આંખ બંધ કરું તો રાત ને ખોલું ત્યાં સવાર પડી જાય છે પુષ્પા ૨ થયેટર માં જઈને જોવાની ખૂબ ઈચ્છા છે પણ ડર લાગે બાપ.ના ના પુષ્પા થી નહિ રે દુનિયાના બધા પુષ્પા ના પત્ની આગળ હથિયાર મુકાઈ જતા હોય છે.કાલ કુંવારા સદન એ રવિવારે મેસેજ કર્યો કે શું ચાલે છે? કીધું કે કઈ નહિ શોપિંગ ની તૈયારીઓ પર નીકળું છું.તે બોલ્યો કેમ? વિચારો કુંવારો એટલે પરણેલા ની સમસ્યા થી અજાણ હોય છે.કીધું કે રવિવારનો દિવસ પ્રત્યેક શાદીસુધા પુષ્પા ઓનો આકરી કસોટી નો હોય છે. સુભાષ ચંદ્ર બોઝ નું વાક્ય "તુમ મુઝે ખૂન દો મે તુમ્હે આઝાદી દુંગા" એમ રવિવારે પતિઓ પત્નીની ઈચ્છા અનુસાર પસાર કરે તો બપોર નું મનભાવન ભોજન સાથે પત્નીઓના મલકતા ચહેરાઓ નો લુફ્ત ઉઠાવી શકે છે. સાચુ કહું અમારા પડોશીઓ એ તો પુષ્પા ૨ મુવિના ખૂબ વખાણ કર્યા પણ અમિતાભ બચ્ચન ની કલકી ૨૮૯૮ ઈડી નો અનુભવ એવો થયોને કે એમાં કમલ હસન વિલન હતો કે પછી ફિલ્મ નો હીરો? મુવીની ધમાકેદાર એન્ટ્રી ને લીધે હોંશે કાકા પરિવાર સાથે જોવા તો ગયા પણ "વિલન કોણ?" આ પ્રશ્ન મનોમન મૂવી યાદ આવતા જ ઘૂમ્યા કરે છે. પડોશીએ કીધું કે પુષ્પા ૨ મતલબ પયોર અલ્લું અર્જુન અને મંદાના બીજું સેકન્ડરી..પુષ્પા ૧ જોયું છે તો ટુ તો ગમશે જ.

૩૧ ડિસેમ્બર એ ઉજવાતી ઠેર ઠેર પાર્ટીઓ ના બદલે પ્રાર્થના સભા ગોઠવવા ની જરૂર છે,કેમ? શું કેમ જ્યારે ત્યારે વિના મૌસમ વરસાદ ના દે ધના ધન વરસાદ સતત વરસ્યા કરે છે.મે મારા એકમાત્ર બોય ફ્રેન્ડ "મેઘરાજા" ને વિનંતી.તુ સમય k સમયે પધાર એનો વાંધો નથી પણ યાર!! મેટ્રો ટ્રેન ની જેમ ફાસ્ટ દોડતા દિવસો સાથે વરસાદ માં વીજળી બિલકુલ પસંદ નથી.તુ એકલો આવે એનો વાંધો નથી પણ પત્ની ને પકડીને આવે એના અવાજ થી દિલ બેસી જાય છે.



૩૧ ડિસેમ્બર ના રાત્રે નવા વર્ષ ની માગણીઓ:

"બચપન કે દિન ફિર સે લોટા દો" કામકાજ કરવાનું નહિ ને વિના કારણ ટે ટે કરીને એટેન્શન લીધા કરવાનું. ચાલતા શીખ્યા એટલે દુનિયા જીતી લીધી મસ્ત બિન્દાસ "અપની તો હૈ સારી દુનિયા... " રખડો, ભટકો, મનફાવે ને એન્જોય કરો.આજ હુમાયુ ના મકબરા સ્થળ ની મુલાકાતે ગઈ હતી ત્યારે સ્કૂલ પ્રવાસ માં kg થી લઈને પચમાં ધોરણ સુધી ના બાળકો આવ્યા હતા.આ બાળકો ની તોફાન મસ્તી ધમાલ નિહાળી ને થયું કે કાશ ફરી બાળક બનીને મુક્ત ગગન ના પક્ષીઓ ની જેમ વિહરું..

બાળપણ ની રમત માં રાજનીતિ શું એ ખબર નહતી પરંતુ ત્યારે રમત ગમત મા બે ગ્રુપ ભરાડી અને તોફાની. બન્ને વચ્ચે ગ્રુપ ના મેમ્બર્સ બાબતે ખેચમ ખેચ થતી હતી. પાર્ટી મા સામેલ કરવાના પ્રલોભન : ક્રિકેટ માં બે વાર આઉટ તો તોય બેટિંગ મળશે,ભમરડા માંથી આઉટ તો તોય નવો ભમરડો મળશે,મોય દાંડિયા માં મોય ના ઉડી શકી તો પણ ત્રણ વાર મોકો મળશે, અરે!!ઈંડા દા માં મસ્ત મજા કર,દોરડા કુદ માં હરિફાઈ કોઈની સાથે નહિ વગેરે વગેરે. રમત ગમતમા મહિલા અનામતની ના કાનૂન અનુસાર અસંખ્ય પ્રલોભન મળતા ત્યારે એવું આશ્ચર્ય થતું ને પુછતી હતી કે કેમ અલ્યા મને? જવાબ મળતો કે એલી!!તુ દહી,દૂધ,ખીચડી માં છો એટલે આપવા પડે એ..

સાચું કહું મને તો દહી,દૂધ,ખીચડી ની વાત માં ગઠબંધન કરવાનું ગમતું જ નહતું પણ વાત હવાના થઈ જાય એટલે પ્રલોભન સ્વીકારી ને ઈચ્છા મુજબ પાર્ટી પરિવર્તન કર્યા કરતી હતી.ભાઈલા,.ચૂંટણી ના પડઘમ માં મોટાભાગ ની દહી,દૂધ,ખીચડી જેવી પાર્ટી ઓની દશા મુજે માર્ગ મિલે તો ડૂબકી લગાવું ગંગાજી મે. કા કરે ના ઈધર કા ના ઉધર કા.. રાજનીતિ ની પાર્ટી મિટિંગ માં ગઠબંધન જોડાવ પ્રક્રિયા કરતા તોડવ પ્રિક્રિયા ના અખતરા વધારે થતાં હોય છે.કોણ જાણે નવા વર્ષની રાજનીતિ માં કોનું નસીબ ભાગે ને કોનું રૂકાવટ કે લિયે ખેદ હે બોલી ઉભુ રહી જાય. હિન્દી મૂવી ના દિગ્દર્શક ની દશા જોતા થાય છે કે સાઉથ ની ફિલ્મ ઉદ્યોગ પરથી શીખે,જનતા ને શું જોઈએ છે? ૨૦૨૪ ના વર્ષમાં મોટા બજેટ ની મોટાભાગ ની મૂવી ખાસ ચાલી નથી. નાના બજેટ ની મૂવી ના એન્ડ માં કચરો કરી નાખ્યો છે. વર્તમાન સમયમાં હિન્દી મૂવી દર્શકો ને એન્ડ સુધી બેસવા મજબૂર કરી શકતી નથી.આ પાછળ ક્યાં પરિબળ છે એનો અભ્યાસ આવશ્યક છે.



**ખબર છ તમને**

**- રુપાલી દવે**

બાપરે!!ગરમીના ગરમ ગરમ દહાડા પૂરા થયા ને બફારા ના વરસાદના દિવસો શરૂ થયા છે ને ઠંડી માં વરસાદ. સવાર ના સમય માં બફારો ને બપોર પડતાં જ દે ધનાધન વરસાદ.સાચું કહું મને ચોમાસુ મેરેજ સીઝન ના 'બેન્ડ બાજા બારાત' ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની જેવું વધારે લાગે છે એની સાજ સજાવટ માં બધું ફિલ્મી સ્ટાઈલ સમજો. ફિલ્મી સ્ટાઈલ,મોઘલ સામ્રાજ્યના દરબાર સ્ટાઈલ, ફેરી ટેલ થિયેટર સ્ટાઈલ વગેરે થીમ પકડો ને રૂપિયા નાખો.સારું છે કરાટે કે કુસ્તી કે કબડી સ્ટાઈલ લોન્ચ નથી થયું નહિતર વિચારો લગ્ન મંડપ ની દશા શું હોય? સમય ને પાંખ આવતા જૂની પેઢી,નવી પેઢી અને મોર્ડન પેઢી માં લગન ના ભાગલા પડી ગયા.અફસોસ જૂની પેઢી વખતે તો લગ્ન મતલબ સખત મેરેથોન દોડ ની સ્પર્ધા. બીચારો વરરાજા મંડપ મુહૂર્તના દિવસે પણ મમ્મી ને વાસણ,કચરા પોતા કરવામાં મદદ કરતો હતો.લગન પણ કેવા ટૂંકા ને ટચ પીઠી ના પ્રસંગ સાથે જ મહેંદી બીજા દિવસે ૧૨વાગ્યા સુધી માં તો રમી જમીને મેડીએ.સાત દિવસ બાદ તો દેરાણી જેઠાણી,સાસુ વહુની એકતા કપૂર સિરિયલ ટાઈપ ફાઈટ પણ શરૂ થઈ જતી હતી.આમ છતાંય એ દિવસો ખાસ રિયલ ને ખુશ્બુદાર હતા..કેમ? કેમકે પરિવારનું ગજું એટલો પ્રસંગો માં ખર્ચ ને વિધિ શુદ્ધ સંસ્કૃતિ અનુસાર થતી હતી..વર્તમાન સમય એટલે મોર્ડન જમાનામાં મનગમતી થીમ અનુસાર લગ્ન તો થાય છે પરંતુ એ એકદમ નકલી ફૂલ ની મ્હેક જેવા.લગ્ન પ્રસંગોમાં હદ થી વધારે દેખાડો થાય એ વાતનું ખૂબ ધ્યાન રખાય છે પરંતુ લગન ની મુખ્ય વિધિઓ માં ગોર મહારાજ નું અગડમ બગડમ ને ધ્યાન માં લેવાતું નથી...

ભારતીય હિન્દુ સંસ્કૃતિ માં લગ્ન એ રીતિ રિવાજ ને શુદ્ધ અનુસાર શુદ્ધ વિધિ થી થવા જરૂરી છે.કર્મકાંડના વિદ્વાન શુધ્ધ સંસ્કૃત ભાષા ના જાણકાર નો આગ્રહ રાખો.

૩૧ડિસેમ્બર ની રાતે ફોન કરીને ભાઈબંધ ને પૂછો કે પાર્ટી ક્યાં? એમ પૂછો તો ભાભીને વ્હેમ પડે કે કેમ આવું પૂછ્યું? પાર્ટી તો ઘરમાં જ ન્યુઝ ચેનલો ની સાથે કુસ્તી કરે છે. ભાભી ના મનમાં વિચારશે કે નક્કી ભાઈસાબ ટુન બની ગયા લાગે છે ત્યારે તો ખુદ પાર્ટી કરીને બેઠા છે ને પૂછી રહિયા છે પાર્ટી ક્યાં?

ચાલો ત્યારે બધાને નવા વર્ષ ની ખૂબ ખૂબ શુભકામનાઓ ભૂલ થી પણ નવા વર્ષ નિમિતે એકપણ રીઝોલ્યુશન ના લેતા. શરત ઘોડા આગળ લગાવવી સહેલી છે પણ મન આગળ તણાવ ભરી સમજો.




# બોક્સ ઓફિસ રિકેપ 2024...!

## નાના બજેટની 5 ફિલ્મોએ કરી 1500 કરોડની કમાણી, 'પુષ્પા 2' બની વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ

(એજન્સી) મુંબઈ | તા.30

2024માં બોલિવૂડ હોય કે સાઉથની ફિલ્મો નાના બજેટની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી છે. 'સ્ત્રી 2', 'લપતા લેડીઝ', 'મંજૂમલ બોયઝ', 'મુંજ્યા' અને 'હનુમેન' જેવી પાંચ નાના બજેટની ફિલ્મોનું કુલ બજેટ માંડ 155 કરોડ રૂપિયા હતું. પરંતુ આ તમામ ફિલ્મોએ કુલ 1500 કરોડથી વધુનો બિઝનેસ કર્યો છે. જ્યારે 'બડે મિયાં છોટે મિયાં' અને 'કંગુવા' જેવી મોટા બજેટની ફિલ્મો ફ્લોપ રહી હતી.

'સ્ત્રી 2' બોલિવૂડની સૌથી મોટી હિટ ફિલ્મ હતી. આ ફિલ્મે વિશ્વભરમાં 874 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. જ્યારે વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ 'પુષ્પા 2' હતી. ડિસેમ્બરમાં રિલીઝ થયેલી આ ફિલ્મે અત્યાર સુધીમાં 1700 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ ફિલ્મ બાહુબલીની કમાણીનો રેકોર્ડ તોડી શકે છે. અલ્લુ અર્જુનની આ ફિલ્મનું બજેટ 400 કરોડ હતું.

### નાના બજેટની હિટ ફિલ્મો....

- 'સ્ત્રી 2'- બજેટ કરતાં 12 ગણી વધુ કમાણી કરી ફિલ્મ 'સ્ત્રી 2' બ્લોકબસ્ટર હતી. ફિલ્મનું બજેટ માત્ર 20 કરોડ રૂપિયા હતું, જ્યારે તેણે ભારતમાં 27 કરોડ રૂપિયા અને વિશ્વભરમાં 74 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.
- 'મુંજ્યા'- બાળકોને ફિલ્મ ખૂબ જ ગમી આ ફિલ્મે બાળકોમાં ખૂબ જ લોકપ્રિયતા મેળવી હતી. આ ફિલ્મ 30 કરોડ રૂપિયાના બજેટમાં બની હતી અને તેણે વિશ્વભરમાં 130 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.
- 'લપતા લેડીઝ'- ઓસ્કાર એન્ટ્રી 'લપતા લેડીઝ ફિલ્મ માત્ર 4-5 કરોડ રૂપિયાના બજેટમાં બની હતી. તે ઓસ્કાર માટે પસંદ કરવામાં આવી હતી અને અંદાજે રૂ. 15 કરોડની કમાણી કરી હતી.
- 'હનુમેન'- VFXને પ્રશંસા મળી આ ફિલ્મને તેના પ્રભાવશાળી VFX માટે વખાણવામાં આવી હતી. 10 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં 350 કરોડનું કલેક્શન કર્યું હતું.
- 'મંજુમલ બોયઝ'- બજેટ કરતાં 10 ગણી વધુ કમાણી કરી એક સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મે દર્શકોને આકર્ષ્યા હતા. આ ફિલ્મનું બજેટ 20 કરોડ હતું પરંતુ તેણે 200 કરોડની કમાણી કરી હતી.

### હવે વાત કરીએ મોટા બજેટની ફ્લોપ ફિલ્મોની...

- 'બડે મિયાં છોટે મિયાં' અને 'કંગુવા' સૌથી મોટી ફ્લોપ અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' અને સાઉથમાં સૂર્યાની 'કંગુવા' 350 કરોડના બજેટમાં બની હતી. પરંતુ તેના બજેટનો અડધો ભાગની પણ કમાણી ન કરી શકી.
- 'બડે મિયાં, છોટે મિયાં' અને 'મેદાન'- મોટા સ્ટાર્સ હતા પરંતુ ફિલ્મ ફ્લોપ રહી 350 કરોડમાં બનેલી અક્ષય કુમારની બડે મિયાં છોટે મિયાંનું વિશ્વવ્યાપી કલેક્શન 102.16 કરોડ રૂપિયા હતું. જ્યારે અજય દેવગનની મેદાન 250 કરોડ રૂપિયામાં બની હતી અને દુનિયાભરમાં 63 કરોડ રૂપિયાનું કલેક્શન થયું હતું.
- 'કંગુવા'- 38 ભાષાઓમાં બની તો પણ ફ્લોપ સૂર્યા અને બોબી દેઓલની આ ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 70.02 કરોડ રૂપિયા હતું. આ ફિલ્મ 38 ભાષાઓમાં રિલીઝ થઈ હતી, પરંતુ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી શકી નહીં.

### મોટા બજેટની હિટ ફિલ્મો

- 'ભુલ ભુલૈયા 3'- કોમેડી હોરર ડ્રામા ફિલ્મ કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરી અભિનીત આ કોમેડી હોરર ડ્રામા ફિલ્મનું વિશ્વવ્યાપી કલેક્શન 417.51 કરોડ રૂપિયા હતું.
- 'સિંઘમ અગેઈન' - એક્શન ડ્રામા ફિલ્મ અજય દેવગન અને કરીના કપૂર ખાન અભિનીત આ ફિલ્મનું વિશ્વવ્યાપી કલેક્શન રૂ. 389.64 કરોડ હતું.
- 'કલ્કી 2898AD'- 1200 કરોડની કમાણી
- પ્રભાસ અને અમિતાભ બચ્ચનની ફિલ્મનું બજેટ 500-600 કરોડ રૂપિયા હતું. તેણે વિશ્વભરમાં 1,100-1,200 કરોડ રૂપિયાની કમાણી કરી.
- વિશ્વની આ વર્ષની સૌથી સફળ ફિલ્મ 'ઈનસાઈડ આઉટ 2', 13 હજાર કરોડની કમાણી આ વર્ષે વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ 'ઈનસાઈટ આઉટ 2' હતી. 13,280 કરોડથી વધુની કમાણી કરી હતી. જો કે ભારતમાં તેને એટલું પસંદ ન આવ્યું અને અહીં તેનું કલેક્શન માત્ર 32.5 કરોડ રૂપિયા હતું.
- ભારતમાં 'ડેડપૂલ'-'કુંગ ફુ પાંડા'નું નિરાશાજનક કલેક્શન 2024માં ઘણી હોલીવુડ ફિલ્મો ભારતીય બોક્સ ઓફિસ પર આવી. જો કે, તેમાંથી આ 5 ફિલ્મોએ સારો બિઝનેસ કર્યો હતો.

### 2024માં OTT પર રિલીઝ થયેલી ફિલ્મો અને વેબ સિરિઝનો પણ દબદબો રહ્યો

#### 'રેડ વન'ને ચાર દિવસમાં 50 મિલિયન દર્શકોએ જોઇ

'રેડ વન' એમેઝોન અને એમજીએમ સ્ટુડિયોની સૌથી વધુ જોવાયેલી ફિલ્મ બની ગઈ છે. રિલીઝના ચાર દિવસમાં 5 કરોડ લોકોએ તેને જોઈ. જ્યારે તે પહેલાથી જ અમેરિકાના 3,000 થિયેટરોમાં ચાલી રહ્યું હતું. 'રેડ વન'ને પ્રથમ ચાર દિવસમાં વિશ્વભરમાં 5 કરોડ દર્શકોએ જોઈ હતી.

જ્યારે ડ્વેન જ્હોન્સન અને ક્રિસ ઈવાન્સ અભિનીત આ એક્શન કોમેડી ફિલ્મ બોક્સ ઓફિસ પર અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શકી નથી.

### બોલિવૂડના એવા સમાચાર જેણે ચોંકાવી દીધા...

કરણ જોહરે ધર્મા પ્રોડક્શનનો 50% હિસ્સો રૂ. 1,000 કરોડમાં વેચ્યો હતો. આ પછી પણ ધર્મા પ્રોડક્શનનું મૂલ્ય 2,000 કરોડ રૂપિયા છે. 2024માં કંપનીના આવકના સ્ત્રોતોમાં ફિલ્મ ડિસ્ટ્રિબ્યુશન અને એક્ઝિબિશનમાંથી રૂ. 111 કરોડનો સમાવેશ થાય છે. જે 2023માં રૂ. 656 કરોડથી 83 ટકાનો ઘટાડો દર્શાવે છે. સેટેલાઇટ અધિકારોથી થતી આવક પાછલા વર્ષના રૂ. 83 કરોડની સરખામણીએ 15% ઘટીને રૂ. 70.3 કરોડ થઈ છે.

# 91ની ઉંમરે આશા ભોંસલનું રોકિંગ પર્ફોર્મન્સ...

## 'તૌબા-તૌબા' ગાયું અને હૂક સ્ટેપ કર્યું, સિંગર કરણ ઔજલાએ કહ્યું- મારા કરતાં પણ સારું પર્ફોર્મ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.30



હિન્દી સિનેમાનાં સૌથી સિનિયર ગાયિકાઓમાંનાં એક આશા ભોંસલેએ તાજેતરમાં સ્ટેજ પર્ફોર્મન્સ આપ્યું હતું. પર્ફોર્મન્સની ખાસ વાત એ હતી કે આશા ભોંસલેએ તેમનાં ક્લાસિક ગીતો ઉપરાંત નવા જમાનાનું ટ્રેન્ડિંગ ગીત 'તૌબા-તૌબા' ગાયું અને બધાને ચોંકાવી દીધા. દુબઈના કોન્સર્ટમાંથી સામે આવેલો 91 વર્ષનાં આશા ભોંસલેનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે.

આશા ભોંસલેના પર્ફોર્મન્સનો વીડિયો 'કડક એફએમ'ના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પરથી શેર કરવામાં આવ્યો છે. બ્લેક અને વ્હાઈટ સાડીમાં આશા ભોંસલેએ વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરી અભિનીત ફિલ્મ 'બેડ ન્યૂઝ'નું ગીત 'તૌબા તૌબા' ગાયું હતું. થોડા સમય પછી, તેમણે માઈક છોડી અને ગીતનું હૂક સ્ટેપ પણ કર્યું.

વીડિયો જોઈને ભાવુક થઈ ગયો કરણ ઔજલા આશા ભોંસલેનો વીડિયો સામે આવતાંની સાથે જ વાઈરલ થયો હતો. આ પછી, 'તૌબા તૌબા'ના સિંગર કરણ ઔજલાએ ઈમોશનલ થઈ તેના પર પ્રતિક્રિયા આપી છે. તેણે લખ્યું, 'સંગીતની જીવંત દેવી આશા ભોસલેજી. તેમણે હમણાં 'તૌબા તૌબા' ગીત ગાયું, જે એક ગામમાં ઉછરેલા બાળક દ્વારા લખવામાં આવ્યું હતું, જેને ન તો સંગીતની પૃષ્ઠભૂમિ વિશે સમજ હતી કે ન તો સંગીતનાં સાધનોની કોઈ સમજ હતી. આ ગીત એક છોકરા દ્વારા બનાવવામાં આવ્યું હતું જે કોઈ પણ મ્યુઝિક ઈન્સ્ટ્રુમેન્ટ વિશે જાણતો ન હતો.'

કરણ ઔજલાએ આગળ લખ્યું, 'આ ગીતને ઘણો પ્રેમ અને ઓળખ મળી છે. માત્ર ચાહકોએ જ નહીં પરંતુ ઘણા મ્યૂઝિક કલાકારોએ પણ તેને પસંદ કર્યું છે. પરંતુ આ ક્ષણ ખરેખર આઈકોનિક છે, જેને હું ક્યારેય ભૂલીશ નહીં. હું ખરેખર આભારી છું. આનાથી મને વધુ સારા ગીત બનાવવા અને સાથે મળીને કામ કરવાની પ્રેરણા મળી

# વરુણ ધવનની બેબી જ્હોન ફલોપ, અનેક થિયેટરમાંથી ઉતારી લેવાઈ...

મુંબઈ: ટ્રેડ વર્તુળોમાં ધારણા સેવાતી હતી તેમ વરુણ ધવનની 'બેબી જ્હોન' ફિલ્મ ફલોપ સાબિત થઈ છે. નાતાલની રજા દરમિયાન રીલિઝ થયાના પછી રોજેરોજ તેનું કલેક્શન ઘટી રહ્યું છે અને ચાર દિવસમાં તે ૨૦ કરોડના આંક પર પણ માંડ પહોંચી શકી છે. અનેક થિયેટરોમાં તેના શોઝમાં માંડ ૧૦ ટકા પ્રેક્ષકો ફરક્યા હતા. આથી સંખ્યાબંધ થિયેટર સંચાલકોએ આ ફિલ્મના શોઝ કેન્સલ કરવા માંડયા છે.

કેટલાકે તેની જગ્યાએ 'પુષ્પા ટૂ' તો કેટલાકે તેની જગ્યાએ હિંદીમાં ડબ થયેલી મલયાલમ ફિલ્મ 'માર્કોસ'ના શો શરુ કરી દીધા છે. 'બેબી જ્હોન'નું પહેલા દિવસનું કલેક્શન ૧૨ કરોડ રહ્યું હતું. પરંતુ, તે પછી તેને વીક એન્ડની રજાઓમાં પણ પ્રેક્ષકો મળ્યા નથી. ટ્રેડ વર્તુળોએ અગાઉ જ આગાહી કરી હતી તેમ વરુણ ધવન મોટાભાગે ફલોપ કલાકાર જ રહ્યો હોવાથી તેનામાં કોઈ ફિલ્મને સોલો હિરો તરીકે ટિકિટબારી પર ખેંચી શકવાનું કૌવત જ નથી. ફક્તે નેપોકિડ હોવાના કારણે તેને ફિલ્મો મળ્યા કરે છે બાકી તે કમર્શિઅલ સદંતર ફલોપ કલાકાર છે.

# મિકા ઈન્વિટેશન વિના જ 'બિગ બી'ની પાર્ટીમાં ઘૂસી ગયો હતો: દલેર પાજીએ પ્રેન્ક કર્યો અને નકલી અમિતાભ બચ્ચન સાથે વાત કરાવી

(એજન્સી) મુંબઈ | તા.30

મિકા સિંહનું કહેવું છે કે તેને ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પ્રેમ શાહરૂખ ખાન અને અમિતાભ બચ્ચન તરફથી મળ્યો છે. તે બિગ બીનો એટલો મોટો ફેન છે કે તે એકવાર એક્ટરની દિવાળી પાર્ટીમાં ઈન્વિટેશન વગર જ પહોંચી ગયો હતો. તે અવારનવાર અમિતાભ બચ્ચનને મેસેજ કરતો છે. આ જાણ્યા પછી એક દિવસ દલેર મહેંદીએ તેની મજાક ઉડાવી. તેણે ગાયકને નકલી અમિતાભ સાથે વાત કરાવી, જેને મિકાએ સાચા અમિતાભ માની લીધા હતા.

'ધ લલ્લનટોપ'ને આપેલા ઈન્ટરવ્યુમાં મિકા સિંહે કહ્યું- દર વર્ષે અમિતાભ બચ્ચન દિવાળીની ઉજવણી કરતા હતા. હું તેમના ઘર પાસેથી પસાર થતો અને બધી સજાવટ જોતો. હું હંમેશા આ પાર્ટીમાં આમંત્રિત થવા માગતો હતો. મારી પાસે મોટી કાર હતી. એક દિવસ હું બોલાવ્યા વિના તેમના ઘરે ગયો. મેં ગેટની અંદર બે ચક્કર માર્યા અને બહાર જતો રહ્યો. હું તેમને (અમિતાભ બચ્ચન)ને વારંવાર મેસેજ કરતો હતો. એક દિવસ તેમણે જવાબમાં લખ્યું - ગોડ બ્લેસ યુ.

મિકાએ કહ્યું- દલેર પાજીએ મને નકલી અમિતાભ બચ્ચન સાથે વાત કરાવી મિકાએ આગળ કહ્યું, 'મેં આ વાત દલેર પાજીને કહી. તેણે કહ્યું- તું કોઈ નકલી અમિતાભ બચ્ચન સાથે વાત કરી રહ્યો છો. ચાલ હું તને સાચા અમિતાભ બચ્ચન સાથે વાત કરાવું. પછી તેણે એક નંબર પર ફોન કર્યો અને કહ્યું- બચ્ચન સાહેબ, અહીં મારો ભાઈ મિકા તમારી સાથે વાત કરવા માગે છે.



આટલું કહીને તેણે ફોન મારા હાથમાં આપ્યો. હું તરત જ આદરપૂર્વક ઊભો થયો અને તેની સાથે વાત કરી. સામેની વ્યક્તિનો અવાજ બિલકુલ અમિતાભ બચ્ચન જેવો હતો. મને ખબર નહોતી કે દલેર પાજી મારી સાથે મજાક કરે છે અને હું ડુપ્લિકેટ સાથે વાત કરી રહ્યો હતો.'

અમિતાભ બચ્ચનને મળ્યા બાદ પ્રૅન્કનું રહસ્ય ખૂલ્યું મિકાએ કહ્યું કે આ ઘટના બાદ તેણે અમિતાભ બચ્ચનને મેસેજ કરવાનું બંધ કરી દીધું હતું. તેણે વિચાર્યું કે દલેર પાજીએ જેની સાથે વાત કરી હતી તે જ સાચા 'બિગ બી' હતા. તેની પાસે જે વ્યક્તિનો નંબર છે તે અસલી મિસ્ટર બચ્ચન નથી. આ ઘટનાના થોડા દિવસો પછી મિકા સિંહનો એક ઈવેન્ટમાં અમિતાભ બચ્ચન સાથે સામનો થયો. વાતચીત દરમિયાન, એક્ટરે તેને પૂછ્યું - તમે મને મેસેજ મોકલવાનું કેમ બંધ કર્યું? તમે મને મેસેજ કરતા રહો.



# કંગનાએ એક્ટ્રેસની સરખામણી હિમાચલની મહિલાઓ સાથે કરી

## પ્રીતિ ઝિન્ટા, યામીનાં ફોટો પર લખ્યું - અમારાથી વધુ સારી દેખાતી મહિલાઓ પશુપાલન કરી આજીવિકા ચલાવે છે...

(એજન્સી) મુંબઈ | તા.30

પોતાનાં વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહેનારી કંગના રનૌતે હાલમાં જ હિમાચલ પ્રદેશની મહિલાઓની સરખામણી હિમાચલ પ્રદેશમાં જન્મેલી કે મોટી થયેલી એક્ટ્રેસ સાથે કરી હતી. એક્ટ્રેસે પ્રીતિ ઝિન્ટા અને યામી ગૌતમ જેવી એક્ટ્રેસની તસવીરો શેર કરતાં લખ્યું કે તેમના કરતાં સારી દેખાતી મહિલાઓ તેમની આજીવિકા ચલાવવા માટે પશુપાલન કરી રહી છે.

કંગનાએ પોતાનો તેમજ પ્રીતિ ઝિન્ટા, યામી ગૌતમ અને 'લાપતા લેડીઝ' ફેમ એક્ટ્રેસ પ્રતિભા રાંતાના ફોટોગ્રાફ્સ શેર કર્યા.



સાથે તેણે લખ્યું, હિમાચલ પ્રદેશના લોકો. જ્યારે હું હિમાચલમાં જાઉં છું અને જોઉં છું કે અમારી સમાન અથવા અમારા કરતાં પણ વધુ સુંદર સ્ત્રીઓ, જેઓ ખેતરોમાં અથાક મહેનત કરે છે, ત્યાં કોઈ ઈન્સ્ટા નથી, કોઈ રીલ નથી, તેઓ ઘેટાં-બકરાં પાળે છે અને પોતાનું જીવન ચલાવે છે. મને લાગે છે કે આ મહિલાઓ ચોક્કસપણે પ્રચાર કરી શકે છે. હિમાચલી જીન્સ, હિમાચલની મહિલાઓ.' કંગના રનૌતની આ પોસ્ટ ત્યારે સામે આવી છે જ્યારે એક સર્વે રિપોર્ટમાં સામે આવ્યું છે કે હિમાચલ પ્રદેશના મંડી શહેરમાં મહિલાઓ સાથે ક્રૂરતાની સૌથી વધુ ઘટનાઓ સામે આવી છે. કંગના રનૌત આ મંડીમાંથી ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર લોકસભા ચૂંટણી જીતી છે.

કંગનાની 'ઈમરજન્સી' જાન્યુઆરીમાં રિલીઝ થશે લાંબી રાહ જોયા બાદ કંગના રનૌતની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ ઈમરજન્સી 17 જાન્યુઆરી 2025ના રોજ રીલિઝ થવા જઈ રહી છે.

આ ફિલ્મ સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર બોર્ડે ફિલ્મને પાસ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે કેટલાંક વિવાદાસ્પદ દશ્યોને દૂર કરવા અને બદલવાની માગણી કરી હતી, પરંતુ કંગના તેને અનકટ રિલીઝ કરાવવા પર જીદે ચડી હતી.

કંગના રનૌત સેન્સર બોર્ડ વિરુદ્ધ કોર્ટમાં પહોંચી હતી. લાંબી રાહ જોયા બાદ હવે કંગના રનૌતને કેટલાક ફેરફારોને આધીન પ્રમાણપત્ર મળી ગયું છે. ફિલ્મમાં કંગના રનૌત સાથે અનુપમ ખેર, મહિમા ચૌધરી, શ્રેયસ તલપડે, મિલિંદ સોમણ જેવા કલાકારો જોવા મળશે. આ ફિલ્મમાં કંગનાએ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે.

# મલયાલમ એક્ટર દિલીપ શંકરનું ભેદી મોત શી રીતે થયું...?

## હોટલમાંથી મળી લાશ, બે દિવસથી રૂમમાં હતા બંધ; સ્વાસ્થ્ય સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા હતા

(એજન્સી) મુંબઈ | તા.30

મલયાલમ એક્ટર દિલીપ શંકરના આકસ્મિક મોતથી ઈન્ડસ્ટ્રીના સૌ આઘાતમાં છે. આ એક્ટરનો મૃતદેહ રવિવારે તિરુવનંતપુરમના વેનરોઝ જંક્શન સ્થિત એક ખાનગી હોટેલમાંથી મળી આવ્યો હતો. એક્ટરના મૃત્યુનું સાચું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલ મુજબ, એક્ટર સિરિયલના શૂટિંગ માટે તિરુવનંતપુરમમાં હતો અને તેમણે ચાર દિવસ પહેલાં ત્યાં એક હોટેલનો રૂમ ભાડે લીધો હતો. દિલીપ શંકર છેલ્લા બે દિવસથી તેમના રૂમની બહાર જોવા મળ્યા ન હતા અને જ્યારે તેમના કો-વર્કરે તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે એક્ટરનો સંપર્ક થઈ શક્યો ન હતો. આ પછી સહકર્મીને પૂછપરછ માટે હોટલમાં જવું પડ્યું. હોટલના સ્ટાફે દરવાજો ખોલ્યો તો તેમને દિલીપનો મૃતદેહ મળ્યો. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. હાલ મામલાની તપાસ ચાલી રહી છે.



સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાતા હતા 'મનોરમા ઓનલાઈન'ના અહેવાલ મુજબ દિલીપ જે સિરિયલમાં કામ કરી રહ્યા હતા તેમના નિર્દેશક મનોજે જણાવ્યું કે શૂટિંગમાં બે દિવસનો બ્રેક હતો. જોકે આ દરમિયાન દિલીપને વારંવાર ફોન કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે જવાબ આપ્યો ન હતો. અહેવાલોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દિલીપ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી પીડિત હતા.

# ટેલિવિઝન જગતના કેટલાક સ્ટાર્સ અને તેમના મનપસંદ સ્ટાર્સે તેમના તમામ ગુજરાતી ચાહકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી

(એજન્સી) મુંબઈ | તા.30

જેમ જેમ 2025 નજીક આવી રહ્યું છે તેમ, 24મો ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી (ITA) પુરસ્કારો ખરેખર એક અવિસ્મરણીય ભવ્યતા બની રહી છે! આ અત્યંત અપેક્ષિત ઈવેન્ટ માત્ર ટેલિવિઝન ઉદ્યોગની અદભૂત સિદ્ધિઓની જ ઉજવણી કરશે નહીં પરંતુ રોમાંચક શક્યતાઓથી ભરેલા નવા વર્ષનો માર્ગ પણ મોકળો કરશે. અદભૂત પર્ફોર્મન્સ, આશ્ચર્યજનક આશ્ચર્ય અને સ્ટાર-સ્ટડેડ દેખાવની શ્રેણી સાથે, 24મા ITA એવોર્ડ્સ નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણીનું વચન આપે છે. ચાહકોને ભારતીય મનોરંજનની ગ્લેમરસ દુનિયાની વિશિષ્ટ ઝલક મળશે.

રૂપાલી ગાંગુલી, ભાવિકા શર્મા, નેહા હરસોરા, કંવર ધિલ્લોન, ફહમાન ખાન, સોનાક્ષી બત્રા, અભિકા માલાકર, સમૃદ્ધિ શુક્લા, રોહિત પુરોહિત, કુશાલ આહુજા, અક્ષિત ત્રિ સુખીજા અને અદિતિ ત્રિપાથ જેવા ટીવી દિગ્ગજો સાથે રેડ કાર્પેટ જોવા જેવું હતું. બોલ્ડ ફેશન સ્ટેટમેન્ટ બનાવે છે. સાંજને બોલિવૂડના આઈકન્સ રાજકુમાર રાવ, તાપસી પન્નુ અને રવિના ટંડન દ્વારા વધુ ઉન્નત કરવામાં આવી હતી, જેણે ઈવેન્ટમાં સ્ટાર પાવર ઉમેર્યો હતો. જેમ જેમ આપણે નવા વર્ષની તૈયારી કરી રહ્યા છીએ, ટેલિવિઝન જગતના કેટલાક સ્ટાર્સ અને તેમના મનપસંદ સ્ટાર્સે તેમના તમામ ગુજરાતી ચાહકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. અનુપમા હોય, ઉડને કી આશા હોય, કે ઈસ ઈશ્ક કા રબ રખા અને દિલ કો તુમસે પ્યાર હુઆ હોય, બધા શો ટીઆરપી ચાર્ટ પર રાજ કરી રહ્યા છે, અને તમામ સ્ટાર્સે ભરપૂર પ્રશંસા અને તાળીઓ મેળવી છે. કંવર ધિલ્લોન, ઉર્ફે સચિન, અને નેહા હરસોરા, ઉર્ફે સાયલી, સ્ટાર પ્લસના શો ઉડને કી આશામાંથી; શિવમ ખજુરિયા, ઉર્ફે પ્રેમ, સ્ટાર પ્લસના શો અનુપમામાંથી; સોનાક્ષી બત્રા, ઉર્ફે મેઘલા, સ્ટાર પ્લસના શો ઈસ ઈશ્ક કા રબ રખામાંથી; અક્ષિત સુખીજા, ઉર્ફે ચિરાગ, અને અદિતિ ત્રિપાઠી, ઉર્ફે દીપિકા, સ્ટાર પ્લસ શો દિલ કો તુમસે પ્યાર હુઆમાંથી; અને અભિકા મલાકર, જે સ્ટાર પ્લસ પર નવા શો પોકેટ મેં આસમાનમાં જોવા મળશે, તેણે 24મા ITA એવોર્ડની રેડ કાર્પેટ પર બિરાજમાન થયા અને તેમના ગુજરાતી ચાહકોને તેમના નવા વર્ષની શુભેચ્છાઓ આપી. આ ખરેખર જોવા માટે એક અદભૂત ભવ્યતા હતી, અને અમારું નવું વર્ષ હમણાં જ વધુ સ્પેલબાઈન્ડિંગ અને વિશેષ બન્યું છે!



24મો ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી (ITA) પુરસ્કારો ખરેખર એક અવિસ્મરણીય ભવ્યતા બની રહી છે!

# IND vs AUS: મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની શરમજનક હાર

(એડન્સી) મેલબોર્ન તા 30

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બોક્સિંગ ડે ટેસ્ટનો છેલ્લો દિવસ રમાઈ રહ્યો છે. ભારતને આ મેચ જીતવા માટે 340 રન બનાવવાના હતા, પરંતુ ભારતીય ટીમ આ મેચમાં 184 રનથી હારી ગઈ છે.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) 2024-25 હેઠળ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે રમાઈ હતી. આ મેચમાં ભારતને 184 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે 84 રનની ઈનિંગ રમી હતી, પરંતુ થર્ડ અમ્પાયરના ખોટા નિર્ણયના લીધે તેને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયાનો બીજો દાવ 234 રન પર સમેટાઈ ગયો હતો. ભારત તરફથી જસપ્રીત બુમરાહે બીજી ઈનિંગમાં 5 વિકેટ ઝડપી હતી. આ પહેલા ભારતીય ટીમે તેના પ્રથમ દાવમાં 369 રન બનાવ્યા હતા. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડીએ 114 રનનું યોગદાન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે આ મેચની પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયન ટીમ 474 રનમાં સમેટાઈ ગઈ હતી. એટલે કે પ્રથમ દાવના આધારે ઓસ્ટ્રેલિયાને 105 રનની લીડ મળી હતી.



## રોહિત શર્મા લેશે સંન્યાસ, આ દિવસે રમશે છેલ્લી મેચ?

રોહિત શર્માની ટેસ્ટ કારકિર્દી ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટીમ ઈન્ડિયાનો કેપ્ટન સિડનીમાં પોતાના કરિયરની છેલ્લી ટેસ્ટ રમી શકે છે. જો ટીમ ઈન્ડિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં નહીં પહોંચે તો સિડની ટેસ્ટ તેના કરિયરની છેલ્લી ટેસ્ટ મેચ બની શકે છે.

મેલબોર્ન ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ મોટા સમાચાર આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રોહિત શર્મા ટૂંક સમયમાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેવા જઈ રહ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રોહિત શર્મા સિડની ટેસ્ટ બાદ નિવૃત્તિ લેશે. સિડની ટેસ્ટ 3 જાન્યુઆરીથી શરૂ થશે. જો આ મેચ પાંચ દિવસ સુધી ચાલશે તો 7 જાન્યુઆરી રોહિત શર્માની ટેસ્ટ કારકિર્દીનો અંતિમ દિવસ બની શકે છે. વિવિધ મીડિયાના અહેવાલ મુજબ, BCCI અને પસંદગીકારોએ રોહિત શર્માની નિવૃત્તિ વિશે વાત કરવાનું શરૂ કરી દીધું છે. પરંતુ ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા પસંદગીકારોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. રોહિત શર્મા વાસ્તવમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમવા માંગે છે, જો ટીમ ભારત પહોંચે છે તો તે મેચ તેની છેલ્લી મેચ બની શકે છે. જો કે આ શક્યતા ઓછી છે, પરંતુ આવી સ્થિતિમાં સિડની રોહિતની છેલ્લી ટેસ્ટ મેચ બની શકે છે.

મોટી વાત એ છે કે રોહિત શર્મા પર આ રિપોર્ટ મેલબોર્ન ટેસ્ટમાં હાર બાદ તરત જ સામે આવ્યો છે. મેલબોર્ન ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો 184 રનથી પરાજય થયો હતો.



**ટીમ ઈન્ડિયાની હાર બાદ રોહિતે શું કહ્યું?** મેલબોર્નમાં રમાયેલી બોક્સિંગ ડે ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયા સામે 184 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે ટીમ ઈન્ડિયા હવે સિરીઝમાં 2-1થી પાછળ છે. આ સિવાય WTC ફાઈનલના પોઈન્ટ ટેબલમાં પણ ભારતને ઝટકો લાગ્યો છે. હાર બાદ કેપ્ટન રોહિત શર્મા પણ ઘણો નિરાશ જોવા મળ્યો હતો. મેલબોર્નમાં હાર બાદ રોહિત શર્માનું મોટું નિવેદન સામે આવ્યું છે. ચોથી ટેસ્ટમાં હાર બાદ રોહિતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે "આજે હું જ્યાં ઉભો હતો ત્યાં જ ઉભો છું, એક કેપ્ટન અને બેટ્સમેન તરીકે કેટલાક પરિણામો અમારા પ્રમાણે નથી આવ્યા, તે નિરાશાજનક છે. 'માનસિક રીતે આ નિરાશાજનક છે પરંતુ અત્યારે, એવી કેટલીક બાબતો છે જે મારે એક ટીમ તરીકે જોવાની જરૂર છે.' બોર્ડર ગાવસ્કર ટ્રોફી શરૂ થઈ ત્યારથી જસપ્રીત બુમરાહ સિવાય અન્ય કોઈ ભારતીય બોલર કંઈ ખાસ કરી શક્યો નથી. એવું લાગી રહ્યું છે કે જસપ્રીત બુમરાહ એકલા હાથે ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો સામે લડી રહ્યો છે. આને લઈને રોહિત શર્માએ કહ્યું કે, બુમરાહ એકદમ બ્રિલિયન્ટ છે, અમે તેને ઘણા વર્ષોથી જોઈ રહ્યા છીએ, તે માત્ર દેશ માટે રમવા માંગે છે અને ટીમ માટે સારું કરવા માંગે છે, પરંતુ કમનસીબે તેને બીજી બાજુથી વધુ સમર્થન મળ્યું નથી.'

# WTCની ફાઈનલમાં ટીમ ઈન્ડિયા હજુ પણ બનાવી શકે છે જગ્યા



(એજન્સી) સિડની તા 30

સાઉથ આફ્રિકાએ બે મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં પાકિસ્તાનને 2 વિકેટથી હરાવ્યું છે. આ મેચ જીત્યા બાદ સાઉથ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે. આ સિરીઝની બીજી મેચ 3 જાન્યુઆરીએ રમાશે.

દક્ષિણ આફ્રિકા ક્વોલિફાય થયા બાદ ટીમ ઈન્ડિયા માટે WTC ફાઈનલમાં પહોંચવું મુશ્કેલ બની ગયું છે. પરંતુ ટીમ ઈન્ડિયા હજુ પણ ફાઈનલની રેસમાંથી બહાર નથી.

તમને જણાવી દઈએ કે ટીમ ઈન્ડિયા WTCની ફાઈનલમાં કેવી રીતે જગ્યા બનાવી શકે છે. જાણો કેવી રીતે ટીમ ઈન્ડિયા WTCની ફાઈનલમાં બનાવી શકે છે જગ્યા જો ભારતે WTCની ફાઈનલમાં પહોંચવું હોય તો ચોથી ટેસ્ટ મેચ ડ્રોમાં સમાપ્ત થવી જોઈએ. આ સિવાય ટીમ ઈન્ડિયાએ સિડની ટેસ્ટ મેચ જીતવી પડશે. આ પછી આશા રાખવી જોઈએ કે ઓસ્ટ્રેલિયા શ્રીલંકા સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શકશે નહીં. જો બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 1-1ની બરાબરી પર સમાપ્ત થાય છે, તો ટીમ ઈન્ડિયાએ આશા રાખવી પડશે કે શ્રીલંકા ઓસ્ટ્રેલિયાને ટેસ્ટ સિરીઝમાં 1-0થી હરાવશે. જો આમ થાય છે તો ટીમ ઈન્ડિયા WTCની ફાઈનલમાં જગ્યા બનાવી શકે છે.

# હમ્પીએ બીજી વખત વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપ જીતી

(એજન્સી) ઇન્ડોનેશિયા તા 30


હમ્પીએ વર્ષ 2019માં જ્યોર્જિયામાં યોજાયેલી વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપ જીતી છે. ભારતની કોનેરુ હમ્પીએ બીજી વખત વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો છે. ન્યૂયોર્કમાં રમાયેલી આ ટુર્નામેન્ટમાં હમ્પીએ ફાઈનલમાં ઈન્ડોનેશિયાની ઈરીન સુખંદરને હરાવી હતી. અગાઉ, હમ્પીએ વર્ષ 2019માં જ્યોર્જિયામાં આયોજિત આ ચેમ્પિયનશિપ જીતી હતી. ભારતની નંબર 1 ખેલાડી ચીનની ઝુ વેનજુન પછી એકથી વધુ વખત ટાઇટલ જીતનાર બીજી ખેલાડી છે. 37 વર્ષીય હમ્પીએ 11માંથી 8.5 પોઈન્ટ સાથે ટુર્નામેન્ટ પૂરી કરી. હમ્પી ગ્રાન્ડ માસ્ટર બનનાર ભારતની પ્રથમ મહિલા ખેલાડી હમ્પી નેશનલ બોયઝ ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા હતી. તે ગ્રાન્ડ માસ્ટર બનનાર ભારતની પ્રથમ મહિલા ખેલાડી છે.

2600 ELO પોઈન્ટ હાંસલ કરનાર તે માત્ર બીજી મહિલા ખેલાડી છે. તેના પિતા અશોક કોનેરુએ 5 વર્ષની ઉંમરે તેમની પ્રતિભાને ઓળખી હતી. અશોક પણ ચેસ રમતા હતા. તેમણે હમ્પીને ટ્રેનિંગ આપી. અશોક પ્રોફેસર હતા. તેમની પુત્રીના ચેસના સપનાને પૂરા કરવા માટે, તેમણે નોકરી છોડી દીધી અને હમ્પીને ટ્રેનિંગ આપવાનું શરૂ કર્યું.

# પેટ કમિન્સે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ, રોહિત બન્યો શિકાર

(એડન્સી) મેલબોર્ન તા 30

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ફરી એકવાર ભારતીય કેપ્ટન રોહિત શર્માને આઉટ કરીને તેની ઈનિંગ્સનો અંત આણ્યો હતો. આવુ કરીને કમિન્સે એક વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે, જ્યાં તે હવે ટેસ્ટ મેચમાં સૌથી વધુ વખત વિરોધી કેપ્ટનને આઉટ કરનાર કેપ્ટન બની ગયો છે. કમિન્સે અત્યાર સુધીમાં છ વખત રોહિતને આઉટ કર્યો છે. કમિન્સે આ મેચની પ્રથમ ઈનિંગમાં પણ રોહિતને આઉટ કર્યો હતો. કમિન્સ પહેલા રિચી બેનોડે પાંચ વખત ટેડ ડેક્સ્ટરને આઉટ કરીને આ રેકોર્ડ બનાવ્યો હતો. પાકિસ્તાનના ઈમરાન ખાને પણ સુનીલ ગાવસ્કર સામે આવો જ રેકોર્ડ બનાવ્યો હતો, જ્યાં પૂર્વ કેપ્ટને પાંચ વખત ગાવસ્કરને આઉટ કર્યા હતા.મેલબોર્નમાં પાંચમા દિવસે ભારતને કાંગારૂ ટીમ તરફથી 340 રનનો ટાર્ગેટ મળ્યો હતો. કોઈપણ ટેસ્ટ મેચમાં પાંચમા દિવસે આટલું મોટું લક્ષ્ય હાંસલ કરવું સરળ નથી. જીતની ઈચ્છામાં ભારતને આશા હતી કે ટીમનો કેપ્ટન રોહિત ટીમને મજબૂત શરૂઆત અપાવશે. જોકે આવું થઈ શક્યું નહીં. રોહિત અને યશસ્વી જયસ્વાલની જોડીએ સારી શરૂઆત કરી હતી, જ્યાં બંને બેટ્સમેનોએ સાવધાનીપૂર્વક રમી હતી અને 16 ઓવરમાં માત્ર 25 રન બનાવ્યા હતા. જો કે, આ પછી રોહિત વિચલિત થઈ ગયો અને રન બનાવવાની ઈચ્છામાં તેણે ખોટો શોટ રમ્યો.




# 200 વિકેટ સાથે સ્ટાર બોલર જસપ્રિત બુમરાહનો જાદૂ છવાયો

(એજન્સી) મેલબોર્ન તા 30

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 ટેસ્ટની સીરિઝમાંથી ચોથી ટેસ્ટ મેચ મેલબોર્નમાં રમાઈ રહી છે, આ ટેસ્ટમાં હાલ ભારત મજબૂત સ્થિતિમાં છે, ઓસ્ટ્રેલિયાએ 6 વિકેટ ગુમાવીને 4 દિવસના ટી બ્રેક સુધીમાં 240 રનની લીડ મેળવી લીધી છે. ભારતીય ક્રિકેટ ટીમે જબરજસ્ત કમબેક કર્યું છે, નીતિશ કુમાર રેડ્ડીની સદી અને બોલિંગમાં જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજના અટેકના કારણે ઓસ્ટ્રેલિયાની ટીમ દબાણમાં આવી ગઈ છે. ઓસ્ટ્રેલિયાની બીજા દાવમાં શરુઆત ખરાબ રહી છે, જ્યારે ભારતી બોલરો ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો પર હાવી રહ્યા છે. માર્નસ લાબુશેન સિવાય તમામ ખેલાડીઓ નિષ્ફળ સાબિત થયા છે. ભારતીય બોલરોએ ઓસ્ટ્રેલિયાની મજબૂત પાર્ટનરશીપ



થવાની સ્થિતિ બનવા દીધી નથી, જોકે, 7મી વિકેટ માટે પેટ કમિન્સ અને માર્નસ લાબુશેન વચ્ચે પાર્ટનરશીપ થઈ રહી છે અને તેમાં ઝડપી રન પણ બની રહ્યા છે. ભારતે આજે અંતિમ વિકેટ માટે બેટિંગ માટે ઉતરીને પહેલા દાવમાં 369 રન બનાવ્યા હતા, જેમાં નીતિશ રેડ્ડી (114)ની સદીનો સમાવેશ થાય છે. મોહમ્મદ સિરાજે પણ શાનદાર બોલિંગ કરીને 14 ઓવરમાં 40 રન આપીને 2 વિકેટ લીધી છે.

# ઈન્ટરનેશનલની સેમિફાઈનલમાં લક્ષ્યની હાર

(એજન્સી) ચીન તા 30

લક્ષ્ય ચીનના હૂ ઝેઆન સામે ભારતના લક્ષ્ય સેન શનિવારે શેનઝેનમાં ચીનના હૂ ઝેઆન સામે પરાજિત થઈને કિંગ કપ ઈન્ટરનેશનલ બેડમિન્ટન ઓપનની સેમીફાઈનલમાંથી બહાર થઈ ગયો હતો. 23 વર્ષનો ભારતીય શટલર વર્તમાન જુનિયર વર્લ્ડ ચેમ્પિયન સામે 19-21, 19-21થી પરાસ્ત થયો હતો. પહેલી ગેમમાં બન્ને ખેલાડીઓ બરાબરી પર હતા. હૂએ બ્રેકના સમયમાં એક પોઈન્ટની સામાન્ય લીડ હાંસલ કરી લીધી હતી. લક્ષ્ય સેને બેકહેન્ડમાં ભૂલ કરતાં તેનો લાભ હૂને મળી



ગયો હતો. 2022માં પોતાના આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કરનારા 18 વર્ષના હૂએ પોતાનું દબાણ જાળવી રાખ્યું હતું. તેણે પહેલી ગેમ ત્યારે જીતી લીધી હતી કે જ્યારે લક્ષ્ય સેને શટલ કોકને વાઈડ શોટ માર્યો હતો. બીજી ગેમમાં પણ મુકાબલો બરાબરી પરનો હતો. શરૂઆતમાં સ્કોર 6-6થી સમાંતર હતો. તે પછી હૂએ 12-10ની લીડ હાંસલ કરી લીધી હતી. જો કે તે પછી ભારતીય ખેલાડીએ ફરી ગેમ પર પકડ બનાવી હતી અને 19-16ની લીડ બનાવી લીધી હતી. જો કે તે પછી ડૂએ શક્તિશાળી સ્મેશ અને નાજુક ડ્રોપ શોટ્સના અદભુત સંયોજન સાથે જોરદાર જવાબ આપ્યો હતો અને તે સાથે તેણે બીજી ગેમ અને મેચ જીતી લીધા હતાં. સેને અગાઉ આ મહિને સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર 300નો ખિતાબ જીતી લીધો હતો.

# સાઉથ આફ્રિકાની જીતથી WTC પોઈન્ટ ટેબલમાં મોટો થયો ફેરફાર



(એજન્સી) કેપટાઇન તા 30

સાઉથ આફ્રિકાએ બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને 2 વિકેટથી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. એટલે કે ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાનમાં રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે એક ટીમ મળી ગઈ છે અને હવે માત્ર એક જ જગ્યા ખાલી છે.

સાઉથ આફ્રિકાની જીતથી WTC પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર, India અને Australia થઈ શકે છે બહાર ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી મેલબોર્ન ટેસ્ટ વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલનું સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. સાઉથ આફ્રિકાએ બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને 2 વિકેટથી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. એટલે કે ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાનમાં રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે એક ટીમ મળી ગઈ છે અને હવે માત્ર એક જ જગ્યા ખાલી છે. મતલબ કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટીમોમાંથી એકનું આ રેસમાંથી બહાર થવું નિશ્ચિત છે. પરંતુ એક સમીકરણ છે જે બંને ટીમોને બહાર કરી શકે છે.

# મીડિયાની બેશરમી, વિરાટ કોહલીના પિતાની ઉડાવી મજાક

(એજન્સી) બ્રેસમેન તા 30


યુવા ખેલાડીઓના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર સિરીઝમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે. ઓસ્ટ્રેલિયન મીડિયા આ વાત પચાવી શક્યું નથી અને તેથી જ તે સતત ભારતીય ખેલાડીઓને નિશાન બનાવી રહ્યું છે. આ ખેલાડીઓમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનું નામ સૌથી આગળ છે, જે કાંગારુ બેટ્સમેન સેમ કોન્સ્ટાસ સાથેની ટક્કર બાદ ફરી તેમના નિશાના પર છે.

એક અખબારે બેશરમીની તમામ હદ વટાવી દીધી છે અને વિરાટના દિવંગત પિતાની મજાક ઉડાવી છે. અખબારે તેના સ્પોર્ટ્સ પેજમાં ભારતીય બેટ્સમેનના પિતા વિશે ખૂબ જ ખરાબ હેડલાઈન લખી હતી. અખબારમાં કાંગારૂ ઓપનર સેમ કોન્સ્ટાસની તસવીર હતી અને હેડલાઈનમાં લખ્યું હતું કે, 'વિરાટ, હું તારો પિતા છું.' ફેન્સે ઓસ્ટ્રેલિયન અખબારને આપ્યો જડબાતોડ જવાબ

વિરાટને ફટકારવામાં આવ્યો દંડ

ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે જ્યારે કાંગારુ બેટ્સમેન તેના ગ્લોવ્ઝને એડજસ્ટ કરીને ક્રિઝના બીજા છેડે જઈ રહ્યો હતો ત્યારે કોહલીએ કોન્ટાસનો ખભો અથડાયો હતો. આ પછી બંને ખેલાડીઓ વચ્ચે થોડીવાર સુધી બોલાચાલી થઈ હતી. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જ્યાં મોટાભાગના લોકોએ તેને કોહલીની ભૂલ માની હતી. બાદમાં રેફરીએ વિરાટ પર મેચ ફીના 20 ટકાનો દંડ લગાવ્યો, જે તેણે સ્વીકારી પણ લીધો.

ICCએ ગુરુવારે એક નિવેદનમાં કહ્યું કે વિરાટે આચાર સંહિતાના લેવલ 1નું ઉલ્લંઘન કર્યું છે. ICCએ વધુમાં કહ્યું કે આ મામલે કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર નથી કારણ કે વિરાટે મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ દ્વારા પ્રસ્તાવિત દંડનો સ્વીકાર કર્યો હતો.




# કોમેન્ટ્રી બોક્સમાં રડી પડ્યા રવિ શાસ્ત્રી

(એજન્સી) મેલબોર્ન તા 30

નીતિશ કુમાર રેડ્ડીએ મેલબોર્નમાં ટેસ્ટના ત્રીજા દિવસે શાનદાર ઈનિંગ રમી હતી. તેણે 176 બોલમાં અણનમ 105 રન બનાવ્યાં અને ટીમ ઈન્ડિયાને મુશ્કેલ સ્થિતિમાંથી ઉગારી. તેની ઈનિંગ જોઈને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર કેટલાક ભાવુક દ્રશ્યો પણ સર્જાયા હતા. નીતિશે રચ્યો ઈતિહાસ, કરી બતાવ્યું એવું કામ જે આજ સુધી કોઈ ભારતીય નથી કરી શક્યો નીતિશ કુમાર રેડ્ડીની એક સદીએ એ ખુશી આપી, જેના માટે દરેક ભારતીય ફેન્સ અને ક્રિકેટ એક્સપર્ટ ઝંખી રહ્યા હતા. તેની શાનદાર ઈનિંગ જોઈને ફેન્સ સાથે ભૂતપૂર્વ ખેલાડીઓનો જોશ પણ સાતમા આસમાને પહોંચી ગયો હતો. બોક્સિંગ ડે ટેસ્ટના ત્રીજા દિવસે રેડ્ડીએ પોતાના ટેસ્ટ કરિયરની પહેલી સદી ફટકારી, જેને જોઈને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઉપસ્થિત તમામ દર્શકો નતમસ્તક થઈ ગયા. નીતિશના પિતા મુત્યાલા રેડ્ડી પણ ભાવુક થઈ ગયા હતા. ભારતીય ટીમના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રી પણ પોતાના આંસુ રોકી શક્યા નહીં. તે કોમેન્ટ્રી દરમિયાન પોતાના પર કાબુ રાખી શક્યા નહીં અને ભાવુક થઈ ગયા.

# ટીમને મોટો ઝટકો, બોર્ડર-ગાવસ્કર સિરીઝમાંથી બહાર થયો સ્ટાર ખેલાડી

(એજન્સી) મેલબ્રોન તા 30

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન કાંગારૂ ટીમને મોટો ઝટકો લાગ્યો છે, જ્યાં ટીમનો વિકેટકીપર બેટ્સમેન જોશ ઈંગ્લિશ ઈજાના કારણે સિડની ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. બોક્સિંગ ડે ટેસ્ટના બીજા દિવસે અવેજી ફિલ્ડર તરીકે મેદાનમાં ઉતરેલા ઈંગ્લિસ સ્નાયુ ખેંચાણને કારણે તે આગામી મેચમાંથી બહાર થઈ ગયો છે. 29 વર્ષીય ઈંગ્લિસે અત્યાર સુધી સિરીઝની કોઈપણ મેચમાં ભાગ લીધો નથી, પરંતુ કેટલાક પ્રસંગોએ મેદાનમાં ઉતર્યો છે. ઈંગ્લિસ સિડનીમાં ટેસ્ટ ડેબ્યૂ કરે તેવી શક્યતા ન હતી અને એલેક્સ કેરી માટે તે એકમાત્ર બેકઅપ વિકલ્પ હતો. તેની ગેરહાજરીમાં, ઓસ્ટ્રેલિયા ટીમમાં વધારાના બેટ્સમેનનો સમાવેશ કરી શકે છે, જ્યાં પીટર હેન્ડ્સકોમ્બ ફેવરિટ લાગે છે. ટીમ નાથન મેકસ્વિની તરફ પણ ફરી શકે છે, જેને ગાબા ખાતેની ત્રીજી ટેસ્ટ પછી ડ્રોપ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લિસની ઈજાની પુષ્ટિ કરી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે 'તેને સ્નાયુ ખેંચાણ છે અને તે લાંબા સમય સુધી પસંદગી માટે ઉપલબ્ધ રહેશે નહીં. તેને બિગ બેશ લીગની બાકીની મેચોમાં રમવાનો નિર્ણય પણ વધુ મૂલ્યાંકન પછી જ લેવામાં આવશે.

### લોકો ઘાયલ પણ થયા છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે

# ઈથોપિયામાં સર્જાયો જોરદાર અકસ્માત, 66 લોકોને કાળ ભરખી ગયો

(એજન્સી) આફ્રિકા તા 30

આફ્રિકાના દક્ષિણ ઈથોપિયામાં એક માર્ગ અકસ્માતમાં 60થી વધુ લોકોના મોત થયા છે. સ્થાનિક આરોગ્ય અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે રાજધાની અદીસ અબાબાથી લગભગ 300 કિલોમીટર દૂર સિદામા રાજ્યમાં આ અકસ્માત થયો ઈથોપિયામાં ભયાનક માર્ગ અકસ્માતમાં 60થી વધુ લોકોના મોત થયા છે. આ ઉપરાંત કેટલાક લોકો ઘાયલ પણ થયા છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



### જમીન પર તાડપત્રીથી ઢાંકેલા હતા લોકો

બ્યુરો દ્વારા શેર કરવામાં આવેલી અન્ય તસવીરોમાં મૃતદેહો તાડપત્રીથી ઢંકાયેલા જમીન પર પડેલા જોવા મળે છે. બ્યુરોએ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે આ અકસ્માત અંગે એમ પણ કહ્યું હતું કે તેઓ આ અંગે વધુ માહિતી પછીથી શેર કરશે. ઉપરાંત આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા હોવાનું પણ સામે આવ્યું છે.બ્યુરોના જણાવ્યા અનુસાર, આ ઘટના બોના ઝુરિયા વોરેડામાં ગેલાના બ્રિજની પૂર્વ બાજુએ બની હતી. એમ પણ કહ્યું કે ચાર ઘાયલ મુસાફરો બોના જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

**અબાબાથી લગભગ 300 કિલોમીટર દૂર સિદામા રાજ્યમાં આ અકસ્માત થયો :** ઈથોપિયાની રાજધાની અદીસ અબાબાથી લગભગ 300 કિલોમીટર દૂર સિદામા રાજ્યમાં આ અકસ્માત થયો હતો. સિદામા પ્રાદેશિક આરોગ્ય બ્યુરોએ ફેસબુક પર આ ઘટના અંગે વધુ માહિતી આપી નથી પરંતુ તેમણે જણાવ્યું છે કે આ એક કાર દુર્ઘટના હતી જેમાં 66 લોકોના મોત થયા.

### ઈથોપિયામાં વારંવાર થાય છે માર્ગ અકસ્માત

આફ્રિકના બીજા સૌથી મોટી આબાદી ધરાવતા દેશ ઈથપિયામાં માર્ગ અકસ્માતોની ઘટના સામાન્ય છે. ત્યાં મોટા ભાગના રસ્તાઓની પરિસ્થિથી ખરાબ છે.હેલ્થ બ્યુરો દ્વારા આપવામાં આવેલી માહિતીમાં મોટી સંખ્યામાં લોકો આ કારની આસપાસ દેખાય છે, જે આંશિક રીતે પાણીમાં ડૂબી ગઈ છે. અને ઘણા લોકો તેને પાણીમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# મોત પહેલા જ શખ્સને મળ્યા હતા સંકેત, પ્લેનમાંથી મોકલ્યો મેસેજ

(એજન્સી) દક્ષિણ કોરિયા તા 30

દક્ષિણ કોરિયા વિમાન દુર્ઘટનાદક્ષિણ કોરિયા વિમાન દુર્ઘટના દક્ષિણ કોરિયામાં રવિવારે સવારે એક વિમાન રનવે પર લપસીને બાઉન્ડ્રી સાથે અથડાયું અને આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં 179 લોકોનો મોત થયા. જ્યારે માત્ર બે લોકો જ બચી શક્યા હતા. પોતે જ બનાવેલા રોડને બોમ્બથી ઉડાવી રહ્યો છે દેશ, કારણ જાણીને ચોંકી જશો આને કહેવાય બંને હાથમાં લાડવા, આ દેશમાં લગ્ન કરનારને સરકાર આપે છે 20 મિલિયન સોલ : દક્ષિણ કોરિયામાં રવિવારે સવારે એક ભયંકર દુર્ઘટના સામે આવી હતી. અહીં 181 લોકોને લઈ જતુ એક વિમાન મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દુર્ઘટનાનો શિકાર થયું હતુ. આ વિમાન રનવે પર લપસીને બાઉન્ડ્રી સાથે અથડાયું અને આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં 179 લોકોનો મોત થયા. દુર્ઘટના પછી પીડિત પરિવાર અને મિત્રોએ એરપોર્ટ પર પોતાના સ્વજનોની ભાળ મેળવવા માટે વલખા મારી રહ્યાં હતા.

**એરપોર્ટમાં ઉપસ્થિત એક પરિવારે જણાવ્યું કે :** દુર્ઘટનાની કેટલીક મિનિટ પહેલા તેને પ્લેનમાં સવાર શખ્સનો મેસેજ મળ્યો હતો, જેમાં લખ્યું હતુ કે એક પક્ષી વિમાનમાં ફસાઈ ગયું છે. વિમાન દુર્ઘટનાથી ઠીક પહેલા સવારે 9 વાગ્યા મોકલેલા મેસેજમાં તેણે લખ્યું હતુ કે, વિમાનના પાંખિયામાં પક્ષી ફસાઈ ગયું છે અને અમે લેન્ડ કરી શકતા નથી.દક્ષિણ કોરિયા ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, જ્યારે એ શખ્સને પૂછવામાં આવ્યું કે, એ કેટલા સમય પહેલા થયું, તો તેને આશરે મિનિટ પછી જવાબ આપતા કહ્યું, “બસ હમણાં જ શું હું પોતાની વસિયત બનાવી દઉં?”આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં વિમાનને રનવે પર લપસતા અને એરપોર્ટની બાઉન્ડ્રી ફેન્સિંગ સાથે અથડાતા જોઈ શકાય છે.

# આ દેશમાં યુવતિઓ માટે અનોખી ઓફર!



(એજન્સી) યુક્રેન તા 30

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ બાદ રશિયામાં મૃતકોની સંખ્યામાં વધારો થયો છે. તેના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં રશિયાની વસ્તી ઝડપથી ઘટી છે અને સપ્ટેમ્બર 2024માં તે છેલ્લા 25 વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચી જશે. છેલ્લા ત્રણ વર્ષથી યુક્રેન સાથે યુદ્ધ લડી રહેલું રશિયા માત્ર સૈન્ય મોરચે જ નહીં પરંતુ ઘટતી વસ્તી અને ઘટતા જન્મદર સામે પણ સંઘર્ષ કરી રહ્યું છે. પશ્ચિમી રશિયાના નિઝની નોવગોરોડ ઓબ્લાસ્ટ પ્રાંતે રશિયનોને ચાર-ચાર બાળકો રાખવાની અપીલ કરી છે અને કહ્યું છે કે સરકાર દરેક બાળકના જન્મ પર 10 લાખ રુબેલ્સ એટલે કે 8 લાખ રૂપિયા આપશે. નિઝની નોવગોરોડ ઓબ્લાસ્ટના ગવર્નર ગ્લેબ નિકિટિન દ્વારા કરાયેલી જાહેરાત ગયા મંગળવારે ઈન્સ્ટિટ્યૂટ ફોર વોર સ્ટડીઝના અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવી હતી. આ રિપોર્ટ જણાવે છે કે હાલમાં રશિયામાં જન્મ દર સ્ત્રી દીઠ 1.5 બાળકો છે, જ્યારે વર્તમાન વસ્તીને જાળવી રાખવા માટે સ્ત્રી દીઠ 2.1 બાળકોનો જન્મ દર જાળવી રાખવાની જરૂર છે. નિઝની નોવગોરોડ ઓબ્લાસ્ટના ગવર્નરની ઓફર મુજબ, પ્રથમ અને બીજા બાળકો માટે પ્રસૂતિ અનુદાન કેન્દ્રીય ભંડોળમાંથી ચૂકવવામાં આવશે, જ્યારે ત્રીજા અને ચોથા બાળકો માટે અનુદાન પ્રાદેશિક ભંડોળમાંથી ચૂકવવામાં આવશે. આ ગ્રાન્ટના દાવેદારો માટે અન્ય કોઈ ખાસ શરતો રાખવામાં આવી નથી પરંતુ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તે ખાસ કરીને 18 થી 23 વર્ષની છોકરીઓને ઓફર કરવામાં આવી છે. પુતિન સરકાર પહેલેથી જ સેક્સ મંત્રાલય ખોલવાનું વિચારી રહી છે.

### 2002માં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો

# અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું નિધન: 100 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા



(એજન્સી) વોશિંગ્ટન તા 30

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જિમી કાર્ટરનું 100 વર્ષની વયે રવિવારે મોડી રાત્રે જ્યોર્જિયામાં તેમના ઘરે અવસાન થયું. 1 ઓક્ટોબર, 1924ના રોજ જન્મેલા કાર્ટર 1977 થી 1981 સુધી યુનાઈટેડ સ્ટેટ્સના 39મા રાષ્ટ્રપતિ હતા. તેઓ અમેરિકાના ઈતિહાસમાં સૌથી લાંબુ જીવનાર રાષ્ટ્રપતિ રહ્યા. કાર્ટર છેલ્લા કેટલાક સમયથી મેલાનોમાથી પીડિત હતા. આ એક પ્રકારનું સ્કીન કેન્સર છે. જે તેમના લીવર અને મગજમાં ફેલાઈ ગયું હતું. 2023માં તેમણે હોસ્પાઈસ સંભાળ લેવાનું નક્કી કર્યું. હોસ્પાઈસ કેરમાં, હોસ્પિટલ સારવારનો ઈનકાર કરવામાં આવે છે. પછી દર્દીની સંભાળ લે છે. રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી, તેમણે તેમની સંસ્થા 'કાર્ટર સેન્ટર' દ્વારા ઘણા વર્ષો સુધી માનવતાવાદી કાર્ય કર્યું.

### કાર્ટરના પુત્રએ કહ્યું- મારા પિતા પ્રેમમાં માનનારા તમામ લોકો માટે હીરો હતા

જીમી કાર્ટરના પુત્ર ચિપ કાર્ટરે રોઈટર્સને જણાવ્યું હતું કે તે માત્ર મારા માટે જ નહીં, પરંતુ શાંતિ, માનવ અધિકાર અને નિ:સ્વાર્થ પ્રેમમાં માનતા તમામ લોકો માટે હીરો છે. તેમણે જે રીતે લોકોને એક કર્યા તેના કારણે આજે આ આખી દુનિયા અમારો પરિવાર છે. જીમી કાર્ટર 96 વર્ષની વયે 19 નવેમ્બર, 2023ના રોજ તેમની પત્ની રોઝાલિન કાર્ટરના અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી. વ્હીલચેરમાં બેઠેલા કાર્ટર ખૂબ નબળા દેખાતા હતા.અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જિમી કાર્ટરે રાષ્ટ્રપતિ તરીકે અમૂલ્ય વારસો છોડ્યો છે. જિમ્મી એવા સમયે પ્રમુખ હતા જ્યારે અમેરિકા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું હતું. આ સમય દરમિયાન, તેમણે ઘણા પડકારોનો સામનો કર્યો અને તમામ અમેરિકનોના જીવનને સુધારવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.

### રાષ્ટ્રપતિ કાર્ટરે અમને ગૌરવ સાથે જીવનનો અર્થ શીખવ્યો

પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ જીમી કાર્ટરના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું- રાષ્ટ્રપતિ કાર્ટરે અમને બધાને શીખવ્યું કે ગૌરવ, ન્યાય, સેવા અને કૃપાથી ભરેલું જીવન જીવવાનો અર્થ શું છે. મિશેલ અને હું કાર્ટર પરિવાર અને આ અતુલ્ય માણસ પાસેથી પ્રેમ કરનારા અને શીખનારા પ્રાર્થનાઓ મોકલીએ છીએ.

### ખેડૂત પરિવારમાં જન્મેલા કાર્ટર અમેરિકાના 39મા રાષ્ટ્રપતિ બન્યા

20 જાન્યુઆરી, 1977ના રોજ રાષ્ટ્રના 39મા પ્રમુખ તરીકે શપથ લીધા બાદ રાષ્ટ્રપતિ કાર્ટર અને ફર્સ્ટ લેડી રોઝલિન કાર્ટર પેન્સિલવેનિયા એવન્યુથી નીચે ઉતર્યા. વર્ષ 1924માં જીમી કાર્ટરનો જન્મ અમેરિકાના જ્યોર્જિયામાં એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે 1960 માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને 1971 માં પ્રથમ વખત તેમના રાજ્યના રાજ્યપાલ બન્યા. બરાબર 6 વર્ષ પછી, જીમી કાર્ટર રિપબ્લિકન પાર્ટીના પ્રમુખ ગેરાલ્ડ ફોર્ડને હરાવી પ્રમુખ બન્યા.

તેમના કાર્યકાળ દરમિયાન કાર્ટરને ઘણા મોટા પડકારોનો સામનો કરવો પડ્યો. આમાં શીત યુદ્ધના તણાવ, તેલની અસ્થિર કિંમતો અને વંશીય સમાનતા અને મહિલાઓના અધિકારોને લગતા ઘણા અમેરિકન રાજ્યોમાં હિલચાલનો સમાવેશ થાય છે.અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું કે આજે અમેરિકા અને દુનિયાએ એક અસાધારણ નેતા, રાજનેતા અને માનવતાવાદી ગુમાવ્યા છે. છ દાયકા સુધી અમે જિમી કાર્ટરને અમારા નજીકના મિત્ર કહેવાનું સન્માન મેળવ્યું.

# પાગલ પ્રેમી! ચાર વર્ષના ટેણિયાએ ગર્લફ્રેન્ડને ગિફ્ટમાં આપ્યું 1500000 રૂપિયાનું સોનું

(એજન્સી) ચીન તા 30

માત્ર 4 વર્ષના એક બાળકે તેની સાથે ભણતી એક બાળકીને ગર્લફ્રેંડ બનાવી અને ગર્લફ્રેંડને એવી ગીફ્ટ પણ આપી જે ભલભલા લખપતિ પ્રેમીઓ પણ પોતાની પ્રેમિકાને નથી આપતા. આજકાલ મોબાઈલ રિલ્સ, ફિલ્મો અને આસપાસના વાતાવરણની બાળકો પર એવી અસર થાય છે કે ઘણીવાર બાળકોનાં કાંડ જોઈને આપણે ચોંકી જઈએ..આવી જ એક ઘટના ચીનમાં સામે આવી છે.. જેમાં માત્ર 4 વર્ષના એક બાળકે તેની સાથે ભણતી એક બાળકીને ગર્લફ્રેંડ બનાવી અને ગર્લફ્રેંડને એવી ગીફ્ટ પણ આપી જે ભલભલા લખપતિ પ્રેમીઓ પણ પોતાની પ્રેમિકાને નથી આપતા. આ બાળકે તેની ક્લાસમાં ભણતી બાળકીને પોતાની ગર્લફ્રેંડ અને ભાવિ પત્ની માનીને તેને 200 ગ્રામ વજનની અંદાજે 15 લાખની કિંમતની સોનાની ઈંટ ગીફ્ટમાં આપી દીધી ચીનના 'સિચુઆન' પ્રાંતના 'ગુઆંગન'ના કિન્ડરગાર્ટનમાં અભ્યાસ કરતી છોકરી તેના ઘરે પહોંચી અને ખુશીથી તેના માતાપિતાને શાળામાં મળેલી ભેટ વિશે જણાવ્યું. જ્યારે છોકરીના માતા-પિતાએ તેને ભેટ બતાવવાનું કહ્યું, ત્યારે તેણે તેની થેલીમાંથી સોનાની ઈંટ કાઢી અને તેને આપી. બાળકીના માતા-પિતા તેમના હાથમાં અંદાજે 15 લાખની કિંમતની સોનાની ઈંટ જોઈને ચોંકી ગયા હતા. તેઓએ ગભરાઈને છોકરીને પૂછ્યું કે તેને આ ભેટ કેવી રીતે મળી અને તેણે કહ્યું કે તેના ક્લાસમેટે આ ઈંટ 'સગાઈની ભેટ' તરીકે આપી હતી. જે બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. છોકરીના માતા-પિતાએ ગીફ્ટ આપનાર સહાધ્યાયીના માતા-પિતાનો સંપર્ક કર્યો અને તેમને આખી વાત કહી. આ પછી બાળકના માતા-પિતા પણ આ ઘટના વિશે જાણીને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પછી સામે આવ્યું કે બાળકના માતા-પિતાએ બાળકને જણાવ્યું હતું કે તેમની હતું કે આ તેની ભાવિ પત્ની માટે શાળામાં ભણતી તેની સહાધ્યાયી બાળકીને તેની પત્ની તરીકે માનીને તેને આ સોનાની ઈંટ ભેટ આપી દીધી હતી.

# 450 કિમીની ઝડપે દોડશે વિશ્વની સૌથી હાઇસ્પીડ ટ્રેન

### ચીને રવિવારે તેની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેનનું અપડેટેડ મોડલ રજૂ કર્યું

(એજન્સી) ચીન તા 30

આ દેશે રવિવારે તેની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેનનું અપડેટેડ મોડલ રજૂ કર્યું , નિર્માતાઓ દાવો કરે છે કે, પરીક્ષણ દરમિયાન તેની સ્પીડ 450 પ્રતિ કલાક સુધી પહોંચી હતી જે તેને વિશ્વની સૌથી ઝડપી હાઈ-સ્પીડ ટ્રેન બનાવે વિશ્વની સૌથી હાઈ-સ્પીડ ટ્રેનને લઈ મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં ચીને રવિવારે તેની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેનનું અપડેટેડ મોડલ રજૂ કર્યું. આ તરફ તેના નિર્માતાઓ દાવો કરે છે કે પરીક્ષણ દરમિયાન તેની સ્પીડ 450 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી જે તેને વિશ્વની સૌથી ઝડપી હાઈ-સ્પીડ ટ્રેન બનાવે છે. ચાઈના સ્ટેટ રેલ્વે ગ્રૂપ કંપની (ચાઈના રેલ્વે) અનુસાર CR450 પ્રોટોટાઈપ તરીકે ઓળખાતું.



### રાજ્ય સંચાલિત સિન્હુઆના અહેવાલમાં જણાવાયું છે

CR450 પ્રોટોટાઈપે ઓપરેટિંગ સ્પીડ, ઉર્જા વપરાશ, આંતરિક અવાજ અને બ્રેકિંગ અંતરની સાથે 450 કિલોમીટર પ્રતિ કલાકની ટેસ્ટિંગ સ્પીડ હાંસલ કરી છે. આ હાલમાં સેવામાં રહેલી CR400 Fuxing High-Speed Rail (HSR) કરતાં નોંધપાત્ર રીતે ઝડપી છે, જે 350 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડે છે. ચાઈના રેલ્વે પ્રોટોટાઈપ માટે શ્રેણીબદ્ધ લાઈન પરીક્ષણો ગોઠવશે અને CR450 શક્ય તેટલી વહેલી તકે વ્યાવસાયિક સેવામાં પ્રવેશ કરે.

# એઆઇના ગૉડફાધરની વિશ્વને વૉર્નિંગ

(એજન્સી) અમેરિકા તા 30

AI ના ગોડફાધર તરીકે જાણીતા અને નોબેલ પુરસ્કાર વિજેતા જ્યોફ્રી હિન્ટને (Geoffrey Hinton) તેની ભયંકર આડઅસરો વિશે ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે 10 થી 20 ટકા સંભાવના છે કે આ ટેક્નોલોજી આગામી 30 વર્ષોમાં માનવતાના વિનાશનું કારણ બની શકે છે. સાયન્સ અને ટેકનોલોજી એવી વસ્તુઓ છે કે જેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે આપણી તમામ સમસ્યાઓ દૂર કરી શકે છે. વધારે પડતો ઉપયોગ કરવામાં આવે, નિયંત્રણ બહાર, તો તે વિનાશનું કારણ પણ બની શકે છે. હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો જે રીતે આડેધડ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, AIના ગોડફાધર અને નોબેલ પુરસ્કાર વિજેતા જ્યોફ્રી હિન્ટને તેની ભયંકર આડઅસરો વિશે ચેતવણી આપી.

# પેરુમાં વાવાઝોડાનો કહેર, 91 બંદર 1 જાન્યુઆરી સુધી બંધ કરવામાં આવ્યા

### દક્ષિણ અમેરિકાનો દેશ પેરુ હાલમાં મોટા વાવાઝોડાની ઝપેટમાં

(એજન્સી) દક્ષિણ અમેરિકા તા30

દક્ષિણ અમેરિકાનો દેશ પેરુ હાલમાં મોટા વાવાઝોડાની ઝપેટમાં છે. અધિકારીઓએ જણાવ્યું કે 13 ફૂટ ઉંચા મોજા પેરુના દરિયાકિનારા સાથે અથડાઈ રહ્યા છે. જેના કારણે શનિવારે ઘણા બંદરો બંધ કરી દેવામાં આવ્યા છે. નેશનલ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જણાવ્યું હતું કે પેરુએ તેના 121માંથી 91 બંદર 1 જાન્યુઆરી સુધી બંધ કરી દીધા છે. રાજધાની લિમા નજીક પેરુના સૌથી મોટા બંદરોમાંના એક, કાલાઓએ ઘણા દરિયાકિનારા બંધ કર્યા અને પ્રવાસીઓ અને માછીમારોને તેમની બોટને બહાર કાઢવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. સત્તાવાળાઓ કહે છે કે દેશના મધ્ય અને ઉત્તરીય ભાગોમાં ઘણા દરિયાકિનારા બંધ કરી દેવામાં આવ્યા છે, જેથી કોઈ માનવીય નુકસાનના જોખમને ટાળી શકાય.વાવાઝોડાને કારણે ડઝનેક માછીમારી બોટને નુકસાન પહોંચ્યું હતું, જે બોટ ખતરનાક પરિસ્થિતિઓમાં ચલાવવામાં અસમર્થ રહી હતી. પેરુવિયન નૌકાદળના જણાવ્યા અનુસાર અમેરિકન કિનારે સમુદ્રની સપાટી પર ફૂંકાતા પવનોને કારણે આ મોજા આવે છે. ક્યરને મોટાપાયે નુકસાન પહોંચ્યું છે. આ સિવાય એક્વાડોરમાં એક વ્યક્તિનું મોત પણ થયું છે. જોકે ઈમરજન્સી એજન્સીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે, સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ અસરગ્રસ્ત બીચને હાલમાં બંધ કરી દેવામાં આવ્યા છે.

### ચોકીઓ ટાર્ગેટ પર, જાણો પાક-અફઘાન બોર્ડરના હાલ

# ડૂરંડ લાઇનને ક્રોસ કરી તાલિબાનો ઘૂસ્યા પાકિસ્તાનમાં

(એજન્સી) પાકિસ્તાન તા 30

પાડોશી દેશો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન આ સમયે લોહિયાળ યુદ્ધ લડી રહ્યા છે. અફઘાનિસ્તાનના તાલિબાનો ડૂરંડ લાઈન પાર કરીને પાકિસ્તાન પર તબાહી મચાવી રહ્યા છે. ભારે મશીનગન અને આધુનિક હથિયારોથી સજ્જ તાલિબાનીઓએ પાકિસ્તાની ચોકીઓ પર હુમલો કર્યો છે. પાકિસ્તાની સેનાનું કહેવું છે કે તાલિબાન બોર્ડરની પાસે રહેલી તેમની ચોકીઓ પર ભારે અને આધુનિક હથિયારોથી હુમલો થઈઆ રઈઓ છે, તો બીજી તરફ તાલિબાનીઓનું કહેવું છે કે પાકિસ્તાનની સીમા પર તૈનાત અસામાજિક તત્ત્વો જે અરાજકતા ફેલાવી રહ્યા છે તેમને નિશાન બનાવી રહ્યા છે. અફઘાનિસ્તાનના પૂર્વ પક્તિકા પ્રાંતમાં પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના કેમ્પ પર પાકિસ્તાની બોમ્બ મારો બાદ બંને તરફથી કેમ્પ પરઓ ચાલુ છે. તાલિબાની ગુલામ ખાન ક્રોસિંગ પર અંધાધૂંધ હુમલો કરી રહ્યા છે.




**શરિયા કાયદો અને ઈસ્લામિક રાજ્ય :** શરૂઆતમાં તાલિબાને જાહેરાત કરી હતી કે તેમનો હેતુ ઈસ્લામિક વિસ્તારોમાંથી વિદેશી શાસનને ખતમ કરવાનો અને ત્યાં શરિયા કાયદો અને ઈસ્લામિક રાજ્ય સ્થાપિત કરવાનો છે. શરૂઆતમાં જાગીરદારોના અત્યાચારો અને અધિકારીઓના ભ્રષ્ટાચારથી કંટાળેલા લોકોએ તાલિબાનમાં મસીહા જોયા અને ઘણા વિસ્તારોમાં આદિવાસી લોકોએ તેમનું સ્વાગત કર્યું પરંતુ પાછળથી કટ્ટરતાએ પણ તાલિબાનની લોકપ્રિયતા ખતમ કરી દીધી પરંતુ ત્યાં સુધીમાં તાલિબાન ખૂબ શક્તિશાળી બની ગયા અને હવે તેનાથી છુટકારો મેળવવાની લોકોની આશા પણ જતી રહી છે. પાકિસ્તાની સેનાનું કહેવું છે કે તાલિબાન ભારે અને અત્યાધુનિક હથિયારો સાથે સરહદ નજીક તેમની ચોકીઓ પર હુમલો કરી રહ્યા છે. તે જ સમયે, તાલિબાનનું કહેવું છે કે તે પાકિસ્તાન સાથેની સરહદ પર અરાજકતાવાદી તત્વોને નિશાન બનાવી રહ્યું છે.

**તાલિબાન એટલે પશ્તોમાં વિદ્યાર્થી :** 1990 ના દાયકાની શરૂઆતમાં અફઘાનિસ્તાનમાંથી રશિયન સૈનિકોની પીછેહઠ પછી ઉત્તર પાકિસ્તાનમાં તાલિબાનનો ઉદય થયો. પશ્તો ભાષામાં તાલિબાનનો અર્થ થાય છે વિદ્યાર્થીઓ, ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ કે જેઓ કટ્ટરપંથી ઈસ્લામિક ધાર્મિક ઉપદેશોથી પ્રેરિત હોય. એવું કહેવાય છે કે કટ્ટરપંથી સુન્ની ઈસ્લામિક વિદ્વાનોએ ધાર્મિક સંસ્થાઓની મદદથી પાકિસ્તાનમાં પોતાનો પાયો નાખ્યો હતો. તાલિબાન પર દેવવંડી વિચારધારાનો સંપૂર્ણ પ્રભાવ છે. તાલિબાનની સ્થાપના માટે સાઉદી અરેબિયા તરફથી આવતી આર્થિક મદદને જવાબદાર ગણવામાં આવી હતી.

### પાકિસ્તાની સેના એલર્ટ

મીર અલી બોર્ડર પર વધતી ગતિવિધિઓને કારણે પાકિસ્તાને પણ પોતાની સેનાને એલર્ટ પર રાખી દીધી છે. સરહદી વિસ્તારોમાં સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા છે અને સઘન સુરક્ષા કરાઈ છે. સ્થાનિક લોકોમાં ભયનું વાતાવરણ છે. હવે જેમ જેમ આ બને વચ્ચેનો તણાવ આ સંઘર્ષ કઈ દિશામાં આગળ લઈ જાય છે એ આવનારો સમય બતાવશે.અફઘાન તાલિબાનો આજ સુધી કોઈ પણ મોટા સૈન્ય સામે ઝૂક્યું નથી. તેણે વર્ષો સુધી અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓને પડકાર ફેંક્યો અને આખરે તેમને અફઘાનિસ્તાનમાંથી પાછા ફરવાની ફરજ પડી. પાકિસ્તાન પાસે તાલિબાનનો સામનો કરવા માટે ન તો લશ્કરી તાકાત છે કે ન તો આર્થિક ક્ષમતા.

# ‘મુસ્લિમો નવા વર્ષની ઉજવણીથી દૂર રહે, શરિયત પ્રમાણે ગુનેગાર...’

## બરેલીના મૌલવીનો ફતવો ચર્ચામાં : મુસ્લિમો માટે નવા વર્ષની ઉજવણી કરવું ગેરકાયદેસર

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

બે દિવસ બાદ અંગ્રેજી નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે. આ અવસર પર નવા વર્ષની ઉજવણી કરવા અને એકબીજાને અભિનંદન આપવા માટે હોટલ, રિસોર્ટ અને પ્રવાસન સ્થળોએ અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અંગે ચશ્મે દારુલ ઈફ્તાના હેડ મુફ્તી અને મુસ્લિમ જમાતના અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ ફતવો જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નવા વર્ષની ઉજવણી કરવી, શુભેચ્છાઓ આપવી અને જલસાનું આયોજન ઈસ્લામિક શરિયતના પ્રકાશમાં ગેરકાનૂની છે.

ફતવામાં કહેવામાં આવ્યું છે કે, નવું વર્ષ જાન્યુઆરીથી શરૂ થાય છે જે ખ્રિસ્તીઓનું નવું વર્ષ છે. તે ખ્રિસ્તીઓની ધાર્મિક માન્યતા છે કે તેઓ દર વર્ષે પ્રથમ દિવસે ઉજવણી કરે છે અને તેમાં ઘણા કાર્યક્રમોનું આયોજન કરે છે. આ ખ્રિસ્તીઓનો શુદ્ધ ધાર્મિક કાર્યક્રમ છે, તેથી મુસ્લિમો માટે નવા વર્ષની ઉજવણી કરવું ગેરકાયદેસર છે. ઈસ્લામ આવા કાર્યક્રમો પર સખત પ્રતિબંધ મૂકે છે.મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવી બરેલવીએ ફતવામાં કહ્યું કે, નવા વર્ષની ઉજવણી કરવી, એકબીજાને શુભેચ્છા પાઠવવી, ફટાકડા ફોડવા, તાળીઓ પાડવી, શોર મચાવવો, સીટી વગાડવી, લાઈટ બંધ કરીને હંગામો કરવો, ત્યારબાદ ફરીથી લાઈટ ચાલુ કરવી, નાચવું અને ગાવું, દારૂ પીવો, જુગાર રમવો, પોતાના મોબાઈલ વોટ્સએપ પરથી એકબીજાને મેસેજ મોકલીને અભિનંદન આપવી, આ તમામ બાબતો ઈસ્લામિક શરિયતના પ્રકાશમાં ગેરકાયદેસર છે.



### મુસલમાનોએ શરિયત વિરુદ્ધ કંઈ પણ કામ ન કરવું

ફતવામાં મુસ્લિમોને કહેવામાં આવ્યું છે કે, અન્યના ધાર્મિક તહેવારોમાં ભાગ લેવાનું પોતે પણ ટાળવું અને બીજા મુસલમાનોને પણ આમ કરતા રોકવા જોઈએ. જો કોઈ વ્યક્તિ આ પ્રકારનું બિન-શરિયત કામને અંજામ આપશે તો તે મોટો ગુનેગાર ગણાશે. મુસલમાનોએ શરિયત વિરુદ્ધ કંઈ પણ કામ ન કરવું જોઈએ. મોબાઈલ વોટ્સએપ પરથી એકબીજાને મેસેજ મોકલીને અભિનંદન આપવી, આ તમામ બાબતો ઈસ્લામિક શરિયતના પ્રકાશમાં ગેરકાયદેસર છે.

માર્જિનલ ટેક્સ દરોને ઘટાડવા અંગે પણ સરકારને વિચાર

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની શક્યતા, એક્સાઇઝ ડ્યુટી ઘટાડવા CIIની ભલામણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (સીઆઇઆઇ)એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પોતાના બજેટ સૂચનોમાં ઇંધણ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડવાની ભલામણ કરી છે. જેના કારણે વપરાશ વધારી શકાય. ઉદ્યોગ સંગઠને જણાવ્યું છે કે વપરાશ વધારવા માટે ખાસ કરીને નિમ્ન આવક સ્તરે આ છૂટ આપવી જોઇએ. કારણકે ઇંધણની કીંમતો ફુગાવાને ખૂબ જ વધારે છે. બજેટમાં 20 લાખ રૂપિયા પ્રતિવર્ષ સુધીની વ્યક્તિગત આવક માટે માર્જિનલ ટેક્સ દરોને ઘટાડવા અંગે પણ સરકારને વિચાર કરવા જણાવ્યું છે.



સીઆઇઆઇએ જણાવ્યું છે કે આનાથી વપરાશ, ઉચ્ચ વિકાસ અને ઉચ્ચ ટેક્સ આવકના ચક્રને ગતિ આપવામાં પણ મદદ મળશે. સૂચનોમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે વ્યકિતઓ માટે મહત્તમ માર્જિનલ દર 42.74 ટકા અને સામાન્ય કોર્પોરેટ ટેક્સ દર 25.17 ટકાની વચ્ચેનું અંતર વધારે છે. આ સ્થિતિમાં ફુગાવાએ નિમ્ન અને મધ્યમ આવકવાળાઓની ક્રય શકિતને ઓછી કરી દીધી છે. સીઆઇઆઇએ જણાવ્યું છે કે સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી પેટ્રોલના રીટેલ કીંમતના લગભગ 21 ટકા અને ડીઝલ માટે 18 ટકા છે. મે 2022થી આ ડ્યુટીને વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં લગભગ 40 ટકાના ઘટાડાને અનુરૂપ સમાયોજિત કરવામાં આવી નથી. ઇંધણ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડવાથી ફુગાવાને ઘટાડવા અને ખર્ચ કરવા યોગ્ય આવક વધારવામાં મદદ મળશે. સીઆઇઆઇએ ઓછા આવકવાળા જૂથોને લક્ષમાં રાખી કન્ઝમ્પશન વાઉચર શરૂ કરવાનું સૂચન કર્યુ છે. જેથી આ સમયગાળામાં કેટલીક ખાસ વસ્તુઓ અને સેવાઓની માંગને વેગ આપી શકાય. વાઉચરને વિશિષ્ટ વસ્તુઓ અને સેવાઓ પર ખર્ચ કરવા માટે આપી શકાય છે અને ખર્ચ સુનિશ્ચિત કરવા માટે આ એક નક્કી કરેલા સમયગાળા (6 થી 8 મહિના) માટે માન્ય રાખી શકાય છે.

12મું ભણતી કામ્યાએ રચ્યો ઈતિહાસ

## સાત ખંડના તમામ સૌથી ઊંચા શિખર સર કરી રેકોર્ડ સર્જ્યો



મુંબઈની નેવી ચિલ્ડ્રન સ્કૂલની 12મા ધોરણમાં ભણતી કામ્યા કાર્તિકેયને ઈતિહાસ રચ્યો છે. તેણે સૌથી નાની ઉંમરે સાત ખંડોના સાત સૌથી ઊંચા શિખરો સર કરીને ઈતિહાસ રચી દીધો છે. 17 વર્ષીય પર્વતારોહીએ 24 ડિસેમ્બરે એન્ટાર્કટિકામાં માઉન્ટ વિન્સન શિખર પર પહોંચીને પોતાની અસાધારણ સિદ્ધિ પૂર્ણ કરી હતી. તેમના પિતા કમાન્ડર એસ. કાર્તિકેયનની સાથે તેણે ચિલીના માનક સમય પ્રમાણે સાંજે 5:20 વાગ્યે આ સિદ્ધિ મેળવી હતી.

### સેવન સમિટ ચેલેન્જ પૂર્ણ કરી

કામ્યાના રેકોર્ડ-બ્રેકિંગ આ સાહસિક કાર્યોમાં આફ્રિકામાં માઉન્ટ કિલિમંજારો, યુરોપમાં માઉન્ટ એલ્બ્રસ, ઓસ્ટ્રેલિયામાં માઉન્ટ કોસિયસઝ્કો, દક્ષિણ અમેરિકામાં માઉન્ટ એકોનકાગુઆ, ઉત્તર અમેરિકામાં માઉન્ટ ડેનાલી અને એશિયામાં માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનું સામેલ છે, જે તેણે માત્ર 16 વર્ષની ઉંમરમાં સર કરી લીધા હતા. એન્ટાર્કટિકામાં તેમની જીતે હવે પ્રતિષ્ઠિત સેવન સમિટ ચેલેન્જને પૂર્ણ કરી છે.

### નૌકાદળે કામ્યાને અભિનંદન પાઠવ્યા

ભારતીય નૌકાદળ શાળા અને તમામ ચાહકોએ આ ઐતિહાસિક સિદ્ધિ બદલ કામ્યાને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નૌકાદળના પ્રવક્તાએ તેને એક ઈતિહાસ નિર્માતા તરીકે બિરદાવી, જ્યારે નેવી ચિલ્ડ્રન સ્કૂલ મુંબઈએ તેની સિદ્ધિને ખૂબ જ ગૌરવની ક્ષણ ગણાવી.

### PM મોદી મન કી બાતમાં પ્રશંસા કરી ચૂક્યા છે

તમને જણાવી દઈએ કે, કામ્યાને એડવેન્ચરનો શોખ બાળપણથી જ શરુ થઈ ગયો હતો, જ્યારે તેણે સાત વર્ષની ઉંમરમાં પહેલીવાર ઉત્તરાખંડમાં ટ્રેકિંગ કર્યું હતું. ત્યારથી તેમની દ્રઢતા અને સમર્પણે તેને અભૂતપૂર્વ ઊંચાઈ પર પહોંચાડી. તેમને 2021માં વડાપ્રધાન રાષ્ટ્રીય બાલ શક્તિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના મન કી બાત સંબોધનમાં તેમની પ્રશંસા કરી હતી.એન્ટાર્કટિકામાં તેના ચઢાણનું વર્ણન કરતાં કામ્યાએ માઉન્ટ વિન્સન મેસિફની કઠોર પરિસ્થિતિઓનું વર્ણન કરતાં કહ્યું કે, ‘16,050 ફૂટની બર્ફિલી જમીન, તાપમાન -40 ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું અને આશ્ચર્યજનક તેજ ગતિના પવન છતાં તેણે મક્કમપણે ચઢાણ ચાલુ રાખ્યું હતું. આ મારી દ્રઢતાની અંતિમ કસોટી છે એમ મેં માન્યું હતું. માઉન્ટ વિન્સન મેસિફ પર ચડવું એ મારા વર્ષોથી જોયેલા સ્વપ્નની સિદ્ધિ છે. સાત ખંડોની મારી યાત્રાની આ સૌથી મોટી સિદ્ધિ છે.’

200 રોડ પર ચક્કાજામ, 160 ટ્રેન રદ

## ખેડૂતો દ્વારા પંજાબમાં બંધના એલાનના ઊંડા પ્રત્યાઘાત

(એજન્સી) ચંદીગઢ । તા. 30

પંજાબ-હરિયાણાની શંભુ અને ખન્નૌરી બોર્ડર પર પાકની MSPની કાયદેસર ગેરંટી સહિતની તેમની માંગણીઓ માટે ખેડૂતોએ આજે પંજાબ બંધનું એલાન કર્યું છે. ખેડૂતોના પ્રદર્શનમાં પાનબસ પીઆરટીસી વર્કર યુનિયનના કર્મચારીઓ તેમજ અન્ય ખેડૂત સંગઠનોએ પણ પંજાબ બંધને સમર્થન આપવાની વાત કરી છે.

પંજાબમાં આજે ખેડૂતોનું રેલ રોકો આંદોલન છે. આ વિરોધને કારણે 163 ટ્રેનો કેન્સલ કરવામાં આવી છે જ્યારે 19 ટ્રેનોને ટૂંકાવી દેવામાં આવી છે. તેમજ બસો દોડશે નહીં, દૂધ પુરવઠો, શાકભાજીનો પુરવઠો, તમામ બજારો, ગેસ એજન્સીઓ, પેટ્રોલ પંપ, ખાનગી વાહનો પણ બંધ રહેશે. એસજીપીસીએ પણ બંધને સમર્થન આપ્યું છે.ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું કે તેમને તમામ વર્ગોનું સમર્થન છે. દુકાનો અને વેપારી સંસ્થાઓ બંધ રહેશે. ટ્રેન અને બસ સેવાને પણ અસર થશે. બસ સેવા પણ સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધી બંધ રહેશે. ખેડૂતો અને દૂધવાળાઓએ પણ બંધના સમર્થનમાં શાકભાજી અને દૂધનું સપ્લાય બંધ કરવાનો નિર્ણય લીધો છે.જો કે, પંઢેરે જણાવ્યું હતું કે બંધ દરમિયાન કોઈપણ ઈમરજન્સી સેવાઓ ખોરવાશે નહીં. બંધ શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવશે. તેમજ SGPCએ પણ ખેડૂતોની હડતાળના સમર્થનમાં તેની ઓફિસો અને સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. ખેડૂત આગેવાનોએ તેમના સમર્થનમાં મોટી સંખ્યામાં લોકોને ખન્નૌરી અને શંભુ બોર્ડર પહોંચવા હાકલ કરી હતી. ખેડૂત નેતા પંઢેરે જણાવ્યું હતું કે તેમના વતી ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને સુપ્રીમ કોર્ટના જજને છેલ્લા 34 દિવસમાં પત્રો લખવામાં આવ્યા છે, પરંતુ કોઈએ તેમની માંગણીઓ પર ધ્યાન આપ્યું નથી અને વાટાઘાટો કરવાનો કોઈ પ્રયાસ કર્યો નથી.

પનબસ અને PRTC યુનિયનોએ પણ બંધને સમર્થન આપ્યું છે. જેથી સોમવારે સવારે 10થી બપોરે 2 વાગ્યા સુધી ચાર કલાક સુધી સરકારી બસો દોડશે નહીં. પંજાબ બંધને લઈને યુનિયનની બેઠક યોજાઈ હતી જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. યુનિયનના પ્રમુખ રેશમ સિંહે કહ્યું કે, ‘ખેડૂતોએ સવારે 7 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી પંજાબ બંધનું એલાન આપ્યું છે, પરંતુ આખા દિવસની હડતાળ શક્ય નથી. અમે લોકોને પરેશાન કરવા માંગતા નથી. આ કારણથી હું ખેડૂતોને ચાર કલાક સમર્થન આપીશ.’

## શું ઈસ્લામમાં નવા વર્ષની ઉજવણી પર પ્રતિબંધ છે?

### મુફ્તી શમૂને કહ્યું, “આ મૌલાનાઓના નિવેદનો કૂવા અને દરિયા જેવા છે કે અમે કૂવો અને તમે દરિયો છો



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

નવા વર્ષ પહેલા એક ફતવો બહાર પાડવામાં આવ્યો છે જેમાં ઉજવણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે બાદ એવી ચર્ચા છેડાઈ છે કે શું ઈસ્લામમાં નવા વર્ષની ઉજવણી હરામ છે? ચાલો આ પ્રશ્નનો જવાબ શોધવાનો પ્રયત્ન કરીએ. નવું વર્ષ શરૂ થવાનું છે. ભારતમાં તેમજ સમગ્ર વિશ્વમાં નવા વર્ષની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. આ નવું વર્ષ ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ ઉજવવામાં આવે છે. કેટલાક દાયકાઓ પહેલા સુધી, ભારતમાં પણ તેના માટેનો ઉત્સાહ હવે જેવો નથી. એવું કહી શકાય કે વર્ષ 2000 પહેલા નવા વર્ષની ઉજવણી ભારત અને પશ્ચિમી દેશોના મોટા શહેરો સુધી મર્યાદિત હતી. ભારતમાં સંસ્કૃતિ અને ધર્મને ખૂબ મહત્વ આપવામાં આવે છે. ભારતના સૌથી મોટા ધર્મ હિંદુ ધર્મનું નવું વર્ષ વિક્રમ સંવત કેલેન્ડર મુજબ ઉજવવામાં આવે છે અને બીજા સૌથી મોટા ધર્મ ઈસ્લામનું નવું વર્ષ હિજરી કેલેન્ડર અનુસાર ઉજવવામાં આવે છે. ધાર્મિક કટ્ટરતાની તરફેણ કરનારાઓ માટે ભારતમાં ગ્રેગોરિયન કેલેન્ડરનો ઉપયોગ કરીને નવા વર્ષની ઉજવણી કરનારા લોકો પર પ્રશ્નો ઉઠાવવા એ આશ્ચર્યજનક નથી. તાજેતરમાં, બરેલીના દારુલ ઈફ્તાના વડા અને મુસ્લિમ જમાતના પ્રમુખ મૌલાના શહાબુદ્દીન રઝવીએ નવા વર્ષની ઉજવણી, શુભેચ્છાઓ અને પાર્ટીઓને ઈસ્લામમાં ગેરકાયદેસર જાહેર કરતો ફતવો બહાર પાડ્યો હતો. રવિવારે સહારનપુરમાં જમિયત દાવાતુલ મુસલમીનના સંરક્ષક મૌલાના કારી ઈશાક ગોરાએ પણ આવું જ નિવેદન આપ્યું હતું.

**નવા વર્ષની શુભેચ્છા કેવી રીતે આપવી?** નવા વર્ષની ઉજવણી બંધ કરવા અભિનંદન આપવાના નિવેદનો પર, ઉત્તરાખંડ મદરેસા બોર્ડના અધ્યક્ષ મુફ્તી શમૂને ટીવી 9ને કહ્યું કે ઈસ્લામ દરેકના હૃદયની ખુશીની વાત કરે છે અને દરેકને સાથે લેવાની વાત કરે છે, આ સંદર્ભમાં ઈસ્લામ કોઈની ખુશી અને દુખની મંજૂરી આપે છે તેમાં ભાગ લેવા સૂચના આપે છે.

### ■ નવા વર્ષની ઉજવણી અને બિન-ઈસ્લામિક ઉજવણી

નવા વર્ષની પાર્ટીઓમાં સંગીત, નૃત્ય અને આલ્કોહોલ મોટાભાગે પ્રચલિત હોય છે. આ સવાલ પર મુફ્તી શમૂને કહ્યું કે આ બધું ઈસ્લામિક મૂળભૂત બાબતોની વિરુદ્ધ છે, તેને કોઈપણ સંજોગોમાં મંજૂરી આપી શકાય નહીં. અભિનંદન આપવા અને ઉજવણી કરવાનો અર્થ એ નથી કે બિન-ઈસ્લામિક વસ્તુઓ કરો. ઈસ્લામ ધર્મ અનુસાર, નવા વર્ષને મોહરમ માનવામાં આવે છે, હિજરીનો પ્રથમ મહિનો અથવા મુસ્લિમ ચંદ્ર કેલેન્ડર. મુસ્લિમો આ મહિનો ઉજવતા નથી પરંતુ શોક કરે છે.

### ■ અભિનંદન આપતી વખતે આ ધ્યાનમાં રાખો

તેમણે કહ્યું, “જ્યારે આવી શુભેચ્છાઓ આપવામાં આવે છે, ત્યારે કોઈએ ધ્યાન રાખવું જોઈએ કે તે આ નવા વર્ષ માટે કોઈપણ પ્રકારની આદર અથવા આદરનું ઉદાહરણ ન આપે, અન્યથા ફુકાહામાં ઉલ્લેખિત સજા માટે જવાબદાર રહેશે. આપણે મુસ્લિમ છીએ અને આપણે આપણા જીવનના દરેક સંભવિત ક્ષેત્રમાં આપણી ઓળખ જાળવી રાખવી જોઈએ.

## 40 વર્ષ બાદ ભોપાલ ગેસ કાંડનો કચરો ઉઠાવવાનું શરુ

(એજન્સી) ભોપાલ તા. 30

40 વર્ષ પહેલાં ભોપાલમાં ગેસ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારે હવે 40 વર્ષ બાદ યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાં દબાયેલા ઝેરીલા કચરાને ખતમ કરવાની પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. 377 મેટ્રિક ટન કચરો મધ્યપ્રદેશના ભોપાલથી 250 કિલોમીટર દૂર બાળવાની તૈયારીઓ ચાલી રહી છે. પ્લાન પ્રમાણે ઇન્દોરના પીથમપુરામાં તેને ડિસ્પોઝ કરવામાં આવશે.

મધ્ય પ્રદેશ સરકારે હાઈકોર્ટની ફટકાર બાદ આ કાર્યવાહી હાથ ધરી છે. એક અઠવાડિયા પહેલાં જ મધ્ય પ્રદેશ હાઈકોર્ટે સરકારને ફટકારને લગાવી હતી. હાઈકોર્ટે ભોપાલમાં ફેક્ટરી સાઈડથી કચરો ન હટાવવા પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે સરકારને પૂછ્યું હતું કે, સતત નિર્દેશ આપવા છતાં પણ કચરાનો નિકાલ કેમ કરવામાં નથી આવી રહ્યો? જ્યારે આ અંગે સુપ્રીમ કોર્ટની સાથે-સાથે હાઈકોર્ટે પણ નિર્દેશ જારી કર્યો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું હતું કે, ‘નિષ્ક્રિયતાની સ્થિતિ’ વધુ એક દુર્ઘટનાનું કારણ બની શકે છે.

ઝેરીલા કચરાને ઇન્દોર લઈ જવા માટે સવારમાં GPSથી સજ્જ અડધો ડઝન ટ્રક યુનિયન કાર્બાઇડ ફેક્ટરી સાઈટ પર પહોંચી હતી. તેની સાથે લીક પ્રૂફ કન્ટેનર પણ હતા. ઘટના સ્થળ પર PPE કીટ પહેરેલા કર્મચારીઓ, ભોપાલ નગર નિગમના કર્મચારીઓ, પર્યાવરણીય એજન્સીઓના લોકો, ડૉક્ટરો અને કચરાનો નિકાલ કરનારા નિષ્ણાતો પણ હાજર હતા. ફેક્ટરીની આસપાસ પોલીસ જવાનોને પણ તહેનાત કરી દેવામાં આવ્યા છે.

એજન્સીના સૂત્રોએ જણાવ્યું કે, યોજના હેઠળ ઈન્દોરના પીથમપુરામાં ઝેરી કચરાને બાળવામાં આવશે. આ વિસ્તાર રાજધાની ભોપાલથી લગભગ 250 કિલોમીટર દૂર છે.

### 3 મહિનામાં બળીને રાખ થઈ જશે કચરો!

ડાયરેક્ટર સ્વતંત્ર કુમાર સિંહે જણાવ્યું કે શરુઆતમાં કચરાનો થોડો હિસ્સો પીથમપુરના કચરાના નિકાલ યુનિટમાં બાળવામાં આવશે અને તેમાં કોઈ હાનિકારક તત્ત્વ તો નથી બચ્યા ને તે જાણવા માટે તેના અવશેષો(રાખ)ની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવશે. જો બધું બરાબર રહ્યું તો 3 મહિનામાં કચરો બળીને રાખ થઈ જશે. પરંતુ જો બળવાની ગતિ ધીમી રહી તો 9 મહિના જેટલો સમય લાગી શકે છે. ભટ્ટી સળગતાં કચરામાંથી નીકળતો ધુમાડો 4 લેયર ફિલ્ટરમાંથી પસાર થશે જેથી આસપાસની હવા પ્રદૂષિત ન થાય. આ પ્રક્રિયાની દરેક ક્ષણ રેકોર્ડ કરવામાં આવશે.

**જાહેર સૂચના**

જાહેર જનતાને મોટા પ્રમાણમાં નોટિસ આપવામાં આવે છે કે મારા ક્લાયન્ટ મેસર્સ પ્રોફેક્ટસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ પાસે તેની નોંધાયેલ ઓફિસ B-17, 4થા માળે, આર્ટ ગિલ્ડ હાઉસ, ફોનિક્સ માર્કેટ સિટી, કુર્લા વેસ્ટ, મુંબઈ 400070 (ધિરાણકર્તા/ગીરો) મંજૂર ક્રેડિટ સુવિધા છે. **માનવ કલ્યાણ ટ્રસ્ટ (ઉધાર લેનાર/ગીરો) અને દેવચંદભાઈ પિતાંબરભાઈ પટેલને, જગદીશ પટેલ ,દિલીપ પટેલ , શીતલબેન પટેલ (સહ-ઉધાર લેનાર)** શરતે કે મોર્ટાગાગર મિલકતને ગીરો રાખશે ખાસ કરીને અહીં નીચે લખેલ શેડ્યૂલમાં વર્ણવેલ (**કહેવામાં આવેલ મિલકત**).

ગીરવે મુકનારા પુષ્ટિ કરી છે અને મારા ક્લાયન્ટને જાહેર કર્યું છે કે ગીરોને સીરીયલ નં. 3615 હેઠળ તારીખ 23-09-2004 ના રોજ નોંધાયેલ વેચાણ ડીડ દ્વારા ઉપરોક્ત મિલકત પર ટાઈટલ મળ્યું છે. 1- પટેલ જયંતિભાઈ જેઠાભાઈ, 2- પટેલ શંકરભાઈ દેવાભાઈ, 3- આશિષકુમાર સુરેશચંદ્ર ગુપ્તા દ્વારા માનવ કલ્યાણ ટ્રસ્ટની તરફેણમાં તેના પ્રમુખ દેવચંદભાઈ પિતાંબરભાઈ પટેલ અને મંત્રી શિવરામભાઈ માણેકલાલ પ્રજાપતિ દ્વારા ચલાવવામાં આવ્યો હતો અને ખોટી રીતે વેચવામાં આવ્યો નથી અને ખોટી રીતે વેચવામાં આવ્યો નથી. બાકી રકમ પૂર્ણ કર્યા પછી પણ શોધી શકાય છે ખંત અને ખોટી ફરિયાદ સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ગીરવે મુકનાર આગળ પુષ્ટિ કરી, જાહેર કર્યું અને મારા ક્લાયન્ટને માની લીધું કે ઉપરોક્ત દસ્તાવેજો જમા કરાવનાર કોઈપણ વ્યક્તિ પાસેથી ગીરવે મુકનારા કોઈ ક્રેડિટ સુવિધા મેળવી નથી અને કહ્યું કે મિલકત કોઈ એક ગીરો, લીઝ, લોન, જામીન, નુકશાન, ઉત્તરાધિકાર, રિઝર્વેશનમાં સામેલ નથી. ,સંપાદન, માંગણી અથવા અન્યથા કોઈપણ રીતે અને તમામ અવરોધોથી મુક્ત અને સ્વચ્છ અને વેચાણપાત્ર શીર્ષક અને ગીરો રાખવાનો અને ઉક્ત મિલકત સાથે વ્યવહાર કરવાનો વિશિષ્ટ અધિકાર ધરાવે છે.

**શેડ્યૂલ.**
**(મિલકતનું વર્ણન)**

બિનખેતીની જમીન ધરાવતી આર.એસ. ના સર્વે નં. 259 .દક્ષિણ દ્વારા : સરકારી ખરાબો તો રોડ. દ્વારા પૂર્વ : નેલિયા પછી સર્વે નં. 257 ધરંબા મંદિર .પશ્ચિમ દ્વારા આર.એસ. નં. 258.

**એડવોકેટ હરદેવ ગોસ્વામી**
‘ગ્રાઉન્ડ ફ્લોર‘ ‘શિવ શક્તિ‘ મધુવન સોસાયટી, શેરી નં. 2 બી/ક. આયુષ્માન હોસ્પિટલ, 80 ફૂટ રોડ, .150 ફૂટ રિંગ રોડ પાસે, માડવી, રાજકોટ - 360004.

**કેન્દ્ર સરકારના કર્મચારીઓ કલ્યાણ આવાસ સંગઠન**
(M/o હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ હેઠળ GOI ની સ્વાયત્ત સંસ્થા) 9મો માળ, ’B’ વિંગ, જનપથ ભવન, જનપથ, નવી દિલ્હી - 110 001,Ph - 23717249 /23355408/2332.

**ભોપાલમાં હાઉસિંગ પ્રોજેક્ટ માટે સર્વેની માંગ**

**કેન્દ્ર સરકારના કર્મચારી કલ્યાણ આવાસ સંગઠન** (CGEWHO) એ 1990 માં તેની શરૂઆતથી સમગ્ર ભારતમાં 33 હાઉસિંગ પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. CGEWHO કેન્દ્ર સરકાર, કેન્દ્રીય PSUs, રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો, સ્વાયત્ત કર્મચારીઓ માટે ફક્ત પોસાય તેવા આવાસ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. સંસ્થાઓ, કોર્પોરેશનો અને રાષ્ટ્રીયકૃત બેંકો. .

CGEWHO હવે **ભોપાલ**માં સૂચિત હાઉસિંગ પ્રોજેક્ટ માટે ડિમાન્ડ સર્વે કરી રહ્યું છે. .

**મુખ્ય વિગતો: ₹**
**સ્થાન:** સૂચિત પ્રોજેક્ટ ભોપાલના **હોશંગાબાદ કનેક્ટિંગ રોડ** નજીક **મિસરોડ બારાઈ 45 માસ્ટર પ્લાન રોડ સ્કીમ**માં 4.45- એકર પ્લોટ (પ્લૉટ નંબર BG-22) પર સ્થિત હશે.

**પ્રોજેક્ટનું કદ:** લગભગ **300 નિવાસ એકમો (DUs)** બહુમાળી ઈમારતમાં આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રત્યેક એકમ ત્રણ અથવા ચાર શયનખંડ ધરાવે છે. એકમોનો અંદાજિત સુપર બિલ્ટ-અપ એરિયા (SBA) **1500 થી 2000 ચોરસ ફૂટ સુધી**નો હશે.

**પાત્રતા:** સર્વેક્ષણ ફક્ત કેન્દ્ર સરકાર, કેન્દ્રીય PSUs, રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશો, સ્વાયત્ત સંસ્થાઓ, કોર્પોરેશનો અને રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ માટે ખુલ્લું છે.

**રિઝર્વેશન :** 50% નિવાસ એકમો (DUs) માંગ સર્વેક્ષણના ઉત્તરદાતાઓ માટે અનામત રાખવામાં આવશે, જે અગ્રતાના આધારે ફાળવવામાં આવશે.

**કેવી રીતે અરજી કરવી:**

વિગતો, નિયમો અને શરતો અને અરજી ફોર્મ ડાઉનલોડ કરવા માટે CGEWHO વેબસાઈટ www.cgewho.in ની મુલાકાત લો.
ભરેલા ફોર્મ 30 દિવસની અંદર નીચેના સરનામે પોસ્ટ અથવા ઈ-મેલ દ્વારા સબમિટ કરવાના રહેશે:

**ડેપ્યુટી ડાયરેક્ટર (વહીવટ), CGEWHO**
**'B' વિંગ, 9મો માળ, જનપથ ભવન જનપથ, નવી દિલ્હી - 110 001.**
**ઈ-મેલ : marketingcgewho@gmail.com**

કોઈપણ પ્રશ્નો માટે, તમે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરી શકો છો:

**શ્રી રોશન કિશોર (M) 9560022232,શ્રી નીતીશ ગર્ગ (M) 8826461114.**
CEO CGEWHO કોઈપણ કારણ આપ્યા વિના યોજના અથવા માંગ સર્વેક્ષણને છોડી દેવાનો અધિકાર અનામત રાખે છે.

CBC20105/12/0016/2425

**મુખ્ય કાર્યકારી અધિકારી.**
**CGEWHO**

# સિટી એક્સપ્રેસ

TUESDAY 31 DECEMBER-2024

AHMEDABAD






### ડી.આઇ.જી. સીઆઇડી ક્રાઇમ પરિક્ષીતા રાઠોડે પત્રકાર પરિષદ યોજી અનેક રહસ્યો પરથી પડદો ઉંચક્યો

# 6000 કરોડનું BZ કૌભાંડ તપાસ બાદ 450 કરોડનું થઇ ગયું

(એજન્સી) અમદાવાદ । તા. 30

6000 હજાર કરોડના બીઝેડ પોન્ઝી સ્કિમ કૌભાંડનો મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા હવે પોલીસના સકંજામાં છે. આરોપી ઝાલા હાલ સાત દિવસના પોલીસ રિમાન્ડ પર છે ત્યારે પરિક્ષીતા રાઠોડે ( ડી.આઇ.જી. સીઆઇડી ક્રાઇમ) પત્રકાર પરિષદ યોજી અનેક રહસ્યો પરથી પડદો ઉંચક્યો હતો. બીઝેડ પોન્ઝી સ્કીમ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા પૂછપરછમાં રોકાણની વિગતો આપતાં જણાવ્યું હતું કે રોકાણકારોની વિગતો ઓનલાઇન વેબસાઇટ BZTRADE.in ઉપર રોજેરોજ એન્ટ્રીઓ કરવામાં આવતી હતી. આ BZTRADE.in ના ડેટા મેળવતા BZ GROUP માં કુલ આશરે 11,000 રોકાણકારોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોવાની વિગત મળી આવી છે. આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની વિરૂદ્ધમાં 27 નવેમ્બર 2024ના રોજ ફરીયાદ દાખલ થઇ તે દિવસે મધ્યપ્રદેશ બગલામુખી ખાતે ગયો હતો અને ત્યાંથી પોતાના ફોન સ્વીચ ઓફ કરીને રાજસ્થાનમાં આશરે 15 દિવસ રોકાયો હતો. ત્યારબાદ તેના અન્ય



સાગરીતનો સંપર્ક કરી મહેસાણા જીલ્લાના દવાડા ગામ ખાતે ફાર્મ હાઉસ પર આશરે 14 દિવસ રોકાયો હોવાની વિગતો પ્રાપ્ત થઇ છે.

## ફરિયાદીએ 6000 કરોડ લખાવ્યું હતું, પણ હાલમાં 400 થી 450 કરોડની ફિગર મળી

**ફરિયાદીએ 6000 કરોડ લખાવ્યું હતું, પણ હાલમાં 400 થી 450 કરોડની ફિગર મળી રહી છે. તપાસમાં 3 ક્રિકેટરોના નામ સામે આવ્યા છે તેમના રોકાણ અંગે તપાસ થઈ રહી છે. એક ક્રિકેટરનું રોકાણ 10 થી 25 લાખનું છે. એક કરોડથી વધુ રોકાણ કરનાર 10 જેટલા લોકો છે તેમની તપાસ કરાઈ રહી છે. એજન્ટોના પાન કાર્ડ અને સર્વરની તપાસ કરાઈ રહી છે. ડેટા ડિલીટ થયા હશે તો તેને ડિટેક્ટ કરાશે. આ સમગ્ર મામલે રોકાણકારો પાસેથી તેણે શું આર્થિક લાભ લીધો, કેવી રીતે ટ્રાન્ઝેક્શન કર્યું, સી.એના રોલની તપાસ થશે. જોકે નેતાઓ સાથે સબંધની વાત તપાસમાં સામે આવી નથી.**

આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા પાસેથી તેના 4 જુના મોબાઈલ ફોન તેમજ ગુનો દાખલ થયા બાદ 4 નવા મોબાઈલ ફોન ખરીદ કરી તેમાં નવા 3 સીમકાર્ડ લીધા હતા. જીયોના 3 નવા ડોન્ગલ દ્વારા વોટ્સએપ કોલથી તેના સાગરીતોનો સંપર્ક કરતો હતો. તેના મોબાઈલ ફોનમાંથી BZ GROUP ના મુખ્ય એજન્ટોના નંબરો વોટ્સએપ ચેટની વિગતો મળી આવી છે.




પૂછપરછ દરમિયાન BZ FINANCIAL SERVICES ની કુલ-17 શાખાઓ જેમાં (1) પ્રાંતિજ શાખા (2) હિમંતનગર શાખા (3) વિજાપુર શાખા (4) પાલનપુર શાખા (5) રાયગઢ શાખા (6) ભીલોડા શાખા (7) ખેડબ્રહ્મા શાખા (8) ગાંધીનગર (9) રણાસણ શાખા (10) મોડાસા શાખા (11) માલપુર શાખા (12) લુણાવાડા શાખા (13) ગોધરા શાખા (14) બાયડ શાખા (15) વડોદરા શાખા (16) ડુંગરપુર (રાજસ્થાન) (17) રાજુલા (અમરેલી) ખાતે શાખાઓ ચાલુ કરી હતી. આ શાખાઓ મારફતે રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હોવાની હકિકત જણાવી હતી. તેણે 100 અંદાજે કરોડની આશરે 17 થી 18 મિકલતો વસાવી છે. તેના સગા-સંબંધી, મિત્રો સહિતના લોકોની મિલકતની પણ તપાસ કરાઈ રહી છે. બિટ કોઈન- ડિજીટલ કરન્સીમાં રોકાણ કર્યું છે કે નહીં તેની તપાસ ચાલુ છે.

આ ગુનામાં અત્યાર સુધી 8 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

# 31stની ઉજવણી વચ્ચે પોલીસે બનાવ્યો ખાસ એક્શન પ્લાન

### શહેરની તમામ શંકાસ્પદ હોટલો, સતત વાહન ચેકિંગ, કોમ્બીગ કરવાની સાથે લિસ્ટેડ બુટલેગરો પર સર્વેલન્સ

(એજન્સી) અમદાવાદ । તા. 30

31મી ડિસેમ્બરની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર પોલીસ દ્વારા વિવિધ એક્શન પ્લાન બનાવવામાં આવ્યા છે. જેમાં શહેરની તમામ શંકાસ્પદ હોટલો, ફાર્મ હાઉસ પર વોચ રાખવા,સતત વાહન ચેકિંગ, કોમ્બીગ કરવાની સાથે લિસ્ટેડ બુટલેગરો અને ડ્રગ્સના ગુનાઓ સાથે સંકળાયેલા આરોપીઓ પર સર્વેલન્સ રાખવા માટે વિશેષ સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત 31stની ઉજવણીને લઈ અમદાવાદ પોલીસે બનાવ્યો ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. જેમાં 6,000 જેટલા પોલીસકર્મી બંદોબસ્તમાં તહેનાત રહેશે, આ સાથે 500 બ્રેથ એનેલાઇઝર સાથે પોલીસકર્મી તહેનાત રહેશે.



### ચેકિંગ અને કોમ્બિંગ કામગીરી માટે તાકીદ કરાઇ

31મી ડિસેમ્બરની ઉજવણી દરમિયાન અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા એક્શન પ્લાન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ખાસ સુચના આપવામાં આવી છે કે અગાઉ પોલીસ દરોડા પડ્યા હોય તે હોટલો, ફાર્મ હાઉસ તેમજ ઝડપાયેલા આરોપીઓ પર વોચ રાખવી. આ ઉપરાંત, શહેરના તમામ ડીસીપી, એસીપી, પોલીસ ઈન્સ્પેક્ટરોને તેમના સ્ટાફ સાથે વાહન ચેકિંગ અને કોમ્બિંગ કામગીરી માટે તાકીદ કરાઈ છે.

### સંવેદનશીલ વિસ્તારમાં પણ પોલીસ બંદોબસ્ત

અગાઉ પોલીસ તપાસમાં હેલ્મેટ વગર અને ગાડીના કાચમાં બ્લેક ફિલ્મ લગાવેલી ગાડીઓને રોકીને તપાસ કરવામાં આવી હતી. જ્યારે કારના કાચ પર બ્લેક ફિલ્મ લગાવેલી હોય તેવી કારમાંથી બ્લેક ફિલ્મ પણ દૂર કરી હતી. ત્યારે હવે લિસ્ટેડ બુટલેગરો સામે વધુ કેસ કરવા સૂચના અપાઈ છે. CG રોડ, SG હાઈવે, સિંધુ ભવન રોડ પર પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત રહેશે. પાર્ટી પ્લોટ, ક્લબનાં આયોજકો સાથે પોલીસે બેઠક કરી છે. મહિલા સુરક્ષા માટે SHE ટીમ તહેનાત રહેશે.

## અંબાલાલ પટેલની આગાહી, બરાબર તહેવાર ટાણે આવશે માવઠુ

### વધુ એક માવઠાનું સંકટ

(એજન્સી) અમદાવાદ । તા. 30

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વધુ એક માવઠાની આગાહી કરી છે. રાજ્યમાં ઉત્તરાયણના દિવસે કમોસમી વરસાદ થવાનુ અનુમાન સેવાઈ રહ્યુ છે. આ દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ પડવાની આગાહી છે. જેમા મુખ્યત્વે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદ થવાની શક્યતા છે. આ સાથે કચ્છ, પંચમહાલના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની પણ સંભાવના છે.અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ રાજ્યમાં જાન્યુઆરી મહિનામાં હવામાનમાં ભારે પલટો આવશે. રાજ્યમાં 4 થી 8 જાન્યુઆરીમાં ગુજરાતમાં ઠંડી પડવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં ભારે ઠંડી પડવાની સંભાવના છે. વલસાડ અને જામનગરના ભાગોમાં કાતિલ ઠંડી પડવાની આગાહી છે.

### ગુજરાતના ખેડૂતોને રાહત

## સરકારે જમીન રિ-સરવેની મુદત વધારી, 31 ડિસેમ્બર 2025 સુધી અરજી કરી શકાશે

(એજન્સી) ગાંધીનગર । તા. 30

ગુજરાત સરકારે જમીન રિ-સરવેને લઇને મહત્ત્વનો નિર્ણય લીધો છે. રિ-સરવે રેકોર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતિઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આવતીકાલે પૂર્ણ થતી મુદતમાં વધારો કરીને હવે 31-12-2025 સુધી કરવામાં આવી છે. એટલે 31 ડિસેમ્બર 2025 સુધી અરજી કરી શકાશે. જમીન રિ-સરવેની કામગીરીમાં અનેક પ્રકારની ભૂલો સામે આવી હતી, જેના લીધે ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને ખેડૂતોએ સરકાર સામે ભારે વિરોધ પણ નોંધાવ્યો હતો. આખરે સરકારે આ ક્ષતિઓને દૂર કરવા માટે એક વર્ષ



સુધીનો સમય વધાર્યો છે. રાજ્યમાં ખેતીની જમીનની સેટેલાઇટથી માપણી કરી રિ-સર્વે થયા બાદ રાજ્યના તમામ જિલ્લામાં લાખો ખેડૂતોના સાતબારમાં ગંભીર ક્ષતિઓ થવાના ઉઠેલા સવાલો સાથે અસંખ્ય ખેડૂતોને રિ-સરવે બાદ સાત બારમાં જમીનના ક્ષેત્રફળ ઘટી જવા, સ્થળ સ્થિતિના નકશામાં ફેરફાર થવો, કબજેદારના નામમાં ભૂલો થવી જેવી અસંખ્ય ક્ષતિઓ થતા જે તે સમયે ખેડૂતોએ આ બાબતે ક્ષતિ સુધારણા રજિસ્ટરમાં નોંધ કરાવી છે. તથા જિલ્લા જમીન દફતર કચેરી તથા મામલતદાર કચેરીમાં ક્ષતિ સુધારણા માટે અરજીઓ કરી છે. આમ છતાં, ઘણાં ખેડૂતોને વાંધા અરજી કરવાની બાકી રહી છે તેવા ખેડૂતોને હવે એક વર્ષનો સમય મળી ગયો છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે ખજાનો ખોલ્યો છે. 17 નગરપાલિકા, 7 મહાનગર પાલિકા અને 3 શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ માટે 1 હજાર કરોડ રૂપિયાની ફાળવણીને મંજૂરી

# વિકાસના કામ માટે મુખ્યમંત્રીએ ખોલ્યો ખજાનો



**૧૭ નગરપાલિકાઓ - ૭મહાનગરપાલિકાઓ અને ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને વિવિધ વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં ૧૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા**

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતના વર્લ્ડ ક્લાસ ડેવલોપમેન્ટને પરિણામે વધતા જતા વ્યાપાર-ઉદ્યોગને કારણે વધી રહેલા શહેરીકરણ અને શહેરોમાં ઉત્તરોત્તર વધતી જન સંખ્યાની સુવિધા સુખાકારી માટે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે આ યોજનાની સફળતાને પગલે ૨૦૨૬-૨૭ સુધી તેને ચાલુ રાખી છે. મુખ્યમંત્રીએ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત આ ૧૦૦૦.૮૬ કરોડ રૂપિયાના બહુવિધ કામો માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧.૩૭ કરોડ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બોરાઈ નગરપાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુકશાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઈ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગરપાલિકાઓ જુનાગઢને રૂ. ૨૫ કરોડ, જામનગરને રૂ. ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને રૂ. ૫૪.૮૮ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકમાં ૭૦:૨૦:૧૦ના ફાળા સાથે ખાનગી સોસાયટીઓમાં પેવર બ્લોક, ઘરગટર જોડાણ, પાણીની પાઈપલાઈન નાખવા જેવા વિવિધ કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવી છે.આ ઉપરાંત વડોદરા અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કુલ ૧.૬૦ કરોડ ઉપરાંત ‘બ’, ‘ક’ અને ‘ડ’ વર્ગની નગરપાલિકાઓ ધાનેરા, વિરમગામ, દ્વારકા, આણંદ, કડી, નડિયાદ અને માણસા માટે કુલ ૩૪.૭૮ કરોડ CMએ મંજૂર કર્યા છે.

## થરા નગરપાલિકાને ગાર્ડન એન્ડ એમ્યુઝમેન્ટ પાર્ક માટે ૪ કરોડ રૂપિયા મુખ્યમંત્રીએ મંજુર કર્યા

આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૬૧,૯૭૭ કરોડ રૂપિયાનું બજેટ પ્રાવધાન થયેલું છે. રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને આંતરમાળખાકીય વિકાસના ૬૭,૩૬૦ કામો મંજૂર કરીને રૂ. ૩૨,૬૪૭ કરોડ ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત મહાનગરો-નગરો મળી કુલ ૬૪૬૨ કામો માટે રૂ. ૩૧૧૦.૩૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારના ૧૨૧૪ કામો માટે રૂ. ૧૮૮૭.૫૬ કરોડ ચૂકવવામાં આવેલા છે.એટલું જ નહીં, આગવી ઓળખના ૨૦૧ કામો માટે રૂ. ૧૫૯૧.૧૧ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. નગરો, મહાનગરોમાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાના ૪૩,૮૦૪ કામોને મંજૂરી આપીને રૂ. ૨૪૩૧.૫૧ કરોડની ગ્રાન્ટ આવા લોકહિત કામો માટે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે.

### અમદાવાદ રેલવે સ્ટેશનના રિનોવેશનના ભાગરુપે, બે રેલવે ઓવરબ્રિજ પણ નવા બનાવાશે

# સારંગપુરનો રેલવે ઓવરબ્રિજ દોઢ વર્ષ સુધી રહેશે બંધ

(એજન્સી) અમદાવાદ। તા. 30

અમદાવાદ રેલવે સ્ટેશનના રિનોવેશનના ભાગરુપે, અમદાવાદના બે રેલવે ઓવરબ્રિજ પણ નવા બનાવાશે. જેમા સારંગપુર અને કાલુપુર રેલવે ઓવરબ્રિજનો સમાવેશ થાય છે. પહેલા તબક્કામાં સારંગપુર રેલવે ઓવરબ્રિજ આગામી 2 જાન્યુઆરીથી દોઢ વર્ષ માટે વાહનવ્યવહારની અવર જવર માટે બંધ કરવામાં આવ્યો છે. આ બ્રિજ ઉપરથી ઓઢવ, રખિયાલ, ગોમતીપુર, બાપુનગર, નિકોલ, નરોડા તરફથી આવતા અને જતા વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા માટે જણાવવામાં આવ્યું છે.છે. તેનું ભાડું રાજધાની જેટલું જ હશે.અમદાવાદ શહેર પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, સારંગપુર ઓવરબ્રિજ આગામી 2 જાન્યુઆરીથી લઈને, 30મી જૂન 2026 સુધી વાહનવ્યવહાર માટે બંધ રહેશે.



### પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામું

પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, સારંગપુર ઓવરબ્રિજ આગામી 2 જાન્યુઆરીથી લઈને, 30મી જૂન 2026 સુધી વાહનવ્યવહાર માટે બંધ રહેશે. આ બ્રિજ બંધ રહેવાના કારણ ઓઢવ, રખિલાય, બાપુરનગર, ગોમતીપુર, બાપુનગર, નરોડા, નિકોલ સહિતના વિસ્તારના લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા જાહેર કરાઈ છે. આ જાહેરનામાના પગલે, અમદાવાદ મ્યુ. ટ્રાન્સપોર્ટ સર્વિસની બસ, બીઆરટીએસ બસને પણ વૈકલ્પિક માર્ગે દોડાવવી પડશે.


**નવા વૈકલ્પિક માર્ગો**

**1** ગીતા મંદિર, ખાડિયા, ગાંધીરોડ અને કોટવિસ્તાર સહિત અમદાવાદ શહેરમાંથી આવતા-જતા વાહનચાલકોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન પાસે થઈને, વાણિજ્યભવન થઈન અનુપમ-અંબિકા ઓવરબ્રિજ પર આવવા જવાનું રહેશે.

**2** રખિયાલ ઓઢવ તરફથી આવતા -જતા વાહનચાલકોએ રખિયાલ ચાર રસ્તાથી ન્યુકોટન ચાર રસ્તા થઈને અનુપમ-અંબિકા ઓવરબ્રિજ આવવા જવાનું રહેશે.

**3** રખિયાલ ઓઢવ તરફથી આવતા-જતા વાહન ચાલકોને કાલુપુર બ્રિજ-કાલુપુર સર્કલ જવા આવવા માટે, કામદાર મેદાન, ચારતોડા કબ્રસ્તાન થઈને સરસપુર ગુરુદ્વારા થઈને કાલુપુર ઓવરબ્રિજ પર આવ જા કરી શકાશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરના મુખ્ય બસ મથકની ઓચિંતી મૂલાકાતે





ગાંધીનગર : મુખ્યમંત્રીશ્રીએ બસ મથકની સ્વચ્છતા-સફાઈનું નિરીક્ષણ કર્યુ હતુ. તેમજ કંટ્રોલ રૂમ અને ટીકિટ વિન્ડોની કામગીરી ઝીણવટ પૂર્વક નિહાળી અને બસ મથકમાં મુસાફરો સાથે વાતચીત કરીને તેમને મળતી સુવિધાઓની વિગતો પણ મેળવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કોઈપણ પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ વિના અચાનક જ ગાંધીનગરના મુખ્ય બસ મથકે અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ સાથે પહોંચ્યા હતા અને મુસાફરો, સામાન્ય નાગરિકો તથા એસ.ટી. બસ મથકમાં ફરજ પરના કર્મયોગીઓ સાથે સંવાદ કરીને જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સરકારી કચેરીઓ, બસ મથકો વગેરેમાં રાજ્યના નાગરિકોને મળતી સેવા- સુવિધાઓની નિયમિતતા અને ગુણવત્તા ચકાસવા માટે અવાર-નવાર ઓચિંતી મૂલાકાતનો આ ઉપક્રમ અપનાવ્યો છે.